વર્ષ ૧૭ * વીર સં. ૨૪૮૭ * જાન્યુઆરી
અંક ૧૧ * વિ. સં. ૨૦૧૭ * ૧૯૬૧

જૈન સંસ્કૃતિનું

સંદેશવાહક

તંત્રીઃ સોમચંદ ડી. શાહ

ધર્મ, સમાજ, સાહિત્ય અને સંસ્કારનું અદ્યતન માસિક.

# વિષય દર્શન


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ઉઘડતે પાને : | સં. | ૮૦૧ |
| કાયા પલટ : | વૈદ્ય મોહનલાલ ચુ. ધામી | ૮૦૩ |
| કાનજી મતની સમીક્ષા : | પં. શ્રી સૂરચંદ્રજી ડાંગી | ૮૦૫ |
| શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થની અતિ પ્રાચીનતા : | પં. શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ | ૮૦૯ |
| જૈન દર્શનનો કર્મવાદ : | શ્રી ખુબચંદ કેશવલાલ શિરોહી | ૮૧૩ |
| વેરાયેલાં વિચારરત્નો : | પૂ. પં. શ્રી કનકવિજયજી ગ. | ૮૧૮ |
| રામાયણની રત્નપ્રભા : | શ્રી પ્રિયદર્શન | ૮૨૧ |
| સમ્યગ્દર્શન : | શ્રી મફતલાલ સંઘવી | ૮૨૯ |
| મનન અને ચિંતન : | ડૉ. શ્રી વલ્લભદાસ નેણશીભાઇ | ૮૩૧ |
| કુલદીપક : | શ્રી સૂર્યશિશુ | ૮૩૩ |
| આરોગ્ય અને ઉપચાર : | વૈદ્યરાજ કાંતિલાલ દેવચંદ શાહ | ૮૪૧ |
| વિનાશનાં તાંડવ : | પૂ. મુ. શ્રી નિત્યાનંદવિજયજી મ. | ૮૪૫ |
| મનન માધુરી : | શ્રી વિમર્શ | ૮૫૦ |
| સંસાર ચાલ્યો જાય છે. : | વૈદ્ય મો. ચુ. ધામી | ૮૫૩ |
| શ્રી સમેતશિખર મહાતિર્થની પ્રતિષ્ઠા મુહુર્ત : | પૂ. મુ. શ્રી મુનીંદ્રસાગર | ૮૬૧ |
| સમાચારસાર : | સંકલિત | ૮૬૪ |


## ઉપયોગી સૂચન

'કલ્યાણ'ની ફાઇલો હવે જુજ છે ૧લા ત્રણ વર્ષની ફાઇલો મળતી નથી વર્ષ ૪ થી ૧૬ સુધીની મળે છે. દરેક ફાઈલના રૂા. ૫-૫૦ ખર્ચ અલગ.

*

કલ્યાણ માસીકમાં ગીતો, સ્તવનો, પદ્યો કે કાવ્યો લેવાનો નિયમ નથી. લેખો પણ કાગળની એક બાજુએ લખીને મોકલો.

'સમાચાર સાર' વિભાગમાં દરેક ધાર્મિક સમાચારો ટૂંકમાં લેવાય છે તો સમાચારો બને તેટલા મુદ્દાસર અને ટૂંકા લખવા

❀

પત્રવ્યવહાર કે મનીઓર્ડર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

❀

લવાજમ પુરૂં થયે આપને ખબર આપવામાં આવે છે તો ઢીલ કર્યા સિવાય લવાજમ મનીઓર્ડરથી મોકલી આપવું. વી. પી. થી નાહક દશ આનાનો વધુ ખર્ચ આવે છે.

❀

નવા દશ ગ્રાહક બનાવી આપનારને 'કલ્યાણ' એક વર્ષ ફ્રી મોકલાવાશે.

❀

ટાઈટલ પેજ ઉપર છાપવા માટે તીર્થના ફોટાઓ કે બ્લોકો સારા હોય તે જ મોકલવા વિનતિ છે.

❀

આફ્રિકામાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયાની ખબર અપાય છે. ક્રોસ સિવાયના પોસ્ટલ ઓર્ડર કે મનીઓર્ડરથી લવાજમ મોકલી આપવા વિનંતિ છે.

❀

અંક ન મળ્યાની ફરીયાદ ૨૮મી પછી કરવી. દરેક અંક અંગ્રેજી મહિનાની ૨૦મી તારીખે પ્રગટ થાય છે.

# ઉઘડતે પાને

ઈસુનું ૧૯૬૦ મું વર્ષ વિદાય થયું, ને ૬૧ મા વર્ષનું પ્રભાત ઉગી ગયું છે. યૂરોપ કે એશીયાના પ્રત્યેક દેશની પરિસ્થિતિનો વિચાર કરતાં સ્પષ્ટ રીતે જણાઈ આવે છે કે, વીતેલા વર્ષ દરમ્યાન વિશ્વ કેવળ ભારે તંગદિલીની વચ્ચેથી જ પસાર થઇ રહ્યું છે. આફ્રિકાના દેશો કોંગો, આલ્જીરીયા, લાઓસ, ઇત્યાદિ હજુ ભારેલા અગ્નિની જેમ યુધ્ધના દાવાનલ વચ્ચે શેકાઇ રહ્યા છે. તેજ રીતે યુરોપમાં અમેરિકા, રશિયા, ફ્રાંસ, જર્મન કે ઇંગ્લેંડ આ બધા યુરોપના મોટા રાષ્ટ્રો આજે એક યા બીજી રીતે અશાંતિ, અવિશ્વાસ તથા અહંભાવના અનિષ્ટોથી ઘેરાઇ રહ્યા છે. ચીન, જાપાન, ઇજીપ્ત કે ઇરાન, નેપાળ અને સીલોન, બર્મા કે અફઘાન આ એશીયાઈ દેશો પણ શાંતિનો દમ લઇ શકતા નથી. જગતની ચોમેર આ રીતે આજે તો અશાંતિ, અવિશ્વાસ તથા વૈમનસ્યનો આતશ ભડકે બળી રહ્યો છે.

**ભા**રત અને પડખેના પાકીસ્તાન વચ્ચે પણ આજે વર્ષો થયા તંગદિલી વધતી જ રહી છે. ભારતની ગમે તેટલી તે વિષયમાં શુભ નિષ્ઠા કે નમતું મૂકવાની ઉદારવૃત્તિ હોય છતાં પાકીસ્તાને ભારતની સાથે તેનાં સૌજન્ય કે શુભ નિષ્ઠાના વળતરરૂપે કેવળ બાહ્ય ઉપચારથી પણ સજ્જનતા દેખાડી નથી. ઉલટું; દેશ કે પરદેશમાં; એશીયા કે યુરોપમાં ભારતનું ઘસાતું બોલવામાં સ્હેજપણ તેણે કચાશ રાખી નથી. એજ રીતે ભારતની સાથે લાલચીને પણ પોતાની રીંછ પ્રકૃતિ અવાર-નવાર બતાવ્યા જ કરી છે. ભારતની સરહદ પરનો હજારો માઇલોનો વિસ્તાર તેણે પચાવી પાડયો છે. છતાં ચોર કોટવાલને દંડે તે રીતે તે લાલ ચીન ભારતની સાથે વારેજ તહેવારે દાંત કચકચાવી રહ્યું છે. ભારતના સત્તાધીશોએ તો પોતાનું સૌજન્ય તેને યુનોમાં દાખલ કરાવવા માટેના પ્રયત્નો દ્વારા પણ દર્શાવેલ છે.

**આ** બધી આંતરરાષ્ટ્રીય નીતિ અને રીતિમાં ભારતનાં વર્તમાન તંત્રવાહકોની સાથે એટલો આપણને મતભેદ નથી. પણ ભારતના સત્તાધીશો ભારતના ધાર્મિક તથા સામાજિક પ્રશ્નોમાં જે રીતે માથું મારે છે, ને અનેક પ્રકારના દિ' ઉગ્યે નવા ને નવા કાયદાઓ દ્વારા ભારતીય પ્રજાના વ્યકિતગત કે સમષ્ટિગત સ્વાતંત્ર્ય પર, તેના અધિકારો પર જે હસ્તક્ષેપ કરીને અત્યાચાર કરી રહ્યા છે, તેની સામે અમારો નમ્ર છતાં મકકમ વિરોધ છે. ધર્માદા ટ્રસ્ટ એકટ, કોડબીલ, ઇત્યાદિ કાયદાઓ કેવલ ભારતની અમુક જ પ્રજા પર લાદવાના જે પ્રયાસો વર્તમાન કોંગ્રેસી તંત્ર દ્વારા થઇ રહ્યા છે, તે પોતાને બીનસાંપ્રદાયિક કહેવડાવનાર સત્તાને કદી શોભે ખરા? તદુપરાંત જે ઘોર હિંસા આજે ભારતના પ્રાંતે-પ્રાંતમાં ઇરાદાપૂર્વક વધારવામાં આવી છે, લોકોને અનાજ ખાવાનું બંધ કરાવીને 'માછલા વધુ ખાઓ' 'માંસ વધુ ખાઓ' તથા 'ઇંડા વધુ ખાઓ'નો પ્રચાર આજે કોંગ્રેસના તંત્રમાં જે રીતે થઈ રહ્યો છે, તે પોતાને અહિંસક માનનારી સરકાર માટે કેટ-કેટલો વધતો વ્યાઘાત જેવું છે!

હવે નજીકમાં ચુંટણી આવી રહી છે. ભારતીય સંસ્કૃતિના પ્રેમી પ્રજાજનોએ પોતાનો મત કોને આપવો ને કોને નહિ આપવો તે હવે નક્કી કરવાનું છે જો તમો અહિંસા તથા ભારતીય સંસ્કૃતિના પ્રાણસમા તપ, ત્યાગના આદર્શને ધર્મ તથા ધર્મના પ્રાણભૂત પાપ-પુણ્યની ફીલોસોફીને માનતા હો તો ભલભલા ચમરબંધીને પણ તેનાથી વિરૂદ્ધ વર્તન કરનાર પક્ષનો ઉમેદવાર હોય તો ના પાડી દેશો! મત એ આપણી પોતાની પવિત્ર તથા સ્વતંત્ર મિલ્કત છે, મૂડી છે; તેને કેમ ખરચવી? ક્યાં ખરચવી? ને કેવી રીતે ખરચવી? તેમાં આપણે સર્વતંત્ર-સ્વતંત્ર છીએ! જો, જો, ભૂલતા નહિ, તમારા મતદ્વારા, તમારી આંગળી ઉંચી થવાથી ચૂંટાઇને ખુરશી પર બેઠેલાઓ, ઘોર હિંસા અસાંસ્કૃતિક તથા અધાર્મિક તત્ત્વો ઇત્યાદિનો જે પ્રચાર કરે તે બધાયની જવાબદારી તમારી છે, તે ખ્યાલ રાખીને આગામી ચૂંટણી જંગમાં તમારો મત આપતાં વિચાર એક નહિ એકસો વાર કરજો!

હમણાં તાજેતરમાં વસતિ ગણતરી ભારતમાં થનાર છે, જાતિ કે ધર્મ તરીકે તમે **જૈન** છો, એ ખ્યાલ રાખીને તમારૂં નામ **જૈન** તરીકે નોંધાવજો! ભૂલશો નહિ; આજના રાજ્યતંત્રમાં તમારે **જૈન** તરીકે દરેક સ્થળે ઉભા રહેવાનું છે, એ હકીકતને કદિ ભૂલશો નહિ: **તમે જૈન છો, ને જૈન તરીકે આજના સ્વતંત્ર ભારતમાં જીવવામાં ગૌરવ લેજો!** જેઓ પોતાને બહુ ઉદારવાદી કહેવડાવીને ભારતીય કહેવડાવવા દ્વારા **જૈન** તરીકે કહેવડાવવામાં સંકુચિતતા માને છે, તેઓ ભીંત ભૂલે છે. યાદ રાખો! તમારા વ્યાજબી અધિકારો, ન્યાયી માગણીઓ તથા તમારૂં ગૌરવ અને તમારૂં વ્યક્તિત્વ આજના રાજ્યતંત્રમાં તમારે સાચવવું હશે તો તમારૂં નામ નોંધાવતી વખતે **તમો જૈન તરીકે તમારી ઓળખાણ આપશો. તમે સર્વ પહેલા જૈન છો, એ હકીકતને ફરી ફરી યાદ રાખશો!**

**આ** અને આના જેવા અનેક પ્રશ્નોમાં સમાજને અનેક રીતે માર્ગદર્શન મક્કમપણે આપવાના અમારા ઉદ્દેશને અનુરૂપ અમે પ્રગતિ કરતા રહીએ તે માટે તમારા સહકારની તથા તમારા આત્મીયતાપૂર્વકના મમતાભાવની અમે અપેક્ષા રાખીએ છીએ! અમારા અંતરમાં હંમેશને માટે એજ એક ભાવના રમી રહી છે; 'शिवमस्तु सर्वजगतः' જગતના સર્વ કોઈ આત્માઓનું સર્વત્ર સર્વદા સર્વરીતે કલ્યાણ હો, મંગલ હો, ને શ્રેય હો, 'કલ્યાણ'ની આ ભાવના 'કલ્યાણ'ના પ્રચાર દ્વારા સફલ બનો! એજ એક શુભ કામના!


**કલ્યાણ માસિકની ૩૬૦૦ નકલ પ્રગટ થાય છે તો આપના ધંધાની જાહેરખ આપી સહકાર આપશો. જાહેર ખબરના દર**

| | ૧ માસ | ૩ માસ | ૭ માસ | બાર માસ |
|---|---|---|---|---|
| ૧ | ૩૦, | ૭૫, | ૧૨૫, | ૨૦૦, |
| ૧/૨ | ૨૦, | ૫૦, | ૭૫, | ૧૨૫, |
| ૧/૪ | ૧૩, | ૩૦, | ૫૦, | ૭૫, |
| ૧/૮ | ૮, | ૨૦, | ૩૦, | ૫૦, |

લખો.
**કલ્યાણ પ્રકાશન મંદિર**
**પાલીતાણા**
(સૌરાષ્ટ્ર)

વર્ષ : ૧૭ ⊙ અંક : ૧૧

# કલ્યાણ

પોષ ⊙ ૨૦૧૭

## કાયા-પલટ

વૈદ્યરાજ
શ્રી મોહનલાલ ચુ. ધામી

ભારતવર્ષની કાયા પલટી રહી છે.

ઉદ્યોગો વધી રહ્યા છે; બેકારી પણ વધી રહી છે.

મોજશોખનાં સાધનોની વિપુલતા ઝળહળી રહી છે—વ્યભિચાર, બળાત્કાર અને જાતીય વિકારની ભૂતાવળ પણ જાગી રહી છે.

ગામડાંઓને વિકાસના વાઘા પહેરાવાઈ રહ્યા છે....ગ્રામજીવનની નિર્દોષ મસ્તીની લોહી નિંગળતી કાયા પર.

દાકતરો, દવાખાનાઓ અને દવાઓ ઢગલાબંધ વધી રહી છે....જનતાના આરોગ્ય ને રોગની ભૂતાવળ પણ ભીંસી રહી છે.

છૂતાછૂતના ભેદભાવને દેશવટો મળી રહ્યો છે....માનવી માનવી વચ્ચે પ્રેમ અને વાત્સલ્યની જે ગાંઠ હતી તે તૂટી રહી છે.

લોકજીવનમાં ભૌતિક સુખની એક ન મીટાવી શકાય એવી પિપાસા તીવ્ર બની રહી છે. એ સુખને પહોંચી વળવા ખાતર ચોરી, લૂંટ, ભેળસેળ અને દગાખોરી પણ વધી રહી છે.

અનેકવિધ કાયદાઓ કેવલ લોકકલ્યાણના પાયાને મજબૂત રાખવા ખાતર દિવસે દિવસે વૃદ્ધિ પામી રહ્યા છે અને સાથોસાથ કાયદામાંથી ઉત્પન્ન થતા ઝઘડાઓ ન્યાય-મંદિરના પગથીયે કલરવ મચાવતા હોય છે.

દેશની કાયા પલટી રહી છે.

ગઈકાલે શુદ્ધ ઘી, ચોકખું દૂધ, ચોકખી છાસ અને ચોકખું અનાજ વગેરે દ્રવ્યો વિપુલ પ્રમાણમાં સહેલાઈથી પ્રાપ્ત થતાં હતાં; આજ શુધ્ધ ઘીની સોડમ પણ લોકો ભૂલવા માંડયાં છે....પરદેશી પાવડરના દૂધની ગંગા શરૂ કરવામાં આવી છે....ગરીબોની છાસ ગરીબો ખરીદી ન શકે એટલી કિંમતે વેચાતી હોય છે, ચોક્ખા અનાજમાં મોટી ભેળસેળ ચાલી રહી છે.

આ રીતે દેશની કાયા પલટી રહી છે.

નાના ગામડાંઓ, એ ગામડાંનાં સાદાં ઝુંપડાંઓ, એ સાદા ઝુંપડાઓમાં ધબકતાં નિર્દોષ જીવન. આ બધું આજે એક સ્વપ્ન બની ચૂકેલ છે. આજ મોટાં મકાનો ને ઝાક-ઝમાળ પાછળ માનવીનું સમગ્ર મન પરોવાઇ ચૂકયું છે.

ત્યાગ એ આ દેશનો પાયાનો આદર્શ હતો. ત્યાગીને જનતા મસ્તક નમાવતી હતી. આજ વધારેમાં વધારે લુચ્ચાઈ પચાવી જનારા માણસોને લોકો વંદના કરતા હોય છે.

સત્ય ખાતર મરી ફીટવું, વચન ખાતર ફના થઇ જવું એવા પ્રાચીન કાળના ગાંડપણ (!) ના સ્થળે આજનું વૈજ્ઞાનિક ડહાપણ પોતાનું સ્થાન લઇ રહ્યું છે. આ ડહાપણનો મુખ્ય હેતુ એક જ છે....સત્યના લેબાસમાં અસત્ય ગોઠવવું. વચન આપવાં અને કદી તેનું પાલન ન કરવું.

આ ધરતીની કાયા પલટી રહી છે!

સતી નારીના જીવન એ આપણું ગીત હતું, જીવતરનું પ્રતિક હતું. આજ વારયોષિતાઓ અને નટ–નટીઓનાં જીવનમાં છૂપાયેલી મદઘેલી ફોરમ આપણા જીવનનું મંગળ બનેલ છે. સતીઓ કરતાં નટીઓની પૂજામાં આપણી મનોવૃત્તિને વધારે આનંદ પ્રાપ્ત થાય છે.

રામરાજ્યનું વચન ગાંધીજીની કબરમાં દટાઇ ગયું!

કલ્યાણરાજનું વચન પંડિતજીના પગ તળે છુંદાઈ ગયું!

અને સમાજવાદી સમાજરચનાનું નાટક હજી ત્રિશંકુની દશામાં જ પડ્યું છે!

આ માટીની કાયા પલટી રહી છે.

જ્ઞાનની આરાધના આ ભુમિ પર એક કાળે ગુંજતી હતી. અને એનો આરાધક સંસારને સદાયે શાંતિ આપે એવો તૈયાર થતો....કારણ કે જ્ઞાનની આરાધનાનો હેતુ હતો આત્મદર્શન. આજ પણ જ્ઞાનના નામની વિરાટ આરાધના થતી દેખાય છે. બીજી ગુજરાતી ભણતો નાનો બાળક પણ પોતે બોજો ન ઉપાડી શકે એટલો કચરો દફતરમાં ભરીને જ્ઞાનની આરાધના માટે દોડતો હોય છે. અને આ દોટ માત્ર શાળાઓ પુરતી મર્યાદિત નથી. યુરોપ–અમેરિકા પર્યંત આ દોટ લંબાતી હોય છે. ફરક માત્ર એટલો જ છે કે ગઇ કાલનો હેતુ આજની આરાધનામાં રહ્યો નથી. આજની આરાધનાનો હેતુ છે કેવળ ભૌતિકસુખ! કેવળ પેટ ભરવાની પળોજણ! કેવળ મનના વિલાસોને પોષવા ખાતર પહોંચી વળવાની શક્તિ!

કારણ કે આજે દેશની કાયા પલટ થઈ રહી છે.

અને આ કાયાપલટ તે રાષ્ટ્રની પ્રગતિ છે, અગતિ છે કે અધોગતિ છે. એનો વિચાર કરવાનો પણ કોઈને અવકાશ નથી.

કેવળ કાયાપલટ!

માનવીની નહિં....માનવીના મનની!

ધરતીના હીરની નહિં....ધરતીના માળખાંની!

માત્ર કાયાપલટ!

# શ્રી કાનજી મતની સમીક્ષા

પં. શ્રી સૂરચંદ્રજી ડાંગી

જૈનદર્શનના વ્યવહાર તથા નિશ્ચય બંન્ને સાપેક્ષ માર્ગોનું એકાંત ખંડન કરવાપૂર્વક પુણ્યતત્ત્વનો તથા નિમિત્ત કારણોનો સાફ ઇનકાર કરનાર અને એકાંત નિયતિવાદને કદાગ્રહપૂર્વક પ્રચારનાર નૂતન સોનગઢી પંથના સ્થાપક શ્રી કાનજી મતની તટસ્થ સમીક્ષા અહં પ્રસિદ્ધ થાય છે. પર્યુષણા વિશેષાંકનાં પેજ ૩૭૯ પર પ્રસિદ્ધ થયેલ પ્રથમ હપ્તા પછી લેખનો બાકીનો ભાગ અહિં પ્રસિદ્ધ થાય છે.

⊙

( લેખાંક : બીજો )

અનેકાંત તત્ત્વજ્ઞાનની દષ્ટિએ વ્યવહાર ઉપાદેય નથી, પરંતુ હેય છે. ભૂતાર્થ નથી પણ અભૂતાર્થ છે, સત્ નથી પણ અસત્ છે, સ્વભાવ નથી પણ વિભાવ છે, વાસ્તવ નથી પણ અવાસ્તવ છે. અનુપચરિત નથી પણ ઉપચરિત છે. આનાથી તદ્દન વિપરીત નિશ્ચય છે. આ બન્નેને આવી રીતે માનવા એજ સમ્યગ્દર્શન છે.

(૬) **સમીક્ષા**–વસ્તુના નિરૂપણમાં જ્યારે ભેદ દષ્ટિ પ્રધાનપણે હોય, ત્યારે તે વ્યવહારનયનો વિષય બને છે. અને જ્યારે તેમાં અભેદગામી વલણ પ્રધાન બને, ત્યારે તે નિશ્ચયની પંક્તિમાં આવે છે. દા. ત. દ્રવ્ય–ગુણનો, દ્રવ્ય-પર્યાયનો તેમજ દ્રવ્ય–દ્રવ્યનો ભેદ પાડી વિચાર કરવામાં આવે ત્યારે એ વ્યવહાર દષ્ટિ છે. અને દ્રવ્ય સામાન્યનો કોઇપણ ભેદ પાડયા વિના વિચાર કરવામાં આવે ત્યારે એ નિશ્ચય દષ્ટિ છે. કેવળ ચૈતન્યના જ્ઞાન–દર્શન આદિ ગુણોનો કે પર્યાયોનો ભેદ પાડયા વિના વિચાર કરવો તે નિશ્ચય દષ્ટિ છે અને જ્ઞાન દર્શન આદિના ભેદો પાડીને વિચાર કરવો, એ વ્યવહાર દષ્ટિ છે. એ બન્ને દષ્ટિઓ તત્ત્વજ્ઞાનમાં સરખી આવશ્યક છે. એ બન્ને દષ્ટિઓથી તત્ત્વને જોવું એ સમ્યગ્દર્શન છે.

દ્રવ્યનો તેના સહજ ત્રણે કાળમાં રહેનાર સ્વરૂપની અપેક્ષાએ વિચાર કરવો તે નિશ્ચય દષ્ટિ અને અન્ય નિમિત્તથી અસ્તિત્વમાં આવેલા અને તેથી કરીને કિંચિત્કાલીન્ રહેનારા એવા વૈભાવિક સ્વરૂપની દષ્ટિએ તેનો વિચાર કરવો તે વ્યાવહારિક દષ્ટિ છે. જેમ કે ત્રૈકાલિક યા સ્વાભાવિક ચેતનાના સ્વરૂપની દષ્ટિએ આત્મતત્ત્વનો વિચાર કરવો તે નિશ્ચય દષ્ટિ છે અને કર્મ સંયોગજનિત અપૂર્ણ મતિ આદિ જ્ઞાનોની દષ્ટિએ તેમજ કાષાયિક ભાવોની અપેક્ષાએ આત્મતત્ત્વનો વિચાર કરવો તે વ્યવહાર દ્રષ્ટિ છે એ બન્ને પ્રકારે પદાર્થનું નિરીક્ષણ એ સમ્યગ્દશન છે.

વૈભાવિક અને અપૂર્ણ છતાં જૈન મત પ્રમાણે મતિ–શ્રુત આદિ જ્ઞાનો એ વાસ્તવિક હોઈ અનુપચરિત છે. અને લીપિ, પોથી, લેખિની જેવા સાધનોને જ્ઞાન કહેવામાં આવે તે ઉપચરિત છે. આ ઉપરથી જોઇ શકાશે કે વ્યવહાર નયમાં બધા જ વિષયો અસત્–અભૂતાર્થ કે કે મિથ્યા કોટિના નથી. જૈન ગ્રંથોમાં ઘણે ઠેકાણે નિશ્ચય નયને ભૂતાર્થ અને વ્યવહાર નયને અભૂતાર્થ કહ્યો છે. આ બે શબ્દો અજાણને ભ્રમ ઉત્પન્ન કરે તેવા હોવાથી તેની થોડી સ્પષ્ટતા કરવી જરૂરી છે. ભૂતાર્થનો અર્થ સત્ કે પરમાર્થ અને અભૂતાર્થનો અર્થ અસત્ કે અપ-

રમાર્થ કરવામાં આવે છે. હવે પ્રશ્ન એ છે કે અસત્‌થી શું સમજવું ? અસત્‌નો એક અર્થ છે 'મિથ્યા' અર્થાત્ 'જે સર્વથા અસ્તિત્વમાં નથી. જેમ ઝાંઝવાનાં નીરનો આભાસ; અને બીજો અર્થ છે 'જે અંતિમ સત્ યા પરમાર્થ નથી.' ઉપર નિરૂપેલ વ્યવહાર નયના બધા જ વિષયો 'મિથ્યા' અર્થમાં અસત્ ન કહી શકાય, કેમકે તે આભાસિક ન હોતાં કોઈને કોઈ રીતે અસ્તિત્વ ધરાવે જ છે. માટે તે એકાંતે અવાસ્તવિક, ઉપચરિત કે અસત્ નથી.

એ રીતે નિશ્ચય અને વ્યવહાર એ અનેકાંત તત્ત્વની જ બે બાજુઓ છે. એમાંથી એક પણ બાજુ ત્યજી દેવાથી બીજી બાજુ ખોટી બની જાય છે.

વ્યવહારથી નિરપેક્ષ એવો નિશ્ચય પોતે જ નિશ્ચયાભાસતાને પ્રાપ્ત થાય છે. અને તેથી અસત્, અભૂતાર્થ, ઉપચરિત કે અવાસ્તવિક બની જાય છે.

આત્માને નિશ્ચયનયના જ્ઞાયકપક્ષના કદાગ્રહથી અને વ્યવહારનયના કારક પક્ષને મિથ્યા માનવથી નિયતિવાદનું એકાંતે પોષણ થાય છે.

યોગ્યતાવાદનો કદાગ્રહ કરવાથી અને કર્મ પક્ષને મિથ્યા માનવાથી સ્વભાવવાદનું એકાંતે પોષણ થાય છે.

ઉપાદાનવાદનો કદાગ્રહ કરવાથી નિમિત્ત પક્ષને મિથ્યા માનવાથી અહેતુવાદનું એકાંતે પોષણ થાય છે.

નિશ્ચયવાદનો કદાગ્રહ કરવાથી અને વ્યવહાર પક્ષને મિથ્યા માનવાથી અદ્વૈતવાદનું એકાંતે પોષણ થાય છે.

દેવ-ગુરુ-ધર્મની ભકિતને મોક્ષનું સાધન ન માનવાથી દેવપૂજાદિ ગૃહસ્થોના ષટ્કર્મ એકાંતે અપ્રયોજનભૂત ઠરે છે.

શરીરાદિની ક્રિયાને મોક્ષમાર્ગમાં અહેતુક અને નિરપેક્ષ માનવાથી કોઈ પણ કાર્યમાં હેય-ઉપાદેયનો વિવેક રહેતો નથી.

નિમિત્તને કાર્યની ઉત્પત્તિમાં સહાયક ન માનવાના કદાગ્રહથી પ્રત્યક્ષ અનુભવનું એકાંતે ખંડન થાય છે.

---

પ્રવૃત્તિરૂપ ચારિત્રની મોક્ષમાર્ગમાં નિરપેક્ષતા માનવાના કદાગ્રહથી વ્યવહાર-ચારિત્રની ઉપાદેયતાનું એકાંતે ખંડન થાય છે.

બહિરંગ પવિત્ર કારણોને મોક્ષના સાધન ન માનવાના કદાગ્રહથી દ્રવ્ય હિંસા અને અભક્ષ્યભક્ષણ આદિ દુર્વ્યસનને છોડવા પ્રત્યે એકાંતે ઉપેક્ષા થાય છે, તેથી સ્વચ્છંદ વૃત્તિને પોષણ મળે છે.

ત્યાગી મુનિઓને કરેલા વંદનાદિને મોક્ષમાર્ગના કારણરૂપ ન માનવાના કદાગ્રહથી વિનય ગુણનો લોપ થાય છે. તેથી જૈન સંસ્કૃતિના મૂળમાં જ કુઠારાઘાત થાય છે.

**કાનજી મત**–દેવ-ગુરુની કૃપાથી મોક્ષ મળી શકે છે. વિવેકપૂર્વકના વર્તનથી તન, મન પવિત્ર રહી શકે છે, સંયમપૂર્વક ન ચાલે તો શરીર રોગગ્રસ્ત થાય છે, કુંભાર ઘડો બનાવે છે, સોની સોનું ઘડી શકે છે, વગેરે વગેરે માનવું, અર્થાત્ કોઇ દ્રવ્ય બીજા કોઈ દ્રવ્યનું કંઈ કરી શકે છે, એમ માનવું તે અજ્ઞાન છે. ઉપાદાન કારણની સ્વતંત્ર યોગ્યતાના કારણે અન્ય દ્રવ્ય સ્વકીય પરિણતિથી નિમિત્તરૂપ બનીને હાજર થાય છે, પણ કોઈ દ્રવ્ય કોઈ બીજા દ્રવ્યનું કંઇ કરી શકતું નથી. એટલે કે દ્રવ્યની પરિણતિના ઉપાદાન કારણમાં તેની પોતાની ઉત્પન્ન થવાની યોગ્યતા જ છે. તે ઉત્પન્ન થવામાં નિમિત્ત થનારા દ્રવ્યો પોતાની સ્વતંત્ર યોગ્યતાથી તેની આજુબાજુ હાજર થઇ રહે છે. એટલા માત્રથી તે દ્રવ્યોએ બીજા દ્રવ્યને મદદ કરી, ઉત્પન્ન કર્યું, એમ ન કહી શકાય. જેમ કે માટીમાં ઘડાનો આકાર લેવાનો ગુણ છે.

અને તેમાંથી ઘડો થવાનો જ છે. કુંભાર તો નિમિત્તરૂપે પોતાની સ્વતંત્ર યોગ્યતાથી ઉપસ્થિત રહે છે. તેથી તે ઘડાનો કર્તા કહી ન શકાય. પરિણામને પ્રાપ્ત થવાવાળો કર્તા, પરિણામરૂપ કર્મ, અને પરિણતિરૂપ ક્રિયા-બધી એક જ દ્રવ્યની અભિન્ન અવસ્થાઓ છે. જ્ઞાનાવસ્થામાં આત્મા સ્વભાવનો કર્તા અને અજ્ઞાનાવસ્થામાં વિભાવનો કર્તા છે, પ્રત્યેક વસ્તુ સ્વકીય દ્રવ્ય-ગુણ પર્યાયની અપેક્ષાએ અન્ય વસ્તુથી સર્વથા સ્વતંત્ર છે, કોઇ કોઈમાં નથી કંઇ પરિવર્તન કરી શકતું કે નથી કંઇ પ્રેરણા કરી શકતું, નથી કોઇને કંઈ લાભ-હાનિ પહોંચાડી શકતું, નથી જન્મ મરણ કરાવી શકતું, નથી સુખ-દુઃખ આપી શકતું કે નથી કોઈ કોઇને કોઈપણ પ્રકારની મદદ કે ઉપકાર કરી શકતું.

(૮) **સમીક્ષા**-વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિજીએ પોતાના સર્વમાન્ય તત્ત્વાર્થ સૂત્રમાં ફરમાવ્યું છે કેઃ—'परस्परोपग्रहो जीवानाम् !' પરસ્પર ઉપકાર કરવો એ જીવનું લક્ષણ છે. જો કોઈ જીવ કોઇ માટે કંઈ કરી શકતો નથી, એમ માનીયે તો તીર્થંકરોની તીર્થસ્થાપના અને સાધુઓનો ઉપદેશ બધું નિરર્થક ઠરશે. 'अधिकरणं जीवाजीवाः' એ સૂત્રથી તો એમ પણ સિદ્ધ થાય છે કે જીવ જીવને ઉપકારક છે એટલું જ નહિ પણ અજીવ પણ જીવને ઉપકારક અપકારક બને છે.

શ્રી કાનજી સ્વામી શુભ ભાવો અને અશુભ ભાવો બન્નેને હેય માને છે. ચોર અને ચોકીદાર વચ્ચે જેમ તફાવત છે, તેમ અશુભ અને શુભ ભાવો વચ્ચે પણ એટલો જ તફાવત છે. પરિણામે હેય છતાં ચોકીદારની જેમ સાધકને રાગાદિ અંતરંગ શત્રુઓથી રક્ષણ કરનાર કે રક્ષણની સામગ્રી પ્રાપ્ત કરાવનાર ભાવોને એકાંતે હેય માનવા, એ યોગ્ય નથી.

'વ્યવહારનો અભાવ થશે ત્યારે જ નિશ્ચય પ્રગટ થશે' એમ કહેવું એટલે 'માતાના મૃત્યુ પછી જ પુત્ર જન્મ લેશે' એમ કહેવા તુલ્ય છે. 'વ્યવહાર' રૂપી માતા નિશ્ચયને જન્મ આપે છે, એટલું જ નહિ પણ તેનું પાલનપોષણ પણ કરે છે.

## (૯) શ્રી કાનજીમત

પ્રભુની ત્રિકાળજ્ઞતામાં વિશ્વાસ ન હોવાથી એવો ભ્રમ પેદા થાય છે કે અમુક સમયે અમુક દ્રવ્યની અવસ્થા બદલવા હું સમર્થ છું.

**સમીક્ષા**:-આરિસો સાફ અને સ્થિર હોય તો જેવી અવસ્થામાં આપણે હોઈએ તેવું બરાબર તેમાં દર્શન થાય છે. એ પ્રમાણે સર્વજ્ઞ ભગવંતના આત્મામાં પણ આપણે જે અવસ્થાએ પ્રયત્નપૂર્વક પહોંચ્યા હોઈશું તેવી અવસ્થા સ્ફુરિત થાય છે. આપણી અવસ્થાઓ સર્વજ્ઞ પ્રભુના જ્ઞાન અનુસાર નથી. પરંતુ જેવી અવસ્થા આપણી હોય તેવી સર્વજ્ઞ પ્રભુના જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. જો એમ ન હોય તો પ્રસન્નચંદ્ર રાજર્ષિ વિષે શ્રેણિક મહારાજાએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ ચાર વખત જુદાજુદા જવાબો આપ્યા; તેને બદલે પ્રથમથી જ પ્રભુ કહી દેત કે પ્રસન્નચંદ્ર ઋષિ મોક્ષે જવાના છે. પણ ત્યાં તો ઋષિની જે જે માનસિક પરિણતિ-અવસ્થાઓ બદલાતી ગઇ તે તે પ્રભુના જ્ઞાનમાં પ્રતિબિંબિત થઈ. અને તે પ્રમાણે જવાબો આપ્યા.

આત્મા સ્વયં પુરુષાર્થ કરવા સમર્થ છે અને પુરુષાર્થથી મોક્ષપ્રાપ્તિ છે, તે નિર્વિવાદ સિદ્ધ થાય છે અને તે પણ નિમિત્તોના આલંબનથી, કિન્તુ નિમિત્ત નિરપેક્ષપણે નહિ.

ઉપાદાનની યોગ્યતા નિમિત્તસાપેક્ષ અને નિમિત્તની યોગ્યતા ઉપાદાન સાપેક્ષ છે. જો પરસ્પર અપેક્ષિત ન હોય તો અમુક દ્રવ્ય ક્ષેત્ર, કાળ ભાવાદિ અમુક કાર્યને અનુસરે છે, તે બને જ નહિ. સર્વ નિમિત્તો સર્વત્ર હાજર થઈ જાય અને કાર્યકારણભાવ વાદનો જ નાશ થાય કે જે કોઈ પણ દર્શનકારને માન્ય નથી.

## (૧૦) શ્રી કાનજીમત

જૈન પરંપરામાં જ્ઞાન માટે શ્વેતાંબર આગમો પ્રમાણભૂત નથી, તેથી સ્ત્રીમુક્તિ કેવળીભુક્તિ, અને સવસ્ત્ર સાધુપણાનું સમર્થન થઈ શકતું નથી.

**સમીક્ષા:**–સ્ત્રીનો આત્મા પણ સંપૂર્ણ પુરુષાર્થ સેવી શકે છે. એટલે તેને પણ પૂર્ણ વિકાસ પ્રાપ્ત કરી શકે તેવું મન છે, પ્રબળ પાંચ ઇંદ્રિયો છે, મહાવ્રત પાલન કરવાની તાકાત છે. તો પછી તેને મુક્તિ પ્રાપ્ત કરવામાં શું બાધા હોઇ શકે?

કેવળી ભગવાન પણ શરીરધારી છે, વેદનીયાદિ ચાર કર્મથી યુક્ત હોય છે, એટલે એમને કવળાહાર ગ્રહણ કરવામાં કોઇ બાધા હોઈ શકે નહિ.

પીંછી, કમંડળની જેમ વસ્ત્રો પણ સાધુને સંયમમાર્ગમાં બાધક થઈ શકે નહિ.

વાસ્તવમાં દુનિયાના પ્રત્યેક કર્ત્તવ્યો જો નિર્લેપભાવે કરવામાં આવે તો મોક્ષના હેતુભૂત થઈ શકે છે, આધ્યાત્મિક કહેવાતાં કાર્યો પણ આસક્તિ અને અહંકાર પૂર્વક સંસાર હેતુએ કરવામાં આવે તો બંધનના કારણ થઈ શકે છે. ખરૂં જોતાં અનેકાંત શાસનમાં કોઇ પણ દૃષ્ટિનો એકાંત આગ્રહ કરવો તે અનુચિત જ છે.

સ્વાર્થ અને પરમાર્થ નિશ્ચય અને વ્યવહાર, વ્યક્તિ અને સમષ્ટિ, ઉપદાન અને નિમિત્ત આ સર્વને યથાસ્થાને ઉપયોગી માની, તેનો વિવેકપૂર્વક સદુઉપયોગ કરવાથી જ જીવન અને મુક્તિનો સર્વતોમુખી આનંદ પ્રાપ્ત થઈ શકે છે.

શ્રી કાનજી સ્વામીના પંથમાં નિશ્ચય એકાંતે દેખાય છે અને વ્યવહારનો નિષેધ હોય છે. જેમ પંખી એક પાંખથી ઊડી શકતું નથી, એક પગે ચાલી શકાતું નથી તેમ એક જ પ્રકારની દૃષ્ટિના કદાગ્રહથી સત્યાર્થની પ્રાપ્તિ અસંભવિત બને છે. નૌકાને કિનારે પહોંચીને કૃતજ્ઞતાપૂર્વક જ છોડી દેવાય. તેવી રીતે વ્યવહાર ત્યારે જ છૂટે, જ્યારે નિશ્ચયની પૂર્ણ પ્રાપ્તિ થઈ જાય, સર્વ કર્મથી મુક્તિ મળી જાય.

જો પહેલેથી જ વ્યવહાર ધર્મ કે પુણ્યકર્મને હેય જ મનાવાય તો જનસમૂહ નિશ્ચયે કરીને પાપપ્રવૃત્તિમાં જ ડુબેલો રહે.

'કોઈ જીવ કોઈ માટે કંઈ કરી શકતો નથી' એવા ઉપદેશ વડે સર્વ પ્રત્યે ઉપેક્ષા દાખવવાની સ્વાર્થી વૃત્તિને પોષણ મળશે, જવાબદારીનું ભાન ઉડી જશે, યોગ્ય પુરુષાર્થ કરવાની વૃત્તિ મંદ પડી જશે.

સર્વ સિદ્ધાંતોનો આપણે વિવેકપૂર્વક ઉપયોગ કરીએ અને સ્યાદ્વાદ સુધાનું પાન કરી અજરામર પદની પ્રાપ્તિ કરીએ.

નિયતિવાદ અને નિશ્ચયવાદ એકાંત ઉપદેશ કરનારા આ નવીન ઉપગચ્છ અને તેની દેશનાથી આપણે સાવધ રહેવું જોઇએ. નવીનતા કે પ્રાચીનતાના એકાંતનો આગ્રહ ન રાખતા સમીચીનતાનું સેવન કરવાથી જીવનનો સર્વતોમુખી વિકાસ થઇ શકે.

(સંપૂર્ણ)

## કોઇના પર વિશ્વાસ નહિ

બે ખીસાકાતરૂ મિત્રો સાથે જતા હતા તેમાંનો એક વારંવાર ખીસામાંથી ઘડિયાળ કાઢી જોયા કરતો હતો. તેના મિત્રે પૂછ્યું; 'આમ વારંવાર શું જુવે છે? શું ચાલતી નથી?'

'ના, ચાલે તો છે હું જોઉં છું કે તે હજી ખીસામાં છે કે ગઇ?'

# શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થની અતિપ્રાચીનતા

પં. શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ-કલકત્તા

શ્રી સમ્મેતશિખરજી તીર્થનો જીર્ણોદ્ધાર તાજેતરમાં લાખોના ખર્ચે થયો છે ને તે તીર્થ પર આ વર્ષના માહ મહિનામાં માહ વદિ ૭ ના ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવનાર છે, તે પ્રસંગને અનુલક્ષીને આ તીર્થની પ્રાચીનતા તેનો ઈતિહાસ ઇત્યાદિ શાસ્ત્રીય દૃષ્ટિયે આલેખવા પંડિતજીએ આ લેખમાં પ્રયત્ન કર્યો છે. તદુપરાંત; આ તીર્થનો મહિમા તેમજ તેનો પરિચય પણ અહિં તેમણે આપ્યો છે, ને ઉજવવામાં આવનાર પ્રતિષ્ઠા મહોત્સવને ભવ્ય બનાવવા તેઓ સર્વ કોઇને પ્રેરણા આપે છે, જે તરફ અમે સર્વ કોઈનું લક્ષ્ય ખીંચીએ છીએ !

[૧]

'આ પ્રમાણે સંઘપતિને લાયક સઘળાં કામો કરીને ભરત ચક્રવર્તીએ માગધપતિને વિદાય કર્યો. અને પોતે સુર-અસુરના સંઘની સાથે પ્રયાણ કરી મજલ કરતાં કેટલાક દિવસે સમ્મેતશિખરે આવ્યા.

ત્યાં પણ ભરતનરેશ્વરના આદેશથી ભાવિ વીશ તીર્થંકરોના મંદિરોની પંક્તિ વાર્ધકીરત્ને ક્ષણવારમાં બનાવી દીધી, અને પૂર્વની પેઠે જિનેશ્વરો ગણધર અને મુનિઓનું પૂજન કરી ભરતેશ્વરે માંગણોને માંગણી કરતાં પણ વધારે દાન દીધાં.

આ સમ્મેતશિખરતીર્થ સઘળાં પાપોને ભેદી નાંખનારું છે. એનું એક વખત પૂજન કરવાથી પણ મોક્ષપદ આપે છે.

તે તીર્થમાં આઠ દિવસ રહી રાજ્યધાની યાદ આવતાં શુભદિવસે લશ્કર સહિત વિનીતાનગરી તરફ ભરતેશ્વરે પ્રયાણ કર્યું".

(શ્રી શત્રુંજય માહાત્મ્ય પરથી)

શ્રી કૃષ્ણ વાસુદેવના પિતા જગવલ્લભ બિરુદધારી વસુદેવ પોતાના પૌત્રાદિ કુટુંબીઓ આગળ પોતાના મહાપ્રવાસ (વસુદેવહીંડી-વસુદેવના પ્રવાસ)ની અદ્‌ભુત વાતો કરતાં એક પ્રસંગની વાત કરે છેઃ-

'આકાશમાંથી (ફેંકાયેલો) હું એક મોટા કુંડમાં પડ્યો, ને તેમાંથી બહાર નીકળ્યો. જમીન ઉપર આવી મેં વિચાર્યું, 'આ કયો પ્રદેશ હશે?' તેવામાં આકાશમાંથી ઉતરતાં બે ચારણશ્રમણ ભગવંતોને મેં જોયા. ક્ષણવારમાં તો તેઓ આ ભૂમિ ઉપરજ આવી ગયા.

'ચારણ શ્રમણ ભગવંતો જ છે.' મેં ઓળખી કાઢ્યા. ત્રણ પ્રદક્ષિણા દઇ વંદન કર્યું. ત્યાંથી તેઓની સાથે સાથે એક આશ્રમ-સ્થાનમાં ગયો, જ્યાં અનેક તાપસ ઋષિઓ રહેતા હતા.

તેઓ પણ 'તપોધન ભલે પધાર્યા' એમ હર્ષપૂર્વક કહી સામે ગયા, ને બેઠા. તે મહામુનિઓ પણ કાયોત્સર્ગ કરી પ્રાસુક ભૂમિ ભાગ ઉપર બેઠા.

મેં અને તાપસ ઋષિઓએ પૂછયું. 'આપ પૂજ્ય ભગવંતો કઇ તરફ પધાર્યા?'

તેઓમાંના એકે ફરમાવ્યું, કે-'સાંભળો.'

અમે વૈતાઢ્ય પર્વતની નજીક શ્રી અષ્ટાપદ પર્વતે ગયા હતા. ત્યાં, શ્રી ઋષભદેવ પ્રભુની નિર્વાણ ભૂમિ પાસે ભરતચક્રવર્તીએ તે ગિરિના મુકુટ સમાન એક દેવમંદિર બંધાવ્યું છે. પ્રદક્ષિણા દઇ અમે તેમાં પ્રવેશ કર્યો. તેમાં વર્ણ અને માપ પ્રમાણેના આ અવસર્પિણીના ચોવીશ તીર્થંકર ભગવંતોની પ્રતિમાજીઓનાં દર્શન કર્યા, ને પરમ સંવેગપૂર્વક વંદના કરી સ્તુતિ કરી, ને ત્યાં રહ્યા.

ત્યાંથી પાછા ફરી અમે શ્રી સમ્મેતશિખર ઉપર આવ્યા. ત્યાં આજ સુધીમાં ઓગણીશ તીર્થંકર પ્રભુતો મોક્ષે પધાર્યા છે. (આ વાત શ્રી નેમિનાથ પ્રભુનું શાસન શરૂ થયા પહેલાં થાય છે. તેથી નમિનાથ પ્રભુનું શાસન ચાલતું હતું. એક પાર્શ્વનાથપ્રભુનું નિર્વાણ આ તીર્થ ઉપર બાકી હતું)

તેઓની નિર્વાણ ભૂમિઓને વંદના કરી ત્યાં ચક્રાયુધ મહર્ષિની નિર્વાણ ભૂમિ કોટિશિલાનાં દર્શન કરવા ગયા. જેના ઉપર શ્રી શાંતિનાથ, શ્રી કુંથુનાથ, શ્રી અરનાથ, શ્રી મલ્લીનાથ, શ્રી મુનિસુવ્રતસ્વામી અને શ્રી નમિનાથ તીર્થંકર પરમાત્માઓના શાસનમાં થયેલા ઘણા ઘણા અણગાર મહાત્માઓ મોક્ષપદ પામ્યા છે.'

આ સાંભળી ઋષિઓ અને હું ખૂબ આનંદ પામ્યા. અમારી હર્ષિત રોમરાજી સુખાનંદનો અનુભવ કરી રહી. અમે વિજ્ઞપ્તિ કરી કે, 'જો આપના નિયમોમાં બાધા પહોંચતી ન હોય, તો શ્રી શાંતિનાથ પ્રભુ અને શ્રી ચક્રાયુધ મહર્ષિની વાત કહો. આપને મુખેથી અમે તે સાંભળવા ઇચ્છીએ છીએ.'

મહર્ષિજીએ ફરમાવ્યું—'અમને કશીયે હરકત નથી. શ્રી તીર્થંકર ભગવંતોની અને શ્રી ગણધર ભગવંતોની ઉત્તમ કથાઓ ભવ્ય જીવોને આનંદ આપતી હોય છે. જે તમે પૂછી છે. તે તમને પૂરી કહીશું.

(અહીં વિસ્તારથી શ્રી શાંતિનાથ તીર્થંકર પ્રભુનું ચરિત્ર કહેવામાં આવ્યું છે.)

છેવટે–શ્રી શાંતિનાથ પ્રભુ શ્રી સમ્મેતશિખરે પધાર્યા. અને ૯૦૦ મુનિવરો સાથે મોક્ષે પધાર્યા. (પછી ચક્રાયુધ ગણધર ભગવંતનું ચરિત્ર આવે છે.) તેમના ગણધર શ્રી ચક્રાયુધ સ્વામી પણ પછી ઘણા વર્ષો વિચરી, કેવળજ્ઞાન પામ્યા. અનુક્રમે એ પરમપવિત્ર કોટિશિલા ઉપર આવીને વીતરાગ શ્રમણોના સમૂહ સાથે મોક્ષે પધાર્યા. ને દેવોએ તેમનો નિર્વાણનો મહિમા કર્યો.

ત્યાર પછી–શ્રી શાંતિનાથ પ્રભુના (૩૨) બત્રીશ યુગપુરુષો સુધીના સંખ્યાતા ક્રોડ મુનિઓ આ સમ્મેતશૈલની કોટિશિલા ઉપરથી નિરંતર મોક્ષ પામ્યા છે.

(પછી શ્રી કુંથુનાથ પ્રભુના ચરિત્રના અંતે) શ્રી કુંથુનાથ પ્રભુ શ્રી સમ્મેતપર્વતના શિખરે મોક્ષ પામ્યા. તેમના તીર્થમાં (૨૮) અઠ્ઠાવીશ યુગપુરુષો સુધીના સંખ્યાતા ક્રોડ મુનિઓ આ કોટિશિલા ઉપર મોક્ષ પામ્યા છે.

(પછી શ્રી અરનાથ પ્રભુનું ચરિત્ર આવે છે.) શ્રી અરનાથ પ્રભુ સમ્મેતપર્વતે સિદ્ધ થયા. તેમના શાસનમાં (૨૪) ચોવીશ યુગપુરુષો સુધીના (૧૨) બાર ક્રોડ મુનિમહાત્માઓ આ કોટિશિલા ઉપર મોક્ષ પામ્યા છે.

(પછી શ્રી મલ્લીનાથ પ્રભુનું ચરિત્ર આવે છે.) શ્રી મલ્લીનાથ પ્રભુ આજ પવર્ત ઉપર મોક્ષે પધાર્યા. તેમના શાસનમાં (૨૦) વીશ યુગપુરુષો સુધીમાં (૬) કરોડ મુનિઓ ત્યાં જ (કોટિશિલા ઉપર જ મોક્ષપદ પામ્યા.

(પછી શ્રી મુનિસુવ્રતસ્વામિ ભગવંતના ચરિત્રને અંતે એજ પ્રમાણે શ્રી મુનિસુવ્રતસ્વામિ આ પર્વત પર મોક્ષપદ પામ્યા. અને તેમના શાસનમાં (૩) ત્રણ કરોડ મુનિમહાત્માઓ એ શિલા ઉપર મોક્ષપદ પામ્યા છે.

(શ્રી નમિનાથ પ્રભુના ચરિત્રને અંતે) શ્રી નમિનાથ પ્રભુ (આ પર્વત પર મોક્ષે પધાર્યા પછી) તેમના શાસનમાં (૧) એક કરોડ મુનિઓ આ શિલા ઉપર મોક્ષ પદ પામ્યા છે. જેથી તેનું નામ કોટિશિલા છે.

**'तेणेसा 'कोटि–सिल' त्ति भणिय त्ति–सुराऽ–सुर–पूइया, मंगल्ला, वंदणीया, पूयणीया य।'**

ભાવાર્થ–'તેથી આ કોટી શિલા કહેવાય છે. માટે તે દેવ–દાનવોએ પૂજી છે. માંગલ્યરૂપ છે. વંદન કરવા યોગ્ય છે. અને પૂજવા યોગ્ય છે.'

માટે અમે અહીં આવ્યા છીએ. આ તમારા પ્રશ્નનો જવાબ પૂરો થાય છે.'

'અમે અને ઋષિઓએ વંદના કરી. 'બહુ સરસ સાંભળવા મળ્યું.' એમ વિચારી રહ્યા છીએ, તેટલામાં તે ચારણ શ્રમણ ભગવંતો પધારી ગયા.' (પૃષ્ઠ ૩૦૯ થી ૩૪૮ માંથી ઉદ્‌ધૃત શ્રી વસુદેવ હીંડી ભા. ૨ જો)

[૨]

શ્રી અષ્ટાપદજી તીર્થની પેઠે શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થની શરૂઆત આદિ–ઇશ્વર શ્રી ઋષભદેવપ્રભુનાં

શાસનના સમયથી થયેલ છે. જો કે– શ્રી અજિતનાથ બીજા તીર્થંકર પ્રભુ પહેલવહેલા શિખરજી ઉપર નિર્વાણ પામ્યા છે. છતાં તીર્થની શરૂઆત એ પહેલાંથી થઇ છે. એમ શ્રી શત્રુંજય માહાત્મ્ય ઉપરથી સ્પષ્ટ જણાઇ આવે છે.

(૨) શ્રી અજિતનાથ પ્રભુ ૧૦૦૦ મુનિઓ સાથે નિર્વાણ પામ્યા

| | | | |
|---|---|---|---|
| (૩) શ્રી સંભવનાથ | ” | ૧૦૦૦ | ” |
| (૪) શ્રી અભિનંદન | ” | ૧૦૦૦ | ” |
| (૫) શ્રી સુમતિનાથ | ” | ૧૦૦૦ | ” |
| (૬) શ્રી પદ્મપ્રભસ્વામી | ” | ૩૧૮ | ” |
| (૭) શ્રી સુપાર્શ્વનાથ | ” | ૫૦૦ | ” |
| (૮) શ્રી ચંદ્રપ્રભસ્વામી | | ૧૦૦૦ | ” |
| (૯) શ્રી સુવિધિનાથ | | ૧૦૦૦ | ” |
| (૧૦) શ્રી શીતલનાથ | | ૧૦૦૦ | ” |
| (૧૧) શ્રી શ્રેયાંસનાથ પ્રભુ | | ૧૦૦૦ | ” |
| (૧૨) શ્રી વિમળનાથ | ” | ૬૦૦૦ | ” |
| (૧૩) શ્રી અનંતનાથ | ” | ૭૦૦૦ | ” |
| (૧૫) શ્રી ધર્મનાથ | ” | ૧૦૮ | ” |
| (૧૬) શ્રી શાંતિનાથ | ” | ૯૦૦ | ” |
| (૧૭) શ્રી કુંથુનાથ | ” | ૧૦૦૦ | ” |
| (૧૮) શ્રી અરનાથ | ” | ૧૦૦૦ | ” |
| (૧૯) શ્રી મલ્લિનાથ | ” | ૫૦૦ | ” |
| (૨૦) શ્રી મુનિસુવ્રતસ્વામી | | ૧૦૦૦ | ” |
| (૨૧) શ્રી નમિનાથ પ્રભુ | | ૧૦૦૦ | ” |
| (૨૩) શ્રી પાર્શ્વનાથ | ” | ૨૩ | ” |
| કુલ. ૨૦. | | ૨૭૩૪૯ | |

સત્તાવીશ હજાર ત્રણુસો ઉપરે ઓગણુપચાસ. જિનપરિકર, બીજા કેઇ પામ્યા શિવપુર વાસરે.

શ્રી પદ્મવિજયજી મહારાજ કૃત ચોમાસી દેવવંદન શ્રી શાંતિનાથપ્રભુથી શ્રી નમિનાથપ્રભુ સુધીના ૬ તીર્થંકર પ્રભુના શાસનમાં પાછળની પેઢીઓ સુધી સંખ્યાતા કરોડ મુનિઓ મોક્ષમાં ગયા.

(૪) શ્રી સમ્મેતશિખરજી ઉપર પ્રતિષ્ઠિત કરાયેલા પ્રતિમાજી પ્રાચીન કાળમાં પણ હતા, તે જુદા જુદા સ્થળોમાં જોવામાં આવતા પ્રતિમાજીઓના શિલાલેખો ઉપરથી સમજાય છે.

(૫) આટલા કાળમાં ઘણાં ઘણાં જીર્ણોદ્ધાર થયેલા હોવાનું સંભવિત છે. સંવત ૧૩૪૫ માં પ્રતિષ્ઠા ઉત્સવ થયાનો ઉલ્લેખ મળે છે. તથા તીર્થમાળાઓ ઉપરથી મુસલમાન બાદશાહોના વખતમાં પણ યાત્રાળુ સંઘો ગયાના અને દરેક ઠેકાણે તથા શિખરજીની યાત્રાઓ કર્યાના વિસ્તારથી ઉલ્લેખો મળે છે

(૬) શ્રી પાર્શ્વનાથ પ્રભુના ભકત તરીકે પાલગંજના રાજા પ્રભુના સેવક તરીકે તીર્થની સંભાળ રાખતા હતા. તેઓની રાજ્ય મહોર શ્રી પાર્શ્વનાથ પ્રભુના નામની જુના વખતથી ચાલતી આવે છે. તેઓ પોતાના ઘરમાં પાર્શ્વનાથ પ્રભુના પ્રતિમાજીની પૂજા કરતા આવે છે. દહેરાસર ગામમાં છે. તેની પણ સારસંભાળ રાખતા આવે છે. વગેરે હકીકતો સાંભળવામાં આવી છે.

(૭) છેલ્લી પ્રતિષ્ઠા વિ. સં. ૧૮૨૫ આજુબાજુ ચરણુ પાદુકાઓ વગેરેની થયાના ઉલ્લેખો મળે છે. પ્રતિષ્ઠા કરાવનારાઓના નામ ઇ. ની નોંધ છે. પરંતુ વિસ્તાર થવાથી આપતા નથી. ત્યાર પછી વિ. ૨૦૧૭ના માઘ વદી ૭ ના દિવસે તાજેતરમાં પ્રતિષ્ઠા થનાર છે. તેનો ઉત્સવ સં. ૨૦૧૭ ના માઘ શુદિ ૧૩થી શરૂ થશે. મૂળનાયક ભગવાનની પ્રતિષ્ઠા કરવાનો રૂા. ૧૧૬૦૦૧ એક લાખ સોલ હજાર ને એકનો ચડાવો બોલીને ધોરાજી વાળા શેઠ મોતીચંદ રૂગનાથના પુત્ર શેઠ અંદરજીભાઇએ તેમના પિતાના નામથી પરમ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજશ્રી કૈલાસસાગરજી મહારાજની નિશ્રામાં શુભાદેશ પ્રાપ્ત કર્યો છે.

(૮) કેટલાકની માન્યતા હાલનું તીર્થ શ્રી તશિખરજી તીર્થ નથી. પરંતુ શ્રી જગતશેઠે

શરૂ કર્યું છે.' એમ કહે છે. પરંતુ તેમાં કશું યે વજુદ નથી. કેમ કે શ્રી ગૌતમસ્વામિ મહારાજની દેવકુલિકા પ્રાચીન છે. તે તેની ઈંટો ઉપરથી નક્કી થાય છે.

(૯) આગળ જણાવ્યા તે, પ્રાચીન તીર્થકલ્પો સ્તવનો, તીર્થમાળાઓ, સ્થાનિક પ્રમાણો શ્રી આગમો અને શાસ્ત્રોમાંના પ્રમાણો વગેરે ઉપરથી જૈનધર્મનું આ પવિત્રમાં પવિત્ર તીર્થ છે. તેના મંદિરો જ નહીં, પરંતુ સમગ્ર પહાડ ઈંચે ઈંચ પવિત્ર ધર્મસ્થાન તીર્થભૂમિ છે. અને તેથી જ શાશ્વત મહાતીર્થ શ્રી શત્રુંજય ગિરિ પછીના તુરતના ક્રમમાં મહાતીર્થ તરીકેનું સ્થાન શ્રી સમ્મેતશિખરજીનું આવે છે. માટે આ પણ પૂજ્યતમ મહાતીર્થ છે. વિદેશીયોના રાજ્યકાળમાં ગમે તેમ બન્યું હોય, તીર્થની આશાતનાના પ્રસંગો બની ગયા હોય, શિકાર વગેરે કોઇએ ખેલી લીધેલ હોય. ઉલટા સુલટા પટ્ટા પરવાના થયા હોય, દસ્તાવેજો અને સેટલમેટો થયા હોય. તે કોઇવાર ન્યાય અને ધાર્મિક પવિત્રતાના રક્ષણના મહત્ત્વનાં મુદ્દાને બાધ કરી શકતા હોતા નથી. બાધ કરી શકે નહીં. બાધક ગણવામાં આવે, તો તે અન્યાય જ ગણાય.

બ્રીટીશોએ પોતાના વખતમાં પોતાના સ્વાર્થોને ઉદ્દેશીને ગમે તે કર્યું હોય, તે કાંઇપણ વિરુદ્ધના પૂરાવા તરીકે ગણત્રીમાં લઇ શકાય જ નહી. આ કોઇપણને કબુલ કરવી પડે તેવી હકીકત છે.

ધાર્મિક સ્થાનોમાં પણ ડખલ ઘાલવાના આંતરિક ઉદ્દેશથી પાલગંજના રાજ્યતંત્રના સંચાલકો વગેરેને કોઇ બ્રીટીશ અમલદારે શિકાર વગેરે કરાવવા મોટી સંખ્યામાં બંધુકો ભેટ આપી એ રસ્તે ચઢાવી દેવાની તરકીબ કરી હોય, એટલા ઉપરથી તથા એવા બીજા જે કાંઈ બનાવો બન્યા હોય, તેથી શ્રી તીર્થની આશાતના કરનારી બાબતોને ન્યાયને ધોરણે સ્થાન આપી શકાય જ નહીં. ને આશાતનાઓ ચાલુ રાખી શકાય જ નહીં, છતાં રાખવામાં આવે તો ધાર્મિક માન્યતા અને સ્વતંત્રતામાં ડખલજ ગણાય. પછી તેને માટેના ફેંસલા વગેરે ગમે તે જાતના સામાન્ય મુદ્દા ગમે તેટલા હોય.

પ્રાચીનકાળથી તસુએ તસુ પવિત્ર તીર્થ તરીકેના સાક્ષાત્ અને જ્વલંત પ્રમાણો વિદ્યમાન હોય, તેનો બાધ કોણ કરી શકે?

(૧૦) તીર્થની આશાતના ટાળવા જ શ્રી સંઘને ન છૂટકે ગિરિરાજને વેચાણ લેવાની સંજોગો અનુસાર ફરજ પડી હોય, તેટલા ઉપરથી તે તેના કરતાં પહેલાં સમગ્ર પહાડ જૈનોના તીર્થ તરીકે નહોતો એમ માની શકવાને માટે કોઇ ન્યાયી પ્રમાણો છે? નહીં જ બ્રીટીશોએ શ્વેત પ્રજાનો માલિકી હક્ક વ્યાપક કરવા દેશી રાજ્યો કે બીજા પક્ષકારો દ્વારા વિવિધ પ્રકારની તરકીબો કરી છે. એ તરકીબોને પ્રમાણ માનીને તેને જૈન સંઘના સંચાલન નીચેની શ્રી જૈનશાસનની અન્ય ધાર્મિક મિલ્કત તરીકે નહીં માનવામાં શી રીતે બાધ કરી શકાય? ભારતના સાંસ્કૃતિક ન્યાયને ધોરણે રાજ્યતંત્ર સદા ધર્મતંત્રનું સેવક જ રહ્યું છે. કદિયે તેના ઉપર સત્તા ન ચલાવી શકે, અને દરમ્યાનગિરી ન કરી શકે. માટે પણ તે તરકીબો ન્યાય વિરુદ્ધ જ ઠરે છે. શ્રી સંઘ ન્યાયી ધાર્મિક હિતના રક્ષણ માટે સદા જાગ્રત અને સાવધ રહે. અને તેમાં સફળતા પ્રાપ્ત કરે, એવી આપણે પ્રબળ ભાવના રાખીયે. જેનું બળ શ્રી સંઘના પ્રયાસોમાં બળ પ્રેરનાર બને છે.

(૧૧) (૧) જૈનધર્મના અનુયાયી ભકતો તરીકે આ મહાતીર્થ પારલૌકિક હિત માટે ધર્મ આરાધનાનું–મહા સાધન છે. માટે આત્માર્થી જીવો સદા તે દ્વારા ધર્મની આરાધના કરી શકે તે રીતે તેની પવિત્રતા સંપૂર્ણ રીતે ટકી રહેવી જોઇએ. એટલા જ માટે તેનું સ્વતંત્ર સંચાલન શ્રી જૈન શાસન અને શ્રી સંઘના હાથમાં રહેવું જોઇએ. તેમાં બીજા કોઇપણની સત્તા કે દરમ્યાનગિરી ન જ હોવી જોઇએ.

(૨) તથા મહાપૂજ્યતમ–દેવાધિદેવ પરમાત્માના કલ્યાણકોના સ્થાયી સ્મારક તરીકેના આ પવિત્ર સ્થાનો

# જૈનદર્શનનો કર્મવાદ : જૈનદષ્ટિયે પરમાણુઓની વિચારણા

અધ્યાપક : શ્રી ખુબચંદ કેશવલાલ શિરોહી

'કલ્યાણ' માં ચાલુ રહેલી આ લેખમાળા વિદ્દદ્‌ભોગ્ય બનવા સાથે જૈનદર્શનના મૌલિક પદાર્થ–પુદ્‌ગલો વિષે અન્વેષણપૂર્વક તાત્વિક વિચારણા રજૂ કરે છે. જૈનદર્શનનું તત્ત્વજ્ઞાન કેટ–કેટલું સંગત અને અતિ સૂક્ષ્મ યથાર્થ પ્રરૂપક છે. તે આ લેખમાળાના વાચકવર્ગને સ્હેજે સમજાય તેમ છે. લેખકને 'કલ્યાણ' પ્રત્યે મમતા છે. તેના કારણે તેઓ આ લેખમાળા તેના હજારો વાચકોને સરળતાથી સમજાય તે રીતે લખીને અહિં જૈનદર્શનનું પદાર્થવિજ્ઞાન રજૂ કરે છે.

⊙

સ્કંધ એ એક કરતાં વધું સંખ્યા પ્રમાણ પરમાણુઓનો સંમિશ્રિત જથ્થો હોઈ, તે જથ્થા રૂપે સંમિશ્રિત થવામાં તેનું સંયોજક દ્રવ્ય અને સંયોજક વ્યક્તિ કોણ છે તે સમજવું જરૂરી છે.

જેમ મકાન બનાવવામાં ઈંટોને પરસ્પર જોડવા માટે કડીયાઓની આવશ્યકતા રહે છે, તેમ સ્કંધોમાં સંયોજિત પરમાણુઓનો સંયોજક પણ કોઈ હોવો જોઈએ, એવો વિચાર મનુષ્યને સ્હેજે સ્ફૂરે તે સ્વાભાવિક છે. પરંતુ અહીં પરમાણુઓમાંથી થતા સ્કંધનિર્માણમાં પરમાણુઓને સંયોજક કોઇ નથી. તે સંયોજન સ્વાભાવિક થાય છે. જેવી રીતે કોઈ કોઇ વખતે આકાશમાં વાદળાંઓ ઘટાટોપ એકત્ર થઇ જાય છે, વિવિધ જાતના રંગો પણ પ્રકાશમાન થાય છે. અને તે જ વાદળાંનો સમૂહ અગર વિવિધ રંગો ક્ષણ–વારમાં સ્વયં વિખરાઈ પણ જાય છે. આ રીતે વાદળ તથા રંગોનું સંઘટ્ટન જેમ સ્વાભાવિક છે, તેમ વર્ગણાઓના પુદ્‌ગલસ્કંધોનું સંઘટ્ટન અને વિઘટ્ટન સ્વતઃ યા સ્વાભાવિક જ છે.

પુદ્‌ગલ વર્ગણાઓના સ્કંધનિર્માણમાં પરમાણુઓને સંયોજક કોઇ વ્યક્તિ નહિ હોવા છતાં પણ જૈનદર્શનકારોએ બતાવેલ સ્કંધ–નિર્માણની એક સમુચિત રાસાયણિક વ્યવસ્થાનો વિષય સમજવો અતિ મહત્ત્વનો છે. પરંતુ તે

---

સર્વ પ્રકારની સ્વતંત્રાથી પરમાત્માએ આપેલા શ્રી સંઘના સંપૂર્ણ સંચાલનમાં જ રહેવા જોઇએ.

આ બે હેતુની બરાબર સફળતા માટે આ ઉત્સવ શ્રી સંઘે એવી રીતે ઉજવવો જોઇએ કે–

જેથી હજારો વર્ષો સુધી તેનું સ્મરણ તાજું રહે અને વખતો વખત શ્રી સંઘમાં–તીર્થભક્તિ તથા આશાતના નિવારણની તમન્ના શ્રી સંઘમાં નિરંતર જાગતી રહે.

અંતમાં આવો અવસર શ્રી જૈનશાસનમાં હજારો વર્ષે પ્રાપ્ત થાય છે. તથા આત્માને તો કરોડો ભવે પણ પ્રાપ્ત થાય કે ન થાય, પરંતુ આપણને આપણા આ ભવમાં જ મહાપુણ્યના પ્રકર્ષના ઉદયે પ્રાપ્ત થયો છે. તો આપણા સૌના હાર્દિક ઉમળકાઓથી આ મહોત્સવ એટલી ભવ્યતાથી ઉજવાય કે જેથી આ તરફની બીજી કલ્યાણકભૂમિઓ તથા વિચ્છેદ જેવી કલ્યાણક ભૂમિઓનો પણ જીર્ણોદ્ધાર અને ઉદ્ધાર થાય. તથા તીર્થોની આશાતના દૂર કરવાની તીવ્રભાવના અને જાગૃતિ શ્રી સંઘમાં સતેજ થતી જાય. દરેકના મન–વચન–કાયા ઉલ્લસાયમાન થવા જોઇએ. અને રોમરાજી વિકસ્વર થઈ જવી જોઇએ. અને શ્રી તીર્થભક્તિમાં દરેક રીતે ન્યોચ્છાવર થઇ જવાવું જોઇએ.

★

સમજવા માટે પ્રથમતો પરમાણુમાં રહેલ વર્ણ ગંધ–રસ અને સ્પર્શના સૂક્ષ્મ યા નિર્વિભાજ્ય અંશની સમજ હોવી જોઈએ.

પ્રત્યેક પુદ્ગલ પરમાણુમાં કોઇપણ એક વર્ણ, એક ગંધ, એક રસ અને રૂક્ષ (લુખો) યા સ્નિગ્ધ (ચીકણો) એ બન્નેમાંથી એક તથા શીત (ઠંડો) યા ઉષ્ણ (ઉનો) એ બન્નેમાંથી એક એમ બે સ્પર્શ તો અવશ્ય હોય છે.

પ્રત્યેક પરમાણુમાં અમુક જ વર્ણ–ગંધ–રસ કે સ્પર્શ સદા કાળને માટે શાશ્વત હોઈ શકતો નથી. કોઇ વખત અમુક વર્ણાદિ હોય તો કોઈ વખત અન્ય વર્ણાદિ પણ હોય છે.

વળી એકના એક વર્ણાદિ પણ સરખા સ્વરૂપે હોઈ શકતા નથી. કારણ કે પ્રત્યેક વર્ણાદિના જૈનદર્શનકારોએ તો અનેક પેટા ભેદો બતાવ્યા છે. જેમકે જેટલી લાલ ચીજો જગતમાં હોય છે તે દરેકનો લાલ રંગ પણ એક સરખો જ હોઈ શકે એવો નિયમ નથી. લાલરંગ કહેવાતો હોવા છતાં પણ લાખો–કરોડો કે અનંત જાતનો તે લાલરંગ જગતની ચીજોમાં જોવામાં આવે છે. દિવાલ પર લગાવેલો લાલરંગ શરૂઆતમાં જે ચમકતા સ્વરૂપે દેખાય છે, તેવું ચમકતું સ્વરૂપ અમુક દિવસ પછી તે લાલરંગમાં દેખાતું નથી.

એક બારીકમાં બારીક લાલરંગની સુકી કણી એક ચમચીમાં લઈ તેના ઉપર પાણીનું એક ટીપું નાખવાથી પાણી લાલરંગનું થઇ જાય છે. તેમાં અનુક્રમે બીજું ત્રીજું વગેરે પાણીનાં ટીપાં નાખતાં વધુ પ્રમાણમાં પાણીનાં ટીપાં ભળતાં તે જ લાલરંગની ચમક એક સરખી રહી શકતી નથી. કારણ કે પ્રથમ ટીપું નાખવા ટાઈમે તે લાલરંગના અંશો એક ટીપા પ્રમાણ પાણીમાં ફેલાય છે, અને વધુ પ્રમાણમાં પાણીનાં ટીપાં ભળતાં તેજ અંશો ઘણા વિભાગોમાં વહેંચાઇ જાય છે. આ રીતે પ્રત્યેક વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ અંગે સમજવું.

જગતમાં ત્રણે કાળના તમામ વર્ણાદિનું માપ અને ઓચ્છાવત્તાનું જે શાસ્ત્રીય ધોરણ, જૈનદર્શનકારોએ નકકી કરી આપ્યું છે, એ ધોરણની સમજ માટે કહ્યું છે કે, અમુક વિવિક્ષિત વર્ણાદિનો નાનામાં નાનો અંશ કે જેનાથી વર્ણાદિની ન્યૂનતા હોઇ શકે જ નહિ, તેવા અવિભાજ્ય વર્ણાદિના પ્રમાણને 'પરિચ્છેદ' કહેવાય છે. એવા અમુક પરિચ્છેદો ભેગા થાય ત્યારે એક વર્ગણા કહેવાય. અને એવી અનંત વર્ગણાનો એક સ્પર્ધક થાય.

પ્રત્યેક વર્ણાદિના એવા સ્પર્ધકો જગતમાં અમુક સંખ્યામાં કુલ છે. ઉપર દર્શાવેલ લાલરંગની કણીમાં પાણીનાં ટીપાં ક્રમે ક્રમે વધુ ને વધુ નાંખતાં લાલરંગની ચમકમાં જે ફેરફાર થતો જોવામાં આવે છે, તેનું કારણ એ છે કે પ્રથમના ટીપા પ્રમાણ પાણીમાં લાલરંગના જે સ્પર્ધકો હતા તે વધુ ને વધુ ટીપા પ્રમાણ પાણીમાં વહેંચાઇ જતાં પાણીના પ્રત્યેક ટીપામાંથી લાલરંગના તે સ્પર્ધકો ઓછા ઓછા થવા માંડયા. આ ઉપરથી સમજી શકાય છે કે જેમાં 'અમુક વર્ણાદિપણું કમી હોય તેમાં તે તે વર્ણાદિના સ્પર્ધકો ઓછા હોય, અને જેમાં તે તે વર્ણાદિના સ્પર્ધકો વધુ હોય તેમાં તે તે વર્ણાદિપણું વધારે હોય. આ રીતે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના અંશોનું ન્યૂનાધિકપણું સમજવું. અને તે અંશ [અવિભાગ–પરિચ્છેદ]ની સૂક્ષ્મતા પણ વિચારવી.

ઉપરની હકિકતથી સમજી શકાય છે કે સર્વ પરમાણુઓ સમાન અંશ પ્રમાણ વર્ણાદિયુકત હોઇ શકતા નથી. કેટલાક પરમાણુઓ અન્યોન્ય સમાન અંશ પ્રમાણ વર્ણાદિથી યુકત પણ હોય અને વિષમ અંશ પ્રમાણ વર્ણાદિ યુકત પણ હોય છે.

પરમાણુઓના સ્કંધો બનવામાં એટલે કે અન્યોન્ય સંયોજિત થવામાં પરમાણુઓની સ્નિગ્ધતા [ચિકાશ] અને ઋક્ષતા (લુખાશ) જ એક માત્ર હેતુ છે. અર્થાત્ અનંત પરમાણુઓના સ્કંધો થવામાં પરમાણુમાં રહેલ ચીકાશ અને લુખાશ ગુણના અમુક પ્રમાણમાં મિશ્રણ થવાને લીધેજ એક પ્રકારનો રાસાયણિક સંબંધ ઉત્પન્ન થાય છે. તેને લીધે તે બંધાય છે અને સ્કંધો બને છે.

સ્નિગ્ધ [ચિકાશ] પરિણામમાં એક ગુણ [અંશ-પરિચ્છેદ] સ્નિગ્ધતાથી અનન્તગુણ સ્નિગ્ધતાના વિભાગો સમજવાના છે. અને તે જ પ્રમાણે રૂક્ષ [લુખાશ] ના માટે પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે. અહીં ગુણ શબ્દનો અર્થ અંશ જાણવો. અને તે પણ અતિ સૂક્ષ્મ અને નિર્વિભાજ્ય અંશ જાણવો તે આ પ્રમાણે:—

સર્વોત્કૃષ્ટ કોઈ વિવિક્ષિત સ્પર્શના તારતમ્ય ભેદે જો જુદાજુદા ભાગ પાડીએ તો કેવળજ્ઞાન રૂપ બુદ્ધિવડે ભાગ પાડતાં પાડતાં યાવત્ અનંત ભાગ પાડી શકે છે. અને તેવા પાડેલા ભાગોમાંનો એક ભાગ તે અહિં એક અંશ અથવા એક ગુણ કહેવાય છે. એ અંશનો હવે એક ભાગ કલ્પીએ તો કલ્પી શકાય નહિ. કારણ કે એવી સૂક્ષ્મતા હવે પડી શકે નહિ. તેથી તેવો નિર્વિભાજ્ય એક અંશ તે અહીં ગુણ શબ્દથી વ્યપદેશવાળો જાણવો.

પરમાણુઓના સ્કંધરૂપે થતા કાયાપલટાને જૈન પારિભાષિક શબ્દથી 'બંધ પરિણામ' કહેવાય છે. બંધ પરિણામ ટાઈમે સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શના અંશો-પરિચ્છેદોનું સમ અને વિષમ પ્રમાણ કેવું હોવું જોઇએ તે માપ પણ જૈન શાસ્ત્રોમાં બતાવ્યું છે.

અહિં બંધ પરિણામમાં સ્નિગ્ધ, રૂક્ષ લક્ષણ બે સ્પર્શો જ ઉપયોગમાં આવે છે. કેટલાક પરમાણુઓ સ્નિગ્ધ પરિણામવાળા છે અને કેટલાક રૂક્ષ પરિણામવાળા છે. સ્નિગ્ધ અને રૂક્ષ પરિણામો પરસ્પર વિરોધી હોવાથી એક પરમાણુમાં એક સાથે રહી શકતા નથી.

બંધ પરિણામ બે રીતે હોય છે. ૧. સજાતીય બંધન અને ૨. વિજાતીય બંધન.

સ્નિગ્ધ પુદ્ગલોનો સ્નિગ્ધની સાથે અને રૂક્ષ પુદ્ગલોનો રૂક્ષની સાથે બન્ધ થાય તે 'સજાતીય બન્ધ' કહેવાય છે.

સ્નિગ્ધ પુદ્ગલોનો રૂક્ષ પુદ્ગલોની સાથે બંધ થાય તે 'વિજાતીય બંધ' કહેવાય છે.

પરસ્પર બન્ધને પામતા પુદ્ગલોમાં સ્નિગ્ધ રૂક્ષ સ્પર્શના અંશો સરખા હોય તે 'સમાનગુણી' કહેવાય છે.

અને પરસ્પર બન્ધને પામતા તે પુદ્ગલોમાં સ્પર્શ ગુણના અંશો ન્યૂનાધિક હોય તો વિષમગુણી' કહેવાય છે.

સજાતીય બન્ધની મર્યાદા એવી રીતે છે કે પરસ્પર ગુણની સમાનતા હોય તો તે પુદ્ગલો બન્ધપરિણામને પામી શકતાં નથી, પરંતુ ગુણની વિષમતા હોય તો જ સજાતીય સ્પર્શી પુદ્ગલોનો પરસ્પર બન્ધ થાય છે. એટલે કે તુલ્ય-ગુણવાળા સ્નિગ્ધનો તુલ્યગુણ [અંશ-પરિચ્છેદ] સ્નિગ્ધની સાથે કે તુલ્ય ગુણવાળા રૂક્ષનો તુલ્ય ગુણવાળા રૂક્ષની સાથે બન્ધ થતો નથી. સજાતીય સ્પર્શી પુદ્ગલોનો બન્ધ ગુણ (અંશ) ની વિષમતા હોય તો જ થઈ શકે છે. તેમાં પણ એવી મર્યાદા છે કે બંધ પરિણામને પામતા તે સજાતીય પુદ્ગલોમાં પરસ્પર દ્વિગુણનું આંતરૂં હોવું જોઇએ. એટલે કે એક ગુણવાળા સ્પર્શનો ત્રિગુણી સ્પર્શ સાથે, બે ગુણવાળા સ્પર્શનો ચતુર્ગુણી સ્પર્શ સાથે, ત્રિગુણવાળા સ્પર્શનો પંચગુણી સ્પર્શ સાથે બંધ થાય છે. એમ સર્વ સ્થળે સમજવું. અર્થાત્ સજાતીય સ્પર્શમાં દ્વયધિક અંશોની તરતમતાથીજ બંધ થાય છે.

વિજાતીય બંધ (સ્નિગ્ધનો રૂક્ષની સાથે બંધ) તો ગુણની સમાનતા હોય કે વિષમતા હોય તો પણ થઈ શકે છે. પરંતુ તે વિજાતીય બંધમાં પણ ગુણની સમાનતા અંગે એ અપવાદ છે કે જઘન્ય ગુણ (એક અંશવાળા)સ્નિગ્ધ, અને જઘન્ય ગુણવાળા રૂક્ષ પુદ્ગલોનો પરસ્પર બંધ થતો નથી, એક ગુણ (અંશ-પરિચ્છેદ) વાળા સ્નિગ્ધનો દ્વિગુણ-ત્રિગુણાદિ રૂક્ષ પુદ્ગલોની સાથે બંધ થઈ શકે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જઘન્ય ગુણની સમાનતાવાળા વિજાતીય સ્પર્શી પુદ્ગલોનો પરસ્પર બંધ થઇ શકતો નથી. પરંતુ જઘન્ય ગુણ સિવાય અન્ય ગુણની સમાનતામાં વિજાતીય સ્પર્શી પુદ્ગલોનો બંધ થઈ શકે છે. સ્પર્શ ગુણનો અવિભાજ્ય-પરિચ્છેદ અંશ તે જઘન્ય ગુણ કહેવાય છે.

અહીં સમજવું જરૂરી છે કે દ્વિઅણુકાદિ સ્કંધો બનવામાં સ્નિગ્ધતા અને રૂક્ષતા જ કારણ ભૂત હોઈ સંયોજન થવાના સમયે વર્તતી સ્નિગ્ધતા અને રૂક્ષતામાં જ્યાં સુધી ફેરફાર ન થાય ત્યાં સુધી સ્કંધમાં સંયોજિત પરમાણુ સ્કંધમાંથી છૂટો પડે જ નહીં એવો નિયમ હોઇ શકતો નથી. કારણ કે પરમાણુનું છુટા પડવાપણું ફક્ત સ્નિગ્ધતા અને રૂક્ષતાના પલટનથી જ હોઈ શકતું નથી. તેમાં તો નીચે મુજબ ચાર કારણોમાંથી કોઈ પણ કારણથી ભેદ થઈ શકે છે.

(૧) સ્થિતિના ક્ષયથી-અસંખ્ય કાળ પ્રમાણ સ્કંધોની જે સ્થિતિ કહેવામાં આવેલ છે તેનો ક્ષય થવાથી.

(૨) દ્રવ્યાન્તરના ભેદથી.

(૩) બંધ યોગ્ય સ્નિગ્ધતા તથા રૂક્ષતાના વિનાશથી. અર્થાત્ જેવી સ્નિગ્ધતા તથા રૂક્ષતાથી દ્વિઅણુકાદિ સ્કંધોનો બંધ થાય છે તે સ્નિગ્ધતા-રૂક્ષતાનો વિનાશ થવાથી.

(૪) સ્કંધોમાંથી સ્વાભાવિક ઉત્પન્ન થતી ગતિથી.

આ ચાર કારણો વડે સ્કંધોમાંથી પરમાણુનું છુટા પડવાપણું થાય છે. સ્કંધમાં રહેલ પરમાણુ તે દ્રવ્યાણુ છે. અને વર્ણ-ગંધ-રસ અને સ્પર્શના અંશો તે ભાવાણુ છે. સૈદ્ધાન્તિક મન્તવ્ય એવું છે કે દ્રવ્યાણુ બદલાય છતાં ભાવાણુ કોઇ વખત બદલાય અથવા કોઇ વખત ન પણ બદલાય.

અર્થાત્ દ્રવ્યાણુના પલટનમાં ભાવાણુનું પલટન થવું જ જોઇએ એવો નિયમ નથી. શાસ્ત્રીય માન્યતા પ્રમાણે અસંખ્યાતકાળ પ્રમાણ સ્કંધની જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે તે સ્થિતિ પૂર્ણ થયે સ્કંધનો અવશ્ય પલટો થાય. છતાં સ્કંધવર્તી પરમાણુઓ તો જે વર્ણ જે રસ અને જે સ્પર્શવાળા હતા તે જ વર્ણાદિવાળા રહેવા હોય તો રહી શકે છે. એટલે કેવળ સ્નિગ્ધતા રૂક્ષતાના વિગમથી જ પરમાણુના ભેદ થવાનું માનવું ઉચિત નથી. પરંતુ સ્નેહ-રૌક્ષ્યતાના વિગમ સાથે ઉપર જણાવેલા સ્થિતિક્ષયાદિ કારણોથી પણ પરમાણુનો ભેદ સ્કંધમાંથી થઈ શકે છે. એ માન્યતા વાસ્તવિક તેમજ શાસ્ત્રીય છે. આ રીતે વર્ગણાઓના પુદ્ગલ સ્કંધોના સંઘટ્ટન અને વિઘટ્ટનની સમજ જૈન શાસ્ત્રમાં આપેલી છે.

આ પુદ્ગલ વર્ગણાઓના સ્કંધ સમૂહોની, સ્કંધના સંઘટ્ટન અને વિઘટ્ટન રીતની અને સ્કંધવર્તી પરમાણુની વિશાળ સંખ્યાની સમજ સામાન્ય બુદ્ધિવાળા મનુષ્યને સમજવી મુશ્કેલ છે. જેને જ્ઞાનનો ક્ષયોપશમ સારો છે તેવા આત્માર્થી જીવો તો આ વસ્તુને સમજવા બહુ જ કોશિષ કરે છે અને તેની સ્પષ્ટતા સમજાતા જૈનદર્શનના પ્રણેતા સર્વજ્ઞ દેવો જ જગતના તમામ પદાર્થોના ત્રણે કાળના યથાસ્થિત સ્વરૂપને સંપૂર્ણપણે દર્શાવવાની શક્તિવાળા છે એવા દ્રઢ વિશ્વાસી તે આત્માર્થી જીવો બને છે.

જેઓને જ્ઞાનનો ક્ષયોપશમ ઓછો હોય છે તેવા દ્રઢધર્મી જીવો તો સર્વજ્ઞ દેવો પ્રત્યે શ્રદ્ધાલુ હોવાના સ્વભાવથી જ તે હકિકત પોતાની

બુદ્ધિમાં નહીં સમજાતી હોવા છતાં પણ વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ તો સર્વજ્ઞ દેવોએ કહ્યું છે તેવું જ હોઇ શકે છે એવી માન્યતાવાળા હોય છે. પરંતુ પાશ્ચાત્ય કેળવણીના દોઢસો વર્ષના પ્રભાવે આપણા શિક્ષિત ગણાતા કેટલાક વર્ગમાં એક એવી ભ્રામક માન્યતા રૂઢ થવા પામી છે કે આપણાં શાસ્ત્રોમાં આવી કહેલી સૂક્ષ્મ હકિકત 'ગપ્પા' વગર બીજું કંઈ નથી. વાંચ્યા વિના વિચાર્યા વિના, તુલના કર્યા, વિના સમજ્યા વિના, સર્વ ખોટું છે એમ કહી દેવામાં હોંશિયારી માનતા અને માત્ર તુચ્છ વિજ્ઞાન પર જ વિશ્વાસુ રહેતા આપણા એ સુધારકો, શાસ્ત્રોકત હકિકતોને પાશ્ચાત્ય વિજ્ઞાનિકોની સંમતિની અને એમાં રહેલાં રહસ્યના સ્વીકારની મહોર લાગે છે ત્યારે જ વસ્તુને સહર્ષ સ્વીકારે છે.

આ લેખમાળામાં વિચારેલ પરમાણુ, સ્કંધ વર્ગણાઓ વગેરે હકિકતોનું શાસ્ત્રીય વર્ણન વિસ્તારપૂર્વક, પદ્ધતિસર, સૂક્ષ્મ વિચારથી ભરપૂર, જૈનશાસ્ત્રમાં એટલું બધું છે કે અન્ય કોઈ શાસ્ત્રોમાં પણ નથી. આધુનિક વિજ્ઞાનિકો તો સંપૂણ પણે કયાંથી શોધી શકે? પરમાણુવાદ અંગે આધુનિક વિજ્ઞાને કરેલી શોધ જૈનશાસ્ત્ર રૂપી સમુદ્ર પાસે એક જલબિંદુ માત્ર તુલ્ય છે. છતાં પણ જૈનશાસ્ત્રમાં કહેલી પુદ્ગલ દ્રવ્ય અંગેની હકિકતમાં આધુનિક વિજ્ઞાન ધીમે ધીમે પણ કંઈક અંશે એકમત થતું જાય છે.

હવે તો વિજ્ઞાન વિષે પ્રગટ થતી કેટલીક હકિકતો તો એટલી બધી વિચિત્ર આવે છે કે શાસ્ત્રીય સૂક્ષ્મ હકિકતોને માન્ય કરવામાં નિષેધ કરવા જેવું રહેતું જ નથી. તેમ છતાં પણ પદાર્થોની સૂક્ષ્મમાં સૂક્ષ્મ શોધ જૈનશાસ્ત્રોમાં જે રીતે મળી શકે છે તેવી સંપૂર્ણ શોધ દુન્યવી કોઇ પણ સાધનોથી શોધી શકાય તેમ છે જ નહીં. જૈનદર્શનકારોએ દર્શાવેલ પ્રત્યેક પદાર્થ માત્રનું સ્વરૂપ ત્રિકાળ અબાધિત છે. પરંતુ વર્તમાન વૈજ્ઞાનિકોએ અનુભવેલા કે પ્રગટ કરેલા સર્વ નિયમો કંઇ સર્વદા સ્થિર અને સત્ય રહ્યા નથી.

દૃષ્ટાંત તરીકે વર્તમાન વૈજ્ઞાનિકોએ પદાર્થના જે ભાગને અભેદ્ય, અછેદ્ય અને સૂક્ષ્મતમ માની પરમાણુ તરીકે નકકી કર્યો હતો તે પરમાણુમાં પાછળથી એલેકટ્રોન અને પ્રોટોનના વિભાગો સમજાયા, અને બાદ તે પ્રોટોનમાં પણ ન્યુટોન અને પોઝીટોન સમજાયા. હાલમાં ઈલેકટ્રોનને નાનામાં નાના અણુ તરીકે સ્વીકારાય છે પરંતુ ભવિષ્યમાં તેની પણ અણુ તરીકેના માન્યતા મિથ્યા બની જવાની. આ રીતે જેમ જેમ વિજ્ઞાનનો વિકાસ વધતો જાય છે તેમતેમ તેની કેટલીક બાબતોની નિશ્ચયતા મિથ્યા પ્રમાણિત બનતી રહે છે. જયારે જૈનશાસ્ત્રમાં કહેલ કોઈપણ હકિકત કોઇ કાળે લેશમાત્ર મિથ્યા પ્રમાણિત થતી નથી. ઇંગ્લાંડના આજના મહાન વિચારક શ્રી ડૉ. કેનેથવોકર કહે છે કે દરેક બાબતમાં માત્ર વિજ્ઞાન પ્રત્યક્ષ કરે તે જ સાચું અને બીજું બધું ખોટું એવી દલીલ કરનાર મૂર્ખ જ છે.

જૈનશાસ્ત્રમાં દર્શાવેલ સૂક્ષ્મ વિચારણાઓ પર વિશ્વાસ નહિ રાખનારા અને આધુનિકવિજ્ઞાનનું પણ ઉપરચોટીયું જ જ્ઞાન ધરાવનારાઓને તો જૈનશાસ્ત્રમાં વર્ણવેલ પુદ્ગલ વર્ગણાઓનું સ્વરૂપ વાંચીને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે. પરંતુ જૈનશાસ્ત્ર અને વર્તમાન વિજ્ઞાન એ બંનેમાં કહેલી હકિકતને સમજવાની જેઓ શકિતવાળા છે તેઓ આ પરમાણુ, સ્કંધ, પુદ્ગલવર્ગણા અને સ્કંધોના સંઘટ્ટન તથા વિઘટ્ટનની હકિકતો સત્ય સ્વરૂપે સમજી મહાજ્ઞાનીઓ પ્રત્યે પૂજયભાવવાળા બને એ હિસાબે વર્તમાન વિજ્ઞાન પણ, સ્કંધ અને સ્કંધનિર્માણની હકિકતમાં જૈનદર્શન સાથે કંઈક અંશે પણ કેવી

# વેરાયેલાં વિચાર રત્નો

( પૂ. પાદ પંન્યાસજી મ. શ્રી કનકવિજયજી ગણિવરનાં વ્યાખ્યાનોમાંથી ઉધ્ધૃત )

અવતરણકાર : **શ્રી સુધાવર્ષી**

તપમાં, સ્વાધ્યાયમાં, વિનયમાં, સમતા ભાવમાં એકાગ્ર બની જવું જોઈએ. આ બધામાં થતી એકાગ્રતા આત્માને સંસારથી તારનારી હોય છે.

વર્તમાન પાપનો ઉદય જે શાંતિપૂર્વક ભોગવે છે, તે ભવાંતરના પાપને ટાળી નાંખે છે. વર્તમાનનો ધર્મ ભૂતકાળના પાપને પણ પલટાવી નાંખે છે, અને વર્તમાનમાં પાપના ઉદયને જે ઉકળાટથી ભોગવે છે તે માનવીનો ભવાંતરમાં કરેલો કંઇક ધર્મ તે પણ પાપોદયમાં પલટાવે છે. પાપના ઉદયને સમતાભાવે ભોગવવાથી ધર્મ-જાગ્રત બને છે, ને અત્યંત સુખ આપે છે.

આયંબિલની તપશ્ચર્યા એ આલંબનભૂત છે. અસાર સંસારમાંથી આપણે જો શાશ્વત સ્થાનમાં જવું હોય, અનંત દુઃખમાંથી નીકળી અનંતા સુખમાં જવું હોય તો, શાશ્વતી ઓળીની આરાધના, એ શાશ્વત સ્થાને પહોંચાડનાર છે.

---

રીતે સમન્વય સાધી શકે છે તે હવે પછીના લેખમાં વિચારીશું.

આ હકિકતોનો, વિજ્ઞાનકથિત હકિકતો સાથે સમન્વય કરતાં કોઈ બાબતમાં સંજ્ઞાભેદ, વ્યાખ્યાભેદ, ઉપયોગભેદ જણાય તેટલા ઉપરથી શાસ્ત્રીય વ્યવસ્થામાં ક્ષતિ નહિં સમજતાં વસ્તુની સત્યતા સમજવાના અને સ્વીકારવાના લક્ષ્યવાળા બનવું. (ચાલુ)

---

આજના સંસારમાં ડગલે ને પગલે અસહિષ્ણુતા વિશેષ જણાઈ રહી છે. અસહિષ્ણુતા વધી એટલે આત્માની નિર્બળતા વધી. નિર્બળતા કેમ વધી? અંદરની સમજણે વિદાય લીધી હોય છે માટે, પણ જો સહનશીલતા આવે તો, આત્મા નિર્મળ બની જાય. સાત્વિક તથા તાત્ત્વિક સમજણ આ માટે કેળવવી જરૂરી છે.

જૈનધર્મ એ દુનિયામાં કઠીનમાં કઠીન ધર્મ છે. કેવલ શ્રાવકના કુલનો પણ ખાવાપીવાની વસ્તુ અને તેઓનો તપ દુનિયાભરમાં બીજે ક્યાંય નથી. ખાવા-પીવામાં એકાંતે સુખ માનનારને તે કઠીન લાગે તેમાં આશ્ચર્ય નથી !

સુંદરમાં સુંદર ચોતરફથી અનેક પ્રકારની વિવિધ સગવડતા હોય, સુબુદ્ધિના ભંડાર એવી વ્યક્તિઓ હોય, સંપત્તિઓની છોળો ઉછળતી હોય છતાં કોઈ પણ બાજી ઉંધી પડે એનું નામ ભવિતવ્યતા.

બીજાને ત્રાસ આપી આનંદ ભોગવવો તે તામસવૃત્તિ કહેવાય.

બીજાને સુખ આપી આનંદ ભોગવે તે સાત્વિકવૃત્તિ કહેવાય.

પોતે પોતાનાં સુખમાં ડુબી આનંદ ભોગવે તે રાજસવૃત્તિ કહેવાય

કુદેવ, કુગુરુ અને કુધર્મ મલ્યો હોય, પછી ભલે આત્માની પાત્રતા હોય, આત્મા ઉંચો હોય

પણ તેના કાર્યને પાર પામતો નથી. પણ જો સુદેવ, સુગુરુ અને સુધર્મ મળી જાય, આત્મામાં પાત્રતા આવી જાય, પછી પૂછવું જ શું? તેનું કાર્ય તે અવશ્ય પાર પાડે છે. અર્થાત્ તે આત્મા છેક મોક્ષમાં પહોંચી જાય છે.

**આ**ત્માની-કર્માધીન આત્માની અશરણતાનું જ્ઞાન આત્મામાં આવે એટલે સંસાર પ્રત્યે તેને સંવેગ અને વૈરાગ્ય પ્રગટે છે. સિધ્ધાંતનું તત્વજ્ઞાન યથાર્થ સમજાઇ જાય તો આત્મા કર્મબંધન અને એનાં કારણોથી સોગાઉ દૂર ભાગવા પ્રયત્નશીલ રહે!

જિનેશ્વર જેવા દેવ જેને મલ્યા છે, નિર્ગ્રન્થ ત્યાગી જેવા જેને ગુરુ મલ્યા છે અને વીતરાગકથિત ધર્મ જેને મલ્યો છે, તેવા આત્માઓને સંસારની અશરણુતા મૂંઝવી શકતી નથી.

**આ**ખા ઘરનો જશ લેવો હોય, ને જશ આપવો હોય, પોતાની કીર્તિ વધારવી હોય, આ બધું વિશાલ હૃદયી ધર્મશીલ વિવેકી સ્ત્રીઓને આભારી છે. કારણ? સ્ત્રી એ ઘરની આબરૂ છે, પણ એનામાં શીલ, સત્વ, વિવેક તથા ઉદારતા જોઇએ.

**સં**સારમાં એક આત્માને સહુ ઈચ્છે, ચાહે, એને અનુસરે અને એના ગુણગાન ગાય, આ બધું ભવાંતરમાં આપેલી શાતાનું ફળ છે. આનાથી વિપરીત એ અશાતાનું ફળ છે.

**આ**જે તો સંતાનો માબાપને હાથ જોડતાં શરમાય છે, પણ આવા સંતાનને આપણે કહીએ છીએ કે, મૂર્ખના સરદાર, એવો પણ અવસર આવશે કે માબાપને નહિ જોડતાં, ગધેડાને હાથ જોડવા પડશે? ત્યારે તું શું કરીશ?

**સા**ધુ-સાધ્વીની ધર્મમય જીવનચર્યા જોઈને અજ્ઞાની આત્માને એમ થાય કે આ બધું શું? આમ કેમ કરે છે? પણ બિચારો તે આત્મા જો સાધુ-સાધ્વી પાસે આવી, એમના એક-એક આચાર-વિચારને જાણે, એક-એક વસ્તુના સ્વરૂપને સમજે, અને જૈન સિદ્ધાંતોનું નિરીક્ષણ કરે, તો એને ખબર પડે? ખરેખર જૈન સાધુની થિએરી કોઈ અનુપમ અને સૂક્ષ્મ છે. પણ વાતોના ગપાટા મારે શું ખબર પડે?

**સં**યમી આત્માઓને જ્ઞાન છે કે પાપનો ઉદય ભયંકર હોય છે. પાપ કર્યા પછી તેનું ફળ, ને પરિણામ ઉગ્ર છે, માટે તેઓને પાપ ગમતું નથી. અને પાપ કરવું પાલવતું નથી.

**ન**વાણું દુઃખ, અને માત્ર એક સુખ તે પણ કાલ્પનિક એનું નામ સંસાર, અને સો સુખની ખાતર એક દુઃખ તે પણ ક્ષણવાર વેઠવું એનું નામ સંયમ.

**વ**ર્તમાનકાળ એટલે, ભૂતકાળ અને ભાવિકાળનું પ્રતિબિંબ પાડનાર આરિસો, કારણ? જેવું કર્યું હોય તેવું મળે છે, અને કરીએ એવું મલશે.

**મા**રૂં મારૂં કરતાં આત્મા આજે છેક પોતાની જાતને પણ મારવા સુધી આવી રહ્યો છે, પણ તારૂં તારૂં એટલે તારવાની ભાવનાવાળો હશે તો પોતાની જાતને ને બીજાને પણ તારનારો બનશે.

**આ**જે દુનિયામાં રાચ્યા માચ્યા રહેલાઓને કોણ ગમે? ખોટું કહેનારો, ખોટું બોલનારો અને ખોટું કરાવનારો પણ મોઢે મીઠું બોલનાર પ્રાયઃ સાચાની દુનિયા આજે રહી નથી.

**પા**પ કરતાં પણ જો હૃદયમાં કંઇક પણ દયાભાવ રહ્યો હશે તો, કોઈ વખત કોઇના દયાપાત્ર બનશો પણ જો હૃદયમાં નિર્ધ્વંસ પરિણામ રહ્યો હશે તો કોઇના દયાપાત્ર બનશો નહિ. ને સર્વ કોઈને આપણા પાપના ઉદયે દયા પણ ન જાગે!

**જિ**નેશ્વરદેવની વ્યાખ્યાનવાણી એટલે એ તો ગંગાપ્રવાહ. પેલી ગંગા તો મલીન છે, અને મેલ રાખે, પણ આ ગંગાપ્રવાહ તેમાં સ્નાન

કરતા માનવીઓને મલીનતા ટાળી અણીશુદ્ધ નિર્મળ બનાવે. પ્રકાશ પવિત્રતા તથા શીલતા આપે !

જેમ માનવીને પોતાનાં ઘેર લાખોની માલ-મિલ્કત હોય તો પણ તે મૂર્ખ માનવી બહારની વસ્તુમાં રખડયા કરે છે, તેમાં તેનું દિલ ચોંટે છે, તેવી રીતે જ જૈનશાસનમાં એટલે આપણી પાસે મહામૂલ્ય, મહાપ્રાભાવિક નવકારમંત્ર હોવા છતાં બહારના મંત્ર-તંત્રમાં રાચીએ છીએ. આનું કારણ એક જ છે કે આપણને આપણી વસ્તુમાં શ્રદ્ધા રહી નથી. આપણી મહામૂલ્ય વસ્તુ પર આપણને પ્રતીતિ નથી, આપણે આપણી વસ્તુને પારખી શકતા નથી.

એક વસ્તુ ભાવતી હોય, પણ ફાવતી ન હોય તે ભોગાંતરાય. પણ એક વસ્તુ ફાવતી ન હોય પણ ભાવતી કરે તે તપ, અને ભોગાંતરાયને તપમાં ફેરવવો તે વિવેક.

કોઇને આપણા પ્રત્યે સદ્‌ભાવ જાગે આપણી પાત્રતાથી-સંસ્કારથી.

કોઇને આપણા પ્રત્યે આકર્ષણ જાગે આપણી પુન્યાઈથી-(સૌભાગ્યથી).

કોઇને આપણા પ્રત્યે દુર્ભાવ જાગે દુર્ભાગ્યથી-આપણા અશુભોદયે.

સંસારમાં મોહની મીઠાશના કારણે મેરૂ જેટલા દુઃખો આવે તો પણ દુઃખ ન લાગે, અને સંયમના સુખમાં બિન્દુ જેટલું દુઃખ હોય તો પણ મેરૂ જેટલું લાગે. મોહની કેવી વિચિત્રતા !

વેદના અને વિટંબના તીવ્ર પાપોદય એ રીતે ભોગવાય. વેદના તો ઘરના ખુણામાં ભોગવાય. અને વિટંબના અનેકોના પરાભવ સહન કરી બધાની વચ્ચે ભોગવાય તે.

કોઈ પણ માનવી આપણને હડધૂત કરે, હેરાન કરે, ત્રાસ આપે તો સમજી લેવું કે ભવાંતરમાં આપણે નહિં કરેલા તપ ધર્મની ખામી છે. એમ વિચારી કોઈના પર આપણે અણગમો નહિં બતાવવો. પણ આપણી ખામી ટાળવા સમતાભાવે તપધર્મની આરાધના કરવા ઉજમાળ બનવું, આજના કાળમાં ખરેખર આ દુષ્કર છે. પણ એને સુકર બનાવ્યા સિવાય છૂટકો નથી.

★

## ખાલી પિસ્તોલ !

મધ્યરાત્રે ઘરમાં પેઠેલા લુંટારૂ : ખબરદાર એકપણ ડગલું આગળ ભર્યું છે તો, લાવ તે બધા રૂપિયા અહીંયા ધરી દો.

મકાનમાલિક : ભાઈ, આપણે એ અદલો બદલો કરીએ. તારા હાથમાંની પીસ્તોલ જો તું મને આપે તો હું તને બધા રૂપિયા આપી દઉં.

લુટારૂ : અચ્છા.

મકાનમાલિક : (પિસ્તોલ હાથમાં આવતાં) ચાલ, મેં આપેલા બધા રૂપિયા પાછા મૂકી દે છે કે યમરાજને ઘેર પહોંચતાં થવું છે?

લુંટારૂ : મહેરબાન, તે પહેલાં તમારે ખાલી પિસ્તોલમાં કારતુસ ભરવા પડશે સમજ્યા?

# ○ રામાયણની રત્નપ્રભા ○

**શ્રી પ્રિયદર્શન**

**પૂર્વ પરિચય :** ભ. શ્રી અજિતનાથસ્વામીના સમયમાં રાક્ષસ દ્વીપમાં લંકાનગરી ને મેઘવાહન રાજાનું રાજ્ય. એના વંશમાં ભ. શ્રી શ્રેયાંસનાથસ્વામીના શાસનમાં લંકામાં રાક્ષસેશ્વર કીર્તિધવલ; આ બાજુ વૈતાઢ્યમાં મેઘપુરનગરનો અતીંદ્ર રાજા. શ્રીકંઠ તેનો પુત્ર અને દેવી તેને પુત્રી. દેવીનું લગ્ન વિદ્યાધરો સાથે ન થતાં રાક્ષસેશ્વર કીર્તિધવલ સાથે થયું, અને રત્નપુરના પુષ્પોત્તર રાજાની પુત્રી સુંદરીને શ્રીકંઠ પરસ્પરના પ્રેમને વશ થઈ પરણ્યો. પરિણામે શ્રીકંઠની સાથે વિદ્યાધરોને વૈર બંધાયું, ને શ્રીકંઠે કીર્તિધવલના આગ્રહથી લંકાદ્વીપની બાજુમાં વાનરદ્વીપમાં વિષ્કિંધ પર્વતની બાજુમાં વિષ્કિંધાનગરી વસાવી ત્યાં જ આવાસ કર્યો. ત્યાં વસતા વાનરો સાથે પ્રજાને ભારે પ્રીતિ રહેતી. એટલે તેમના વંશનું નામ વાનરવંશ પ્રસિદ્ધ થયું. નંદીશ્વરદ્વીપની યાત્રાયે જતા દેવતાઓને જોઈ શ્રીકંઠ યાત્રા માટે નીકળ્યો. પણ માનુષોત્તરદ્વીપ આગળ તેનું વિમાન અટક્યું: પોતાનો દોષ વિચારતો શ્રીકંઠ રાજા વૈરાગ્યવાસિત બની દીક્ષા લે છે, કેવલજ્ઞાન પામી અંતે મોક્ષે જાય છે. **હવે વાંચો આગળ :**

⊙

## ૩ : લંકાનું પતન અને ઉત્થાનઃ

કાળનો અનાદિકાલીન ધસમસતો પ્રવાહ વહેતો જ જાય છે! વહેતો જ જાય છે! એ પ્રવાહમાં અનંત અનંત તીર્થંકરો વહી ગયા! અનંત અનંત ચક્રવર્તીઓ... અનંત અનંત વાસુદેવો... બલદેવો...માનવો... દાનવો... તણાઇ ગયા.

રાક્ષસદ્વીપ પર અને વાનરદ્વીપ પર અગણ્ય રાજાઓ થઇ ગયા.

શ્રેયાંસનાથ પછી તો વાસુપૂજ્ય, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાન્તિનાથ, કુંથુનાથ, અરનાથ અને મલ્લિનાથ. આઠ તીર્થંકરો થઇ ગયા.

વીસમા તીર્થપતિ મુનિસુવ્રત સ્વામીનો કાળ આવી લાગ્યો.

લંકાનો નાથ હતો તડિત્કેશ.

લંકા અને વિષ્કિન્ધા એટલે મિત્ર રાજ્યો.

વિષ્કિન્ધાના અધિપતિ 'ઘનોદધિરથ' વાનરેશ્વર સાથે તડિત્કેશને ખૂબ પ્રેમ.

વિષ્કિન્ધાના રમણીય ઉદ્યાનોમાં સહેલગાહ કરવાના તડિત્કેશને મનોરથ જાગ્યા.

અંતઃપુરની રાણીઓને લઇ તડિત્કેશ આવી પહોંચ્યો વાનરદ્વીપ પર.

નંદનવનની હરિફાઇમાં ઉતરેલા વાનરદ્વીપના 'નંદન' નામના ઉદ્યાનમાં તડિત્કેશ ક્રીડાઘેલો બની ગયો!

તડિત્કેશની પ્રાણપ્રિયા ચન્દ્રા.

એક સુંદરવૃક્ષની નીચે તે બેઠી છે.

વૃક્ષ પરથી એક વાંદરો નીચે ઉતરે છે.

ક્યારેય નહિ...ને આજે આ વાનરે મોટો જુલમ કર્યો.

નીચે ઉતરીને સીધો જ તેણે ચન્દ્રારાણી પર હુમલો કર્યો.

તીક્ષ્ણ નખો વડે રાણીની છાતી પર ઉઝરડા ભરવા માંડ્યા.

ચન્દ્રા તો અચાનક આવી પડેલી આફતમાં બેબાકળી બની ગઇ. તીણી ચીસ પાડી ઉઠી.

કુકર્મોને પરાધીન પ્રાણી પર ક્યારે કયી જગાએ આફતો તૂટી પડે તે અજ્ઞાન જીવ કેવી રીતે જાણી શકે? માટે તો કુકર્મોની પરાધીનતાને ફગાવી દેવાનો પુરુષાર્થ કરવા પરમપુરુષો ઉપદેશ કરે છે.

ચન્દ્રાની કારમી ચિચિયારી સાંભળતાં તડિત્કેશ બ્હાવરો બની ગયો. અને જ્યાં જોયું કે એક ભયાનક વાનર ચન્દ્રા પર હલ્લો કરી રહ્યો છે ત્યાં જ ધનુષ્ય પર તીક્ષ્ણ તીર ચઢાવ્યું.

સરરરર...કરતું તીર સીધું જ વાનરના પેટમાં ખૂંચી ગયું.

તીરના ઘાની પીડાથી વાનર આકુળવ્યાકુળ બની ગયો. દોડયો. પણ કેટલું દોડી શકે? થોડેક દૂર ગયો ને ધરતી પર ઢળી પડયો.

બાજુમાં જ એક મહામુનિ ધ્યાન-અવસ્થામાં ઉભા છે.

ચન્દ્ર જેવું સૌમ્ય મુખ છે!

કમળ જેવાં નિર્મલ લોચન છે!

વાનરની વેદનાભરી આંખો મુનિ તરફ મંડાણી છે, મુનિનું અંતઃકરણ અનુકંપન અનુભવે છે.

મુનિ તો વાનરના ઘાયલ દેહની પાસે બેસી ગયા.

એના કાન પાસે પોતાનું મુખ લઇ જઇ, વાનરને પરમમંગલ મહામંત્ર નમસ્કાર સંભળાવ્યો.

મહામંત્ર નવકાર એટલે પરભવનું અખૂટ ભાથું!

મુનિ તો દયાના સાગર. પરલોકની યાત્રાએ જતા જીવાત્મા પાસે તેમણે ભાથું ન જોયું. તરત જ સર્વોત્તમ ભાથાનો ડબ્બો છેડે બાંધી દીધો!

વાનરનું મૃત્યુ થયું.

વાનરનું કલેવર પલટાયું.

મહામંત્રના પુણ્યપ્રભાવે વાનરનો જીવાત્મા દેવ બન્યો!

અવધિજ્ઞાનથી દેવે પોતાનો પૂર્વભવ જોયો.

હજુ પોતાનો વાનરદેહ લોહીમાળ હાલતમાં પડયો છે. બાજુમાં મહામુનિ ઉભા છે મુનિવરના મહાન ઉપકારથી તેનું હૈયું ગદ્ગદ્ બની ગયું. તરત જ તે મુનિની પાસે આવ્ય. અને ભાવસહિત મુનિવરને વંદના કરી.

આમેય મુનિરાજ વંદનીય જ હોય, તેમાં ઉપકારી મુનિરાજ તો વિશેષ રીતે વંદનીય હોય.

વંદના કરીને દેવ જ્યાં ઉદ્યાન તરફ દૃષ્ટિપાત કરે છે ત્યાં તેનો રોષ ભભૂકી ઉઠયો. તડિત્કેશ રાજાના સુભટો એક પછી એક વાનરોને વીંધી રહ્યા હતા.

દેવે ત્યાંને ત્યાં જ એક વિકરાળ વાનરનું રૂપ ધારણ કર્યું. સાથે બીજા સેંકડો વાનરોની ઇન્દ્રજાળ ઉભી કરી દીધી અને રાક્ષસેશ્વરના સુભટો પર આખાંને આખાં વૃક્ષો ઉખાડીને ફેંકવા માંડયાં, મોટી મોટી પથ્થર શિલાઓ પાડવા માંડી. રાક્ષસવીરો ત્રાસી ઉઠયા અને ચારે દિશામાં ભાગવા માંડયા.

તડિત્કેશે વિચાર્યું કે 'જરૂર આ દૈવી ઉપદ્રવ છે.' તરત જ શરીર પરથી શસ્ત્રો લઇ લઇ પેલા વિકરાળ વાનરની સમક્ષ આવી તડિત્કેશે નમન-પૂજન કર્યું અને અંજલી જોડી પૂછે છેઃ-

'તમે કોઇ દિવ્ય પુરુષ છો. શા માટે આ રૂપ ધારણ કર્યું છે? અને શા માટે અમારા પર ઉપદ્રવ કરો છો?'

દેવનો રોષ શમી ગયો. પોતાનું દિવ્યસ્વરૂપ પ્રગટ કર્યું અને પોતાનો સર્વ વૃત્તાન્ત રાક્ષસેશ્વરને કહ્યું.

પોતાનું વૃક્ષ પરથી ઉતરવું. ચન્દ્રારાણી પર વૈરવૃત્તિનું જાગવું. અચાનક હુમલાનું થવું ને રાણીનું બેબાકળી થઇ જવું. તડિત્કેશનું તીરથી પોતાને વીંધી નાખવું. દોડીને મુનિનાં ચરણો આગળ ઢળી પડવું. મુનિનું શ્રી નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરાવવું. મરીને પોતાને દેવ થવું. અવધિજ્ઞાનથી મુનિના મહાન ઉપકારને જોઇ હર્ષ પામવું. પાછા અહીં આવવું...

લંકેશ તો દેવની આ વાણી સાંભળીને તાજ્જુબ થઇ ગયો. દેવને સાથે લઇ તે મહામુનિની પાસે ગયો.

મુનિવરનાં ચરણોમાં મસ્તક નમાવી લંકાપતિએ વિનીત ભાવે પૂછ્યું.

'કૃપાનિધિ! વાનર સાથેના મારા વૈરનું શું કારણ? તે જણાવવા કૃપા કરશો?'

મુનિની સામે લંકાપતિએ અને દેવે આસન જમાવ્યાં.

મુનિવરે તેમના વેરનું કારણ કહેવા માંડયું.

'લંકેશ! શ્રાવસ્તી નગરીમાં તું હતો મંત્રીપુત્ર. તારૂં નામ હતું દત્ત. જ્યારે આ દેવનો જીવ કાશીમાં એક શિકારી હતો!

દિવ્યજ્ઞાનના સહારે મુનિએ જ્યારે બંનેના પૂર્વ-ભવો કહેવા માંડયા ત્યારે લંકાપતિ તો ટગર ટગર મુનિના મુખ તરફ જ જોઈ રહ્યો.

'પછી પ્રભુ?'

તું સંસારથી વિરકત બની ગયો. તેં દીક્ષા ગ્રહણ કરી. પૃથ્વીતલ પર વિચરતો વિચરતો તું કાશીના દ્વારે પહોંચ્યો.

તે વખતે આ દેવનો જીવાત્મા શિકારી, તે નગરની બહાર નીકળતો હતો. મુંડાયેલા મસ્તકવાળો તું તેને સામે મળ્યો. શિકારીએ તારામાં અપશુકનની બુદ્ધિ કરી. તારા પર મહાન તિરસ્કાર વરસાવ્યો. અને પ્રહાર કરી તને નીચે પાડયો. તારૂં મૃત્યુ થયું. મરીને 'માહેન્દ્ર' દેવલોકમાં તું દેવ થયો. ત્યાં દીર્ઘકાળ તેં સુખ ભોગવ્યાં અને ત્યાંથી આયુષ્ય પૂર્ણ થતાં તારો લંકામાં જન્મ થયો.

પેલો પારધી તો પાપનો પોટલો બાંધી પહોંચ્યો નરકમાં. ત્યાંથી આયુષ્ય પૂર્ણ કરી વાનર થયો અને વાનર મરીને આ દેવ થયો!

તમારા બંનેના વૈરનું આ કારણ છે.

દેવે ફરીથી તે મહા સાધુને વાંદ્યા.

લંકાપતિની અનુજ્ઞા લીધી અને અદ્રશ્ય થઇ ગયો.

અહીં તડિત્કેશના ચિત્તમાં તો મોટો ખળભળાટ મચી ગયો. 'કર્મોને પરાધીન આત્માઓ ભવમાં ભટકતાં કેવી કેવી ભૂલો કરે છે. એ ભૂલોનાં કેવાં ભયંકર પરિણામો આવે છે...!' ચિંતન કરતાં કરતાં તેને ભવના ભોગો અસાર ભાસ્યા.

તડિત્કેશ રાજા મુનિરાજને વંદના કરી, પરિવારની સાથે લંકામાં પાછો ગયો. હવે નથી ગમતું તેને રાજ્યસિંહાસન, નથી ગમતી રાણીઓ સાથેની ક્રીડા, નથી ગમતા ખાનપાન કે નથી ગમતાં લંકાનાં નંદનવનો.

પુત્ર સુકેશને બોલાવ્યો અને લંકાનું રાજ્ય તેને સોંપ્યું.

તડિત્કેશ રાજર્ષિ બની ગયા.

દીર્ઘકાળ સંયમજીવનનું ઉગ્ર પાલન કર્યું અને સર્વ કર્મોથી મુકત બની તે મહર્ષિ પરમપદને પામી ચૂકયા.

વાનરદ્વીપના અધિપતિ ઘનોદધિરથ તડિત્કેશનો પરમપ્રિય મિત્ર. તડિત્કેશ સંસારનો ત્યાગ કરી ચાલી નીકળે અને ઘનોદધિરથ રાજ્યમાં લંપટ થઇને બેસી રહે? તેણે પણ સંયમજીવન સ્વીકારી લીધું. શિવ-પદનો પરમ યાત્રિક બની ગયો.

(૨)

રાક્ષસેશ્વર સુકેશ બન્યો અને વાનરેશ્વર કિષ્કિન્ધિ બન્યો.

એ અરસામાં વૈતાઢય પર્વત પર આદિત્યપુર નગરમાં મંદિરમાલી નામનો વિદ્યાધરેશ રાજ્ય કરતો હતો. તેને શ્રીમાલા નામની એક પુત્રી હતી.

શ્રીમાલા યૌવનમાં આવી. મંદિરમાલીએ પુત્રીને સુયોગ્ય પતિ પ્રાપ્ત થાય તે હેતુથી સ્વયંવરનું આયોજન કર્યું. સ્વયંવરમાં સર્વે વિદ્યાધર રાજાઓને આમંત્રણ આપવામાં આવ્યાં.

તેમાં વાનરેશ્વર કિષ્કિન્ધિ પણ આવી પહોંચ્યો. સેંકડો વિદ્યાધર રાજાઓ સ્વયંવર-મંડપમાં સિંહાસનો પર ગોઠવાઇ ગયા.

શણગારમાં કમીના હોય ખરી? પોતાની સંપત્તિ-વૈભવના પ્રદર્શનનો આનાથી કયો બીજો સુંદર અવસર મળવાનો હતો?

રાહ જોવાઇ રહી છે રાજકુમારીની.

ત્યાં તો શ્રીમાલા સોળે શણગાર સજીને સ્વયંવર-મંડપમાં દાખલ થઈ.

જાણે સ્વર્ગના આંગણે ઉર્વશી રમવા નીકળી!

હાથમાં સુગંધ ભરપૂર પુષ્પોની ગુંથેલી મનોહર માળા હતી. બાજુમાં પીઢ અને અનુભવી દાસી હતી.

દાસીએ ક્રમશઃ વિદ્યાધર રાજાઓની ઓળખ આપવા માંડી. પરાક્રમ, કુળ, પરિવાર, રૂપ, કળા, રાજ્ય....વગેરેનું રોચક વર્ણન કરવા માંડયું. એક પછી એક...સેંકડો વિદ્યાધર રાજાઓ પર નાપસંદગી ઉતરી.

જ્યાં વાનરદ્વીપનો અધિપતિ કિષ્કિન્ધિ બેઠો છે, ત્યાં શ્રીમાલા પહોંચી.

કિષ્કિન્ધિને જોતાં જ શ્રીમાલાનાં અંગે અંગમાં રોમાંચ પ્રગટયો...કિષ્કિન્ધિના ગળામાં વરમાલા આરોપાઈ ગઈ.

પણ ત્યાં તો રથનૂપુરથી આવેલો વિજયસિંહ રાજકુમાર રોષથી ભભૂકી ઉઠયો. પ્રબળ પરાક્રમથી ગવિષ્ઠ બનેલા વિજયસિંહે ત્રાડ પાડી.

'આ વાંદરાઓને અહીં કોણે બોલાવ્યા? વૈતાઢય પરથી પૂર્વે પણ આમને ચોરની જેમ હાંકી કાઢવામાં આવ્યા હતા....અધમ....દુષ્ટ....પણ હવે પાછા જ ન જવા દઉં...પશુની જેમ અહીં આ સ્વયંવરની વેદી પર વધેરી નાંખું છું...' એમ રાડો પાડતો યમરાજની જેવો વિજયસિંહ હાથમાં ભયંકર ખડ્ગ લઈને ઉછળ્યો.

સ્વયંવરમાં આવેલા વિદ્યાધર રાજાઓ બે વિભાગોમાં વહેંચાઈ ગયા.

કેટલાકે વિજસિંહનો પક્ષ કર્યો. કેટલાકે કિષ્કિન્ધિનો પક્ષ સ્વીકાર્યો.

કિષ્કિન્ધિની સાથે તેનો પરમ મિત્ર સુકેશ લંકાપતિ મરણીયો થઈને ઝુઝવા માંડયો.

સ્વયંવરની ભૂમિ યુદ્ધની ભૂમિ બની ગઈ!

ભાલા સામે ભાલા ચમકવા લાગ્યા.

તલવારોની સામે તલવારો ઉછળવા લાગી.

હાથીઓની સામે હાથીઓ ભટકાવા લાગ્યા.

યોદ્ધાઓની કારમી ચીચીયારીઓથી પૃથ્વીને ફાડી નાંખતો ધ્વનિ થવા લાગ્યો. લોહીથી પૃથ્વી ભીંજાઈ ગઈ. કંઈ વીરો ભૂશરણ થવા લાગ્યા.

કિષ્કિન્ધિના નાના ભાઈ અંધકે રૌદ્રસ્વરૂપ પકડયું. ઝાડ પરથી ફળની જેમ વિજયસિંહનું માથું ઉડાવી દીધું.

વિજયસિંહ મરાયો ત્યાં તેનું સૈન્ય ત્રાસી ઉઠયું અને યુદ્ધભૂમિ છોડી ચાલ્યું ગયું.

કિષ્કિન્ધિ પણ શ્રીમાલાને લઈને આકાશમાર્ગે કિષ્કિન્ધા તરફ પાછો વળ્યો.

યુદ્ધ.. વૈર.. કેટલી બધી ભયંકર વસ્તુ છે! કિષ્કિન્ધિના ગર્વનો કોઈ પાર નથી. તે સમજે છે કે મેં શત્રુનો નાશ કરી નાંખ્યો એટલે નિર્ભય બન્યો... વિજયી બન્યો. પરંતુ બીજ તો ભૂમિમાં જ દટાયેલું હોય, બહાર ન દેખાય. એમ વૈરનું બીજ વાવ્યા પછી ભલે આમડાંની આંખે ન દેખાય પણ એ બીજમાંથી જ્યારે એકાએક ભયંકર કાંટાળું વૃક્ષ ઉગે છે ત્યારે આંખો ફાટી જાય છે!

પુત્રવધના સમાચાર વાયુવેગે રથનુપુર પહોંચી ગયા. વિજયસિંહના પિતા અશનિવેગ વિદ્યાધરેન્દ્ર ધમધમી ઉઠયો. વૈરનો બદલો લેવા તુરત જ તે વાનરદ્વીપ પર આવી પહોંચ્યો, અશનિવેગના મદાંધ યોદ્ધાઓએ વાનરદ્વીપનાં રમણીય ઉદ્યાનો ઉજ્જડ કરવા માંડયા. કિષ્કિન્ધિ નગરીને ચારેકોરથી ઘેરી લીધી.

ગુફામાંથી ગર્જના કરતો જેમ સિંહ નીકળે તેમ કિષ્કિન્ધિ લંકાપતિ સુકેશ તથા નાના ભાઈ અન્ધકની સાથે કિષ્કિન્ધિનગરીની બહાર નીકળ્યો.

અશનિવેગે પોતે જ સૈન્યના મોખરે આવી પ્રચંડ યુદ્ધ કરવા માંડયું. પટલાણી જેમ દાતરડાથી ઘાસને કાપે તેમ અશનિવેગે રાક્ષસવીરો અને વાન-

વીરોને કાપવા માંડયા; પણ તે શોધતો હતો પુત્ર-ઘાતક અંધકને ! અંધક તો આંધળો બનીને ઝઝુમી રહ્યો હતો. કંઇ વિદ્યાધરોના સંહાર કરતો કરતો તે અશનિવેગની સમીપ આવી પહોંચ્યો.

અંધકને પોતાની નજીકમાં જોતાં જ અશનિવેગે છલાંગ મારી !

હરણના પર સિંહ જેમ તૂટી પડે !

અંધકનું ધડ પરથી માથું ઉડાવી દીધું !

રાક્ષસદ્વીપ અને વાનરદ્વીપના વિદ્યાધરો ચારે દિશાઓમાં ભાગી છૂટયા.

સુકેશ અને કિષ્કિન્ધિ પાતાલ લંકામાં જઇને ભરાયા.

પાતાલલંકામાં રહેતાં કિષ્કિન્ધિને બે પરાક્રમી પુત્રો થયા. એકનું નામ આદિત્ય અને બીજાનું નામ રક્ષ.

એકવાર કિષ્કિન્ધિ મેરુગિરિની યાત્રાએ ચાલ્યો. મેરુગિરિ પરના શાશ્વતકાલીન જિનેશ્વર પ્રતિમાઓને તેણે વંદી, પૂજી. યાત્રાનો મહાન આનંદ તેણે પ્રાપ્ત કર્યો. પાછા વળતાં આકાશમાંથી તેણે મધુપર્વત જોયો.

મધુપર્વત પરના રમણીય ઉદ્યાનોએ કિષ્કિન્ધિના ચિત્તને હરી લીધું. કિષ્કિન્ધિએ મધુપર્વત પર અલબેલી નગરી વસાવવાનો મનોરથ કર્યો.

અને આ તો વિદ્યાધર ! જોતજોતામાં તો મધુપર્વતનાં સુવર્ણ શિખરો પર કિષ્કિન્ધ નામનું નગર વસી ગયું. કિષ્કિન્ધિ પોતાના સર્વ પરિવાર સાથે આવીને ત્યાં વસ્યો. જાણે કૈલાસ પર આવીને કુબેર વસ્યો !

રાક્ષસપતિ સુકેશ પાતાલલંકામાં દુઃખમય દિવસો વ્યતીત કરે છે. તે અરસામાં તેની રાણી ઈંદ્રાણીએ ત્રણ પુત્રરત્નોનો જન્મ આપ્યો. એકનું નામ માલી, બીજાનું નામ સુમાલી અને ત્રીજાનું નામ માલ્યવાન.

ત્રણે ભાઇઓનું ગજબનાક ભૂજાબળ હતું. ત્રણે યૌવનમાં આવ્યા, યુદ્ધકળામાં નિપૂણ બન્યા.

એક દિવસ ઇંદ્રાણીને ખૂબ ઉદાસ જોઇ, મોટા પુત્ર માલીએ પૂછ્યું.

'મા, તું કદીય હસ્તી તો દેખાતી જ નથી.'

મહા પરાક્રમી માલીની આંખોમાં આંખો પરોવી ઈંદ્રાણીની આંખોમાં પાણી ભરાઇ આવ્યાં. પુત્ર ન જુએ એ રીતે સાડીના પાલવથી તેણે આંખો લુછી નાંખી. પણ ચકોર માલી પરખી ગયો !

'મા, તું રડે છે? શા માટે? શું તારું કોઇએ અપમાન કર્યું છે? શું તારી સામે કોઇ નરાધમે કુદૃષ્ટિ કરી છે? શું તને કોઇ રોગ પીડી રહ્યો છે? તું કહે. કહેવું જ પડશે. તારા અમે ત્રણ ત્રણ પરાક્રમી પુત્રો હોઇએ, છતાં તારે આંખમાંથી આંસુ પાડવાં પડે. એ અમને શૂળથીય અધિક ખૂંચે છે.'

ઇંદ્રાણીએ સ્વસ્થ થઇ કહ્યું.

'બેટા ! આપણું રાજ્ય જ્યારથી વૈતાઢ્ય પર્વત પરના અશનિવેગ રાજાએ તારા પિતાને અને તારા પિતાના પરમમિત્ર કિષ્કિન્ધિ વાનરેશ્વરને હરાવી પડાવી લીધું. લંકાના રાજ્ય પર પોતાના આજ્ઞાંકિત 'નિર્ઘાત' નામના વિદ્યાધરને બેસાડયો. અને તારા પિતાને અહીં પાતાલલંકામાં આવીને રહેવું પડયું. ત્યારથી જ મારા સુખની સંધ્યા આથમી ગઇ છે. જ્યાં સુધી હું દુશ્મનોને....

'બસ કર મા, સમજી ગયો. પિતાના રાજ્યને એ દુષ્ટ નિર્ઘાત વિદ્યાધરનો વિનાશ કરીને, લઇને જં ઝંપીશું.'

ત્રણે ભાઇઓ પિતાના રાજ્યને પાછું મેળવવા તડપી રહ્યા. આગની જ્વાલાઓની જેમ વૈરની આગથી તેમનાં મુખ લાલચોળ બની ગયાં.

યુદ્ધનાં નિશાન ગડગડયાં. નોબતો બજી ઉઠી. લાખો રાક્ષસવીરો લંકાને પુનઃ હસ્તગત કરી લેવા થનગની ઉઠ્યા.

માલી, સુમાલી અને માલ્યવાને માતા ઈંદ્રાણીને ચરણે મસ્તક નમાવ્યાં અને માતાની શુભ આશિષ મેળવી. કુમારિકાઓએ કુંકુંમના તિલક કર્યાં અને કમરે વિજયી ખડ્ગ બાંધ્યાં !

પુરોહિતે શુભ મુહૂર્તનો પોકાર કર્યો.

યુદ્ધયાત્રાનું શુભ પ્રયાણ થયું. આકાશમાર્ગે ત્વરાથી સૈન્ય લંકાની સીમમાં આવી પહોંચ્યું ભીષણ અને રણવીર રાક્ષસવીરોએ લંકાને ચારેકોરથી ઘેરી લીધી. અશનિવેગના પીઠબળથી મદાંધ બનેલો નિર્ઘાત ખેચર યુદ્ધ માટે લંકાની બહાર નીકળ્યો.

બહાર પડતાં જ માલીની ભયાનક ગર્જનાએ નિર્ઘાતને પડકાર્યો.

બંને વીર અને પરાક્રમી! ક્ષણમાં નિર્ઘાતનો વિજય દેખાય તો ક્ષણમાં માલીનો! ત્યાં તો માલીની પડખે સુમાલી અને માલ્યવાન આવી ચઢયા. પણ માલીની ત્યાં ગર્જના થઇ.

'તમે બંને દૂર રહો, એ દુષ્ટને તો હું જ પુરો કરીશ.' એમ કહેતો માલી સિંહની જેમ છલાંગ મારી નિર્ઘાતની નજીક જઇ ઉભો.

યમરાજ જેવો માલી તદ્દન નિકટમાં આવતા નિર્ઘાત સ્તબ્ધ બની ગયો. ત્યાં તો માલીએ તીક્ષ્ણ ઘા કરી ધડ પરથી માથું ખેરવી નાંખ્યું.

નિર્ઘાત રણમાં રોળાયો. તેનું સૈન્ય નષ્ટભ્રષ્ટ થઇ ગયું.

માલીએ ભાઇઓની સાથે લંકામાં પ્રવેશ કર્યો. લંકાના રાજ્યસિંહાસન પર માલીનો અભિષેક થયો.

કિષ્કિન્ધિપર્વત પર કિષ્કિન્ધિનગરીમાં આદિત્યનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો.

પુનઃ લંકા અને કિષ્કિન્ધિના વારસદારોએ સ્વરાજ્ય હાંસલ કરી લીધું.

(૩)

અન્ધકનો વધ કરી અશનિવેગનો કોપ શાન્ત થઇ ગયો હતો. રથનૂપુર પહોંચ્યા પછી અશનિવેગના જીવનમાં ઝડપી પરાવર્તન થવા લાગ્યું. રાજયની ખટપટોમાંથી તેનું ચિત્ત ઉઠી ગયું. જીવનની અસારતાનું તેને સ્પષ્ટ ભાન થવા લાગ્યું. મોક્ષમાર્ગની ઉપાસના કરી લેવાની ભાવના તેના અંતઃકરણમાં અંકુરિત થઇ. સદ્‌ભાવનાઓનાં સતત સિંચનથી સંસારત્યાગનો મનોરથાંકુર પાંગર્યો અને એક મંગલ દિવસે તેણે સંસારને સાચેસાચ ત્યજી દીધો.

રથનૂપુરના રાજ્યસિંહાસને અશનિવેગનો પુત્ર સહસ્રાર બેઠો.

સહસ્રારની રાણી ચિત્રસુંદરી.

રમણીય શયનગૃહમાં ચિત્રસુંદરી સુતી છે.

દીપકો ધીમાધીમા જલી રહ્યા છે.

પશ્ચિમનો વાયુ મંદમંદ વહી રહ્યો છે.

ચિત્રસુંદરી અર્ધનિદ્રામાં પડી છે. ત્યાં એક સુંદર સ્વપ્ન તેણે જોયું. કદીય નહિ જોયેલું? જોઇને ચિત્રસુંદરી હર્ષિત થઇ ગઇ. ઝબકીને બેઠી થઇ ગઇ. સહસ્રાર રાજાના શયનગૃહમાં પહોંચી અને રાજાને શુભ સ્વપ્નની વધામણી આપી.

સહસ્રારે સ્વપ્ન સાંભળી, તેના પર ચિંતન કર્યું.

'દેવી! તમે એક પુત્રરત્નને પ્રાપ્ત કરશો!' સહસ્રારે કહ્યું.

'આપનું વચન સફળ બનો!' કહી ચિત્રસુંદરીએ પતિના વચનને વધાવ્યું.

ચિત્રસુંદરીના પેટે એક ઉત્તમ દેવ અવતર્યો.

દિનપ્રતિદિન ગર્ભ વૃદ્ધિને પામતો ગયો.

એક દિવસ ચિત્રસુંદરીનાં ચિત્તમાં એક ઇચ્છા પ્રગટી. મનોરથ ખૂબ જ ખરાબ હતો. ઘણા કષ્ટે એ પૂર્ણ થઇ શકે, કોઇને કહી શકાય નહિ એવો!

ચિત્રસુંદરીની કોમળકોમળ કાયા કૃશ બનતી ચાલી. નથી એ સુખે ખાતી નથી એ સુખે સુતી કે નથી એ સુખે ફરતી.

સહસ્રાર રાજા પણ ચિંતાતુર બની ગયો. અંતેપુરમાં આવી ચિત્રસુંદરીને પૂછે છે.

'પ્રિયે! કેમ સંતાપમાં તું શેકાઇ રહી છે? કઇ મૂંઝવણ તને પીડી રહી છે? દિલ ખોલીને વાત કર.'

'ના, ખાસ કંઇ નથી.'

એવું બને જ નહિ. ચિંતા વિના આમ દેહ સુકાઇ જાય ખરો?

'વાત સાચી છે પણ....' ચિત્રસુંદરીનું મસ્તક નમી ગયું. પગના અંગુઠાથી તે ભૂમિ ખોતરવા લાગી.

'તો કહેતાં શા માટે અચકાય છે?' રાજાએ નિકટમાં આવી પૂછ્યું.

'વાત કહી શકાય તેવી નથી...'

'મારાથી પણ છૂપાવવાની છે?'

'છૂપાવવી તો નથી પણ....'

'પણ શું?'

'જીભ ઉપડતી નથી...લજ્જાથી મરી પડું છું....'

'તું નહીં કહે ત્યાં સુધી હું અહીંથી ખસવાનો નથી.'

'તો તો બહુ સરસ!'

'ખાવા-પીવાનું પણ બંધ...આ આપણે તો ભગવાનનું નામ જપતા બેઠા! જ્યાં સુધી ન કહેવું હોય ત્યાં સુધી ન કહેતી!

રાજાના અત્યાગ્રહ આગળ ચિત્રસુંદરીનો પરાજય થયો. ન છૂટકે તેને પોતાનો આંતરિક મનોરથ કહેવો પડયો.

'ઇન્દ્ર સાથે ભોગ ભોગવવાનો મલિન મનોરથ જ્યારથી મને પ્રગટયો છે, ત્યારથી મારૂં મન ખૂબ જ વ્યાકુળ રહે છે....'

કહેતાં શું કહી તો દીધું, પણ સહસ્રારના શું પ્રત્યાઘાતો પડશે? તેની કલ્પનાથી તે ધ્રૂજી ઉઠી.

સહસ્રારે ચિત્રસુંદરીની સરળતાનો ગેરલાભ ન ઉઠાવ્યો. અર્થાત્ ચિત્રસુંદરી પોતાને છોડી ઇન્દ્ર-પર પુરુષને ચાહે છે તે જાણી રાણી પર દ્વેષ કે તિરસ્કાર ન કર્યો પરંતુ તેની તે કામના પૂર્ણ કરવાની યુક્તિબદ્ધ યોજના વિચારી.

કર્મની કેવી વિચિત્રતા છે! સહસ્રાર પ્રત્યે પૂર્ણ પ્રેમને ધારણ કરનારી ચિત્રસુંદરી ગર્ભાવાસમાં આવેલા જીવના પ્રભાવે ઇન્દ્ર પ્રત્યે અનુરાગવાળી બની! આગંતુક જીવનાં કર્મ ચિત્રસુંદરીના મન પર કેવી દુષ્ટ અસરો કરે છે?

પેટમાં જીવ આવ્યા પછી માતાને જે મનોરથો થાય છે, તે મનોરથો પેલા જીવના ભાવિનું સૂચન કરતા હોય છે.

સહસ્રાર તો વિદ્યાધર રાજા હતો. વિદ્યાના બળે તેણે ઇન્દ્રનું રૂપ કર્યું અને ચિત્રસુંદરીના મનોરથને પૂર્ણ કર્યો.

કાળક્રમે ચિત્રસુંદરીએ પુત્રનો જન્મ આપ્યો.

પુત્રનાં લક્ષણ પારણામાં! જન્મથી જ રાજપુત્રના અંગે અંગમાંથી શૌર્ય નિતરતું હતું.

મંગલમુહૂર્તે પુત્રનું નામ પાડયું ઇન્દ્ર.

કલાચાર્યોની છાયામાં ઇન્દ્રની જીવનકલા ખીલવા માંડી. એક પછી એક વર્ષો વીતવાં માંડયાં. ઇન્દ્ર યૌવનકાળમાં પ્રવેશ્યો.

ઇન્દ્ર ચાલે અને વૈતાઢયનાં શિખરો ધ્રૂજે!

ઇન્દ્ર બોલે અને વૈતાઢયના રાજાઓ કંપે!

પરાક્રમ તો ઇન્દ્રનું! વિદ્યાબળ તો ઇન્દ્રનું! તેજ:પ્રતાપ પણ ઇન્દ્રનો!

સહસ્રારે વિચાર્યું કે 'ઇન્દ્ર હવે રથનૂપુરનું રાજ્ય સંભાળવા શક્તિશાળી છે. પછી મારે આત્મહિતમાંજ લીન બનવું યોગ્ય છે.'

રથનૂપુરનો રાજા ઇન્દ્ર બન્યો.

સહસ્રારે ધર્મસાધનામાં જીવ પરોવ્યો.

ઇન્દ્રે રાજ્યને મહારાજ્ય બનાવવાનો દૃઢ સંકલ્પ કર્યો. પોતાના નામને સાર્થક બનાવવાનો તેને મનસુબો જાગ્યો.

તેણે ચાર પરાક્રમી વિદ્યાધર રાજાઓને ચાર દિક્પાલ બનાવ્યા.

સાત સૈન્યો અને સાત સેનાપતિઓ બનાવ્યા.

ત્રણ પર્ષદાઓ રચી.

'વજ્ર' નામનું શસ્ત્ર બનાવ્યું.

'ઐરાવણ' હાથી બનાવ્યો.

રંભા-ઉર્વશી વગેરે નામવાળી સ્ત્રીઓની સ્થાપના કરી.

'બૃહસ્પતિ' નામનો મંત્રી બનાવ્યો.

'નૈગમેષિ' નામનો સર–સેનાપતિ સ્થાપ્યો.

દેવલોકના ઈંદ્રના પરિવારમાં દેવોનાં જે જે નામો તે બધા નામો તેણે પોતાના વિદ્યાધર–પરિવારમાં પાડ્યાં અને 'હું ઇન્દ્ર!' એવા ઘમંડથી રાજ્યનું પાલન કરવા માંડ્યું.

પણ આ તો સંસાર! કોઇનું ય ઘમંડ ટકવા ન દે. કર્મસત્તા ઉંચી સંપત્તિ અને વૈભવો જીવના ચરણે ધરે છે પરંતુ જીવ પાસે તે તેના ત્યાગની અપેક્ષા રાખે છે! જો જીવ તે સંપત્તિ અને વૈભવો પર મગરૂબી ધારણ કરનારો બને છે તો તે સંપત્તિ–વૈભવોનો બીજો ઉમેદવાર કર્મસત્તા ઉભો કરીને છીનવી લેવા પ્રેરે છે.

ઈન્દ્રની ઇન્દ્ર તરીકેની ખ્યાતિ દેશોદેશ પ્રસરી ગઇ. લંકાપતિ માલી રાજા ઇન્દ્રના અહંકારને સહન ન કરી શકયો. પોતાની પ્રચંડ શકિતનું તેને અપમાન થતું લાગ્યું.

ઇન્દ્રને મહાત કરવા માલી થનગની ઉઠયો, યુદ્ધનાં નિશાન ગડગડયાં.

સુમાલી માલ્યવાન વગેરે પરાક્રમી રાક્ષસવીરોની સાથે માલીએ આકાશમાર્ગે વૈતાઢય પર પ્રયાણ કર્યું. રાક્ષસવીરોથી આકાશ ઢંકાઇ ગયું. પણ ત્યાં જ સુમાલીએ માલીને કહ્યું–

'મોટા ભાઇ, શુકન સારા થતાં નથી.'

'સુમાલી! તું કાયરનો કાયર જ રહ્યો....' પ્રચંડ ભુજાબળથી ગવિષ્ઠ બનેલા માલીએ સુમાલીને હસી કાઢયો.

'પણ આ ગધેડો ભૂંડું ભૂંકી રહ્યો છે...'

'ભલે ભૂંકે! તું ભૂંકવાનું બંધ કર.'

'આ શિયાળીઓનો વિરસ સ્વર માઠાં એંધાણ કરે છે.'

'બોલતો બંધ થઇશ? માલીની અપ્રમેય શકિત પર હજુ ય અવિશ્વાસ છે? સુમાલી! બનાવટી ઇન્દ્રને રણમાં ધૂળચાટતો કરી આ પાછા વળ્યા સમજ, શુકન–અપશુકનને પરાક્રમી પુરુષો ગણકારતા જ નથી હોતા.'

'રાક્ષસપતિ, શુકન કંઇ અશુભ નથી કરતાં પરંતુ આપણા શુભ–અશુભ ભાવિનું સૂચન કરતા હોય છે. મહર્ષિઓએ....'

'ચૂપ મર. તારી સલાહની મને જરૂર નથી.'

બિચારો સુમાલી....માલીના દુરાગ્રહ આગળ સુમાલીને ચૂપ થઇ જવું પડયું. આકાશમાર્ગે વૈતાઢયનાં શિખરો રાક્ષસવીરો–વાનરવીરોની વિરાટ સેના ઉતરી પડી.

માલીએ ઇન્દ્રને યુદ્ધની હાકલ કરી.

ઇન્દ્ર પણ ગાંજ્યો જાય એમ ન હતો. રથનૂપુરની શેરીએ શેરીએ યોદ્ધાઓ ઉભરાવા લાગ્યા. યુદ્ધની નોબતોથી આકાશમંડલ ધણધણી ઉઠયું.

ઐરાવણ હાથી પર ઈન્દ્ર આરૂઢ થયો. હાથમાં વજ્રને ધારણ કર્યું. સાગરના જેવી અપાર સેના સાથે ધમધમતો ઇન્દ્ર માલીની સામે ધસમસતો આવી પહોંચ્યો.

ઇન્દ્રનું સૈન્ય અને માલીનું સૈન્ય પરસ્પર ભટકયું. સામસામાં શસ્ત્રો આથડયાં.. ભીષણ અગ્નિ જેવા તણખા ઝરવા લાગ્યા. પર્વત પરથી જેમ શિલાઓ ગબડે તેમ હાથી અને ઘોડા રણમાં પડવા લાગ્યા. યોદ્ધાઓના માથાં ધડ પરથી ધડાધડ પડવા લાગ્યાં. લોહીનાં ઠેરઠેર ખાબોચિયા ભરાવાં લાગ્યા.

જોતજોતામાં ઇન્દ્રનાં સૈન્યે માલીનાં સૈન્યને ભગાડયું.

હાથી ગમે તેટલો બળવાન હોય, પણ સિંહની સમક્ષ શું કરે!

માલીએ જ્યાં પોતાનું સૈન્ય ભાગતું જોયું. ત્યાં તે રોષથી ભભૂકી ઉઠયો. માતેલા સાંઢની જેમ માલી ઇન્દ્રના સૈન્ય પર ધસી ગયો. ગદા, મુદ્દગર, બાણથી ઇન્દ્રની સેનાને ત્રાહિ ત્રાહિ પોકરાવી દીધો.

# સમ્યગ્ દર્શન

શ્રી મફતલાલ સંઘવી

★

પૂર્ણ દર્શન સિવાય થાય અન્યાય વસ્તુનાં સ્વરૂપને, અન્યાયનું તે બળ જીવનવિકાસમાં મોટો અંતરાય ઊભો કરે.

સમ્યગ્દર્શન સિવાય, ન પ્રગટે યોગ્યતા પૂર્ણ દર્શનની.

વસ્તુના યથાર્થ સ્વરૂપનું જેના વડે દર્શન થાય તે સમ્યગ્દર્શન. જેના વડે નીર-ક્ષીર વિવેક દષ્ટિ પ્રાપ્ત થાય, તે સમ્યગ્દર્શન. જેના વડે જડ અને ચેતન વચ્ચેનો ભેદ સ્પષ્ટ કળાય, તે સમ્યગ્દર્શન.

આવું દર્શન કર્મવશ જીવને એકાએક પ્રાપ્ત નથી થતું.

જમીનમાંથી બહાર નીકળતા છોડની જેમ, કર્મના દળ ભેદીને ઊંચે આવતા આત્મામાં સમ્યગ્દર્શનની યોગ્યતા આવે.

સમ્યગ્દર્શન એ કોઈ મામુલી ચીજ નથી. એ તો છે આંખ જીવનની, જ્યોત્સ્ના આત્માની, સુરભિ યથાર્થતાની, આધારશીલા મોક્ષની.

સમ્યગ્દર્શન આવે એટલે ગુણ ગુણરૂપે ઓળખાય, દોષ દોષરૂપે દેખાય, સંસારના કારણરૂપ વિષયોની આસક્તિ ઘટવા માંડે, વિષયના વિષબાણ ફેંકતી ઇન્દ્રિયોમાં નિર્મળ આત્મ-અમૃત દાખલ થાય. ચેતન ઉપરનો જડનો પ્રભાવ ઘટવા માંડે.

સમ્યગ્દષ્ટિ આત્મા નાનામાં નાના જીવનું જતન કરે. ચેતન ઉપરનું જડનું સ્વામિત્વ તે પળવાર ન સાંખી શકે. કર્મવશ અજ્ઞાન જીવોની અવળી ચેષ્ટા તેને અપાર વ્યથા પહોંચાડે. આત્મશ્રીને લૂંટવા મથતા કામ-ક્રોધાદિ લૂંટારાઓ સાથે તે જીવનભર ઝઝૂમતો રહે.

ચીંથરેહાલ દશાવાળો સમ્યગ્દષ્ટિ આત્મા

---

ઇન્દ્ર પણ યમ...વરુણ...કુબેર વગેરે સાહસિક સાથીદારો સાથે માલીની સામે આવી ઉભો.

ઇન્દ્રે માલીની સામે ખુનખાર જંગ ખેલવા માંડયો. જ્યારે યમ...વરુણ વગેરેએ સુમાલી વગેરેની સાથે બાથ ભીડી.

પ્રાણની પરવા કર્યા વિના રણવીરો ઝુઝવા માંડયા પ્રાણની પરવા કરે તે રણવીર નહિ. પ્રાણના સાટે પણ વિજય મેળવવા અગણિત યોધ્ધાઓ ભૂશરણ થવા લાગ્યા.

ઇન્દ્ર અને માલીનું યુદ્ધ લાંબો સમય ચાલ્યું.

ઇન્દ્ર છેડાયો. વજ્રથી માલીના ગળાને રહેંસી નાંખ્યું.

માલી મર્યો. રાક્ષસ સુભટો અને વાનર સુભટોએ યુદ્ધનું મેદાન છોડયું.

ઇન્દ્રે લંકાનું રાજ્ય આપ્યું વૈશ્રમણ નામના વિદ્યાધરને અને પોતે રથનૂપુરમાં પાછો વળ્યો.

(ક્રમશઃ)

જે સુખ અનુભવે, તેનો એક અંશ પણ સમ્યક્ત્વહીન ચક્રવર્તીને સ્વપ્નેય અનુભવવા ન મળે.

સાધનોની વિપુલતામાં સુખ શોધે, શાંતિ શોધે, આરામ શોધે, તે મિથ્યાદૃષ્ટિ. તેવી સાધન વિપુલતા પૂર્વ પુણ્યના યોગે પ્રાપ્ત થઇ હોવા છતાં ય સમ્યગ્દૃષ્ટિ આત્મા તેનું સ્વસુખના હેતુપૂર્વક કદી રસપૂર્વક સેવન ન કરે. તે સમજે કે જો હું આમાં લપટાઈશ તો સરવાળે મને જ નુકશાન થશે. કારણ કે આ બધું તો આજ છે ને કાલે નથી માટે ભરોસો મારાથી ન કરાય. ભરોસો તેનો જ થાય કે જે કદી અધવચ મૂકીને ચાલતો ન થાય.

સંસારને જોવાની રીત સમ્યગ્દૃષ્ટિ આત્મા પાસેથી અવશ્ય શીખવા જેવી ગણાય.

રસ્તે જતા કોટયાધીશને જોઈને તે ન ખેદ અનુભવે, ન પ્રસન્નતા વાંચ્છે માત્ર એટલું જ કે, 'તેને મળ્યું છે જે કાંઈ, તેની નશ્વરતાનું ભાન તેના મનમાં વસી જાય તો કેવું !'

શેરીઓમાં રોટલીના ટૂકડા માટે રવડતા ભિક્ષુકને જોઈને પણ તે ન શ્રીમંતો પ્રત્યે ઝેર વર્ષાવે, ન તેમની લક્ષ્મીનો દ્વેષી બને. તે તો એમ જ બોલે કે 'મને આનામાં અને શ્રીમંતમાં કોઇ તાત્ત્વિક તફાવત જણાતો નથી, અરે લક્ષ્મી વડે પોતાને સુખી માનતા સમ્યક્ત્વહીન શ્રીમંત કરતાં, નિર્ધન એવો આ ભિક્ષુક કદાચ વધુ સુખી હોય. હું તો એજ વાંચ્છું કે આજે ય તેને પોતાના દુઃખનું મૂળ કારણ સમજાઇ જાય તો!'

જે સમ્યક્ત્વશીલ હોય તે સુખમાં ઉન્માદી ન બને. દુઃખમાં દીન બિચારો કે બાપડો ન બને.

સહુને સુખી કરવા સિવાયની કોઈ હવા સમ્યગ્દૃષ્ટિ આત્માના હૈયામાં હોય જ નહિ.

ફૂલ જેવું સતત ત્યાગ પરાયણ તેનું જીવન હોય, બદલાની બદબોભરી વાતોથી તે દૂર જ રહે.

સર્વજ્ઞભાષિત ધર્મના પ્રકાશમાં તે પોતાનું જીવન શોધે. તેના હૈયામાં ભાવ હોય શ્રી અરિહંતને ભજવાના. નવકારમાં તે ખોવાએલો રહે.

સમ્યક્ત્વ વિહોણો માનવ, અંશે માનવ ગણાય, અંશે પશુ. તેવી જ તેની નીતિ રીતિ હોય. બાહ્ય શિક્ષણ તેને ન સુધારી શકે, બાહ્ય સાધનો ન તેને સંસ્કાર સમૃદ્ધ બનાવી શકે. તેના માટે તેને શરણું સ્વીકારવું પડે નિર્ગ્રન્થ ગુરુનું; તેવા જ ગુરુની આજ્ઞામાં રહેતા આત્માઓનું.

પદાર્થોમાં સુખ શોધવાની અવળી નીતિને વશ થઈને નથી આજ સુધી કોઇ સુખી થયું, નથી કોઇ કાળે કોઈ સુખી થવાનું.

સમ્યગ્દર્શન વગરનું દર્શન માનવીને ઠેબે ચઢાવે, કદી સાચા રસ્તે ન જવા દે.

સર્વજ્ઞ ભગવંતોના પૂર્ણ દર્શનની નિષ્ઠા-પૂર્વકની ભક્તિ સિવાય કદી ન પ્રગટે નિર્મળ સમ્યક્ત્વ અને તે સિવાય પાસે ન આવે સમ્યગ્દર્શન.

રવિકિરણ શો હોય ? સમ્યક્ત્વશીલ આત્મા.

તે ઉપકાર બધે કરે, પણ ફસાય નહિ કશામાં. રહેવું પડે ત્યાં સુધી સંસારમાં રહે ખરો, પણ નિર્લેપપણે. જવાનો સમય થાય ત્યારે જાય ખરો, પણ ચૂપચાપ; જાણે આવ્યો જ નહોતો.

જે પુણ્યશાળી આત્માઓને મળ્યું છે 'વીતરાગ ભગવંતોનું પૂર્ણદર્શન' તેઓ જોતા બંધ થાય ઈન્દ્રિયોની આંખે, મનની આંખે, બુદ્ધિની આંખે, અને સવેળા ખોલે તેજ નયન આત્માનું !

સમ્યગ્દર્શન એટલે ઠેઠ મોક્ષપુરી સુધી પ્રકાશ ફેંકનારો દીવો.

કહો ભલા, એવો દીવો જેના હાથમાં હોય, તે સંસાર-શેરીમાં જ્યાં ત્યાં અથડાય કે? સમ્યગ્દર્શન રૂપી દીવાની સહાયથી મોક્ષપુરીના સીધા રસ્તે પ્રયાણ કરી શાશ્વત સુખનો જ અધિકારી બને.

# મનન અને ચિંતન

**સં૦ ડોકટર શ્રી વલ્લભદાસ નેણસીભાઈ મોરબી**

★

(કલ્યાણ વર્ષ ૧૭ અંક ૯ પૃષ્ઠ ૬૫૬થી ચાલુ)

## શારીરિક અને માનસિક બળ

શરીર બળ કરતાં મનોબળ ચઢીયાતું છે અને મનોબળ કરતાં આત્મબળ ચઢીયાતું છે તેમ છતાં મનોબળ અને આત્મબળનું મૂળ કારણ શરીરબળ છે, તેથી જેમ ખેડૂત બાજરીના કણ પ્રાપ્ત કરવાને માટે ખેતરમાં ઉગેલા બાજરીના ફણગા, તેમાં છોડવા અને છેવટ ડાંડાની લેશ માત્ર પણ ઉપેક્ષા કરતો નથી પણ તે સર્વને બાજરી સમજીને જ તેનું રક્ષણ કરે છે, બાજરીના છોડના દરેક ભાગની મૂળથી તે ટોચ સુધી ખેડૂત સંભાળ રાખે છે તેમ માણસોએ મનો-બળ અને આત્મબળ પ્રાપ્ત કરવા માટે શરીરની લેશમાત્ર પણ ઉપેક્ષા નહી કરતાં તેની એટલીજ સંભાળ રાખવી જોઇએ. બાજરીના આખા છોડમાં મૂળ કરતાં સાંઠા વધારે કિંમતી છે અને સાંઠા કરતાં ટોચ ઉપરના ડુંડા વધારે કિંમતી છે એ વાત ખેડૂત સમજે છે. પણ તેની સાથે એ વાત પણ સારી રીતે સમજે છે કે એ ડુંડુ તેના છોડના મૂળ તથા સાંઠાના બળ ઉપર હૈયાતી ધરાવે છે અને ડુંડાનો ઉપયોગી ફાલ પણ છોડના ફાલ તથા ફેલાવા ઉપર આધાર રાખે છે. મૂળ તથા સાંઠાની બેદરકારી કરનારો ખેડૂત બાજરીને લણી શકતો નથી અને કદાચ લણે છે તો અત્યંત હલકી જાતની લણે છે એવી જ રીતે શરીરની બેદરકારી કરનારો માણુસ ઉત્તમ મનોબળ અને આત્મબળ મેળવી શકતો નથી આ સૂત્ર અને દ્રષ્ટાંત દરેક માણુસે મનન કરવા જેવું છે.

શરીર અન્ન વડે પોષાય છે. એ અન્નના મૂળીયાં કે સાંઠામાં પોષણ આપવાનો ગુણ નથી પણ મૂળ, ડાળાં, પાંદડાં સાથે આખા સાંઠાને નહીં ઉછેરનાર માણસ કદી પણ અન્નને મેળવી શકતો નથી અને તેથી શરીરને પણ પોષી શકતો નથી આત્મબળ સર્વ પ્રકારની ચઢતીનું શિખર છે અને તે મેળવ્યા પછી જગતમાં બીજું મેળવવાનું બાકી રહેતું નથી તે વાત ખરી છે પણ શરીર અને મનને પ્રથમ ઉત્તમ પ્રકારે ઉછેર્યા વિના ઉત્તમ પ્રકારનું આત્મબળ મેળવવાને કદિ પણ લાયક થવાતું નથી એટલે કે આત્મબળની પરિપૂર્ણતાએ પહોંચતા પહેલાં તેના થડ-પાંદડાં તથા સાંઠા રૂપ શરીર બળ અને મનોબળનું રક્ષણ કરવું જોઈએ.

## મનુષ્યની ખરી કિંમત :

કોઈ પણ મનુષ્યની ખરી કિંમત તેની પાસે શું છે તેમાં નથી પણ તે કેવો છે તેમાં છે. મૃત્યુ પછી પણ ટકી રહેનાર જે સદ્ગુણ એજ મનુષ્યની ખરી-કિંમત આંકે છે. મનુષ્યનો ખરો ભપકો અને અહંકાર, ધન અને કીર્તિ એ તો ચાલ્યા જવાના, માત્ર ચારિત્ર જ રહેવાનું. તે ચારિત્ર અવિનાશી છે. મનુષ્ય સ્વમાન જાળવે, સદ્ગુણી આચરણ કરે. સત્યનું પાલન કરે અને સહ્રદય આચરણ કરે તેજ તેની કિંમત છે. મનુષ્યના ચારિત્રમાં પ્રભુ પ્રત્યે પૂજ્યભાવ, સ્વ-માન, ગમે તે ભોગે સત્યનું આચરણ, અને આદર્શ પ્રત્યે વફાદારી એજ ઉમદા સદ્ગુણો છે. જે મનુષ્ય બીકણ થઇને પોતાના જીવન સ્વમાનને કલંક લગાડીને બચાવે અને નૈતિક છૂટછાટ મુકે તે જીવતો નથી પણ મરેલો છે.

ચાલાકી, છેતરવામાં કુશળતા, સારી વિદ્વત્તા ચપળતા એ સર્વ ચારિત્રના ખરાં અંગ નથી. ચારિત્રનું ખરૂં અંગ તો સિધ્ધાંતમાં જરા પણ

છૂટછાટ નહીં મુકતાં, નીતિને વળગી રહી સર્વને અનુકુળ બનવાનું છે. જે કાંઇ ખરાબ છે તેને ન્યાયપુરઃસર ગણાવવા માટે કોઇ પણ પ્રકારનો સંયોગ અથવા કોઈ પણ પ્રકારનો ભય પૂરતો નથી. સાચું એ હમેશાં સાચું અને ખોટું એ હંમેશાં ખોટું છે. સાચું કદિ ખોટું થઇ શકતું નથી. અને ખોટું કદી સાચું થઇ શકતું નથી. ગમે તે ભોગે પણ આપણે સત્ય પરાયણ રહેવું જોઇએ. ગમે તે ભોગે આપણે આપણી ફરજ પ્રત્યે વફાદાર રહેવું જોઇએ. કલંકિત આબરૂ કરતાં મરણ વધારે પસંદ કરવા જેવું છે. 'આવા જ મનુષ્યો કોઈ પણ જમાનામાં ખરા વીર છે. પોતે જેને સત્ય માને તે દરેક મનુષ્યે અડગ હિંમતથી જાળવી રહેવું જોઇએ. પોતાના સિદ્ધાંતને દગો દેવો જોઈએ નહીં. પ્રભુનો ભય એ જ્ઞાનનો આરંભ છે. પણ અંતઃકરણને માન આપી, સ્વમાન જાળવી, પોતાના સિદ્ધાંતને અડગ હિંમતથી વળગી રહીએ એજ આપણા ચારિત્રની ખરી કસોટી છે.

## વૈરાગ્ય

વૈરાગ્ય વિના પ્રભુનું ભજન થતું નથી. પ્રભુભજનમાં પ્રધાન વિઘ્ન છે દેહાભિમાન.

વૈરાગ્યપ્રાપ્તિનો ઉપાય છે દોષદર્શન. પ્રભુએ આ જગતને અનિત્ય, અસુખ, દુઃખાલય, અને અશાશ્વત બનાવ્યું છે. તેના દરેક પદાર્થમાં વારંવાર જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ અને દુઃખ રૂપી દોષ દેખાવાથી વૈરાગ્ય થાય છે.

દેહાભિમાનના ત્યાગનો ઉપાય છે સતત આત્મ વિચાર. હું શરીરથી અલગ છું ને શરીર મારાથી જુદું છે. શરીર દ્રશ્ય અને હું દ્રષ્ટા છું. રાગ–દ્વેષ, માન–અપમાન, નિંદા, સ્તુતિ, આદિ સર્વ દ્વન્દ્વોથી ભિન્ન હું નિર્દ્વન્દ્વ છું તેની સાથે મારો કશો સંબંધ નથી. હું અસંગ અને નિર્વિકાર છું.

અનુભવહીન વિદ્યા, પ્રાણહીન શરીર સમાન નિરર્થક છે અનુભવ શૂન્યના ઉપદેશથી શ્રોતાઓને યથાર્થ લાભ થતો નથી.

પ્રભુપ્રેમ, આત્મતત્ત્વનો વિચાર, સ્વાર્થ ત્યાગ અને ધર્મપાલન એ ચાર સાધનોથી અનુભવ પ્રાપ્ત થાય છે.

મોટાઇના ઘમંડથી કોઈ મોટું થતું નથી નિઃસ્વાર્થ ભાવથી મોટાં કર્મ કરવાથી મોટું થવાય છે. ઘમંડીને કોઇપણ સમયે નીચું જોવું પડે છે. સંસારમાં સર્વથી મહાન તે જ છે કે જે કામનાની જાળમાંથી મુકત થઇ ભગવાનમાં મસ્ત થઈ ગયેલ છે. સર્વથી મોટું છતાં સકામ કર્મ પરા ભકિતનું સાધન થઈ શકતું નથી પણ નિષ્કામભાવથી ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરેલ નાનામાં નાનું કાર્ય પણ ભગવંત–ભકિતનું સાધન થઇ શકે છે.

જેણે પોતાના આત્મા સાથે જ શત્રુતા બાંધી છે તેના જીવનમાં શાંતિ કયાં? શાંતિ વિના સુખની આશા કરવી એ દુરાશા જ છે. અનર્થ પ્રચૂર સંસારસાગરમાં ડૂબતા પોતાના આત્માને ન બચાવવો એ જ તેની સાથેની શત્રુતા છે.

## આધ્યાત્મિક તંદુરસ્તી

સ્વસ્થ તે છે જેનું હૃદય સદા દૈવી સંપત્તિથી ભરપૂર છે જેના હૃદયમાં જેટલી દૈવી સંપત્તિ અધિક હશે તેટલો તે અધિક સુખી થશે.

બીમાર તે છે જેના મનમાં દુષ્ટ વિચાર નિવાસ કરે છે તેનું શરીર સ્વસ્થ રહી શકતું નથી. તેનું સ્વાસ્થ્ય બહુ જલ્દી બગડે છે.

પવિત્ર તે છે કે જેનું હૃદય પવિત્ર છે. બહારની દેખાવડી પવિત્રતાથી ગંદા હૃદયનો મનુષ્ય પવિત્ર માનવામાં આવતો નથી ગમે ત્યારે પણ તે પોતાના ગંદા ભાવોથી સર્વના તિરસ્કારનો પાત્ર થશે.

# કુલ દીપક

કલ્યાણની ચાલુ ઐતિહાસિક વાર્તા

શ્રી 'સૂર્યશિશુ'

**પૂર્વપરિચય** : રાજગૃહીનગરીના મન્મથરાજા તથા મહારાણી કનકમાલાનો પુત્ર રૂપસેનકુમાર પોતાનું ભાગ્ય અજમાવવા કનકપુરનગરમાં આવેલ છે. રાજકુમારી કનકવતીને વાનરીના રૂપમાંથી પુનઃ માનવરૂપે પોતાની પાસેના મૂલીયા સૂંઘાડીને કરે છે. આથી કનકભ્રમરાજા તથા મંત્રીશ્વર યોગીંદ્રના રૂપમાં રહેલ રૂપસેનકુમારને મૂલ રૂપમાં પ્રગટ થવા વિનંતિ કરે છે, ને તેમનું પૂર્વવૃતાંત જણવવા આગ્રહ કરે છે. કુમાર પોતાનું પૂર્વવૃત્તાંત પ્રગટ કરે છે. રાજા પોતાની પુત્રી કનકવતીનું રૂપસેનકુમાર સાથે પાણિગ્રહણ કરાવવાનો નિર્ણય કરે છે. **હવે વાંચો આગળ :**

## પ્રકરણ ૨૪ મું

### જન્મભૂમિમાં પુનરાગમનઃ

અખૂટ ધનસંપત્તિ, સુખ અને પરિપૂર્ણ કળા જીવનમાં વણ માગ્યાં ઉતરી આવ્યાં હોય છતાં પોતાના મનની ઘડેલી આશા સાકારપણે ચૈતન્યવંત બનતી નથી ત્યાં સુધી એ સર્વ સુખ સંપત્તિ હૃદયદાહના પ્રતીકો જ છે.

પરંતુ જ્યારે એ જ સુષુપ્ત આશા ફલિત થાય છે ત્યારે? ત્યારે જીવન એક સુરમ્ય પરિમલ પ્રસરાવતો આનંદ બહાર બની જાય છે અને આત્મા? જીવનની ઉઘડતી ઉષાના પ્રાંગણમાં થનગનતો પ્રકાશમાન હસતો ખીલતો શિશુ સૂર સમો ગગનગામી બની રહે છે.

વર્ષોની સંગૃહીત ઝંખના પ્રકટ રીતે સાકાર બનતાં અને સ્નેહશ્રદ્ધાના પાયે ચણેલાં સ્વપ્નો પ્રત્યક્ષ ફલીભૂત થતાં તેમ જ વિરહવ્યથાના ચિત્કારના સ્થાને સંયોગ અને આજીવન મિલનનાં મધુરાં રણકારે કનકવતી અને રૂપસેન કુમારના હૈયાં અનન્ય આનંદે થનગની રહ્યાં.

કનકભ્રમ રાજા અને રાણી કનકમાલાને મન તો ઉલ્લાસભરી ભરતી હતી. તેમના પ્રત્યેક

---

આનંદ ત્યારે જ મળશે કે જ્યારે ચિત્ત ભગવાનના ચરણકમળમાં નિમગ્ન થઈ જશે.

ભગવાનના ચરણકમળમાં અનુરાગ પ્રાપ્ત કરવો એજ માનવજીવનનો ઉદ્દેશ છે.

અહિં તમે રોતા રોતા આવ્યા છો હવે એવું પુણ્ય કરો કે તમે હસતાં હસતાં ચાલ્યા જાઓ.

જીવવું અને મરવું એ તો નક્કી જ છે. ધર્મમાંથી આપણે એવી શિક્ષા પ્રાપ્ત કરવી જોઈએ કે આપણે કેમ જીવીએ અને કેમ મરીયે ?

નિરંતર પોતાની તપાસ કરતા રહો કે આપણે દેવ બનીને જીવીયે છીએ કે પશુ બનીને?

આલસ, પ્રમાદ અને ઉચ્છૃંખલતા એ આધ્યાત્મિક ઉન્નતિના ખોટાં વિઘ્નો છે. તેને છોડયા વિના કોઈપણ આગળ વધી શકતું નથી.

દયાળુ બનો, સહાનભૂતિ આપો, સહાયતા કરો પણ વિવેક વિચાર પૂર્વક અને નિઃસ્વાર્થ ભાવથી કરો તો એ પણ પ્રભુની પૂજાનું પ્રતીક છે.

કાર્યમાં, અવાજમાં અને આવેશમાં ઉમંગ અને ઉત્સાહનો તરવરાટ જણાઈ આવતો હતો. કારણ કે કુમારી કનકવતી વાનરીપણામાંથી સ્વસ્વરૂપે બનતા તેઓની જીવનદિશા સતેજવંત બની હતી. તેને સ્વરૂપે બનાવનાર એક અજાણ વ્યક્તિ હોવા છતાં તે ભાગ્યની ભવ્યતાએ રાજવંશી કુળમાં જન્મેલ ટેકીલો શૂરવીર દીપક સમ પ્રકાશતો કોહીનુર નીકળ્યો.

તેમ જ પોતાના મુખમાંથી નીકળેલ વચનની સિદ્ધિ અને કરારની કબુલાત. મનમાન્યા ભાવ સહ એક અનુપમ સમારંભ સાથે પૂર્ણ થશે એ કારણે નિઃસીમ આનંદનો સંચાર વહી રહ્યો છે.

કનકપુર નગર સર્વત્ર ધ્વજા પતાકાથી શણગારાયું. રાજભવનમાં શરણાઈ, અને વાજીંત્રોની સ્વરલહેરીઓની રમઝટ જામી. હીર અને કીસઓના ઝાલરોથી સુશોભિત ચંદરવા અને ગાદી તકીયાની રચના, દિવ્ય રોશનીના ચમકારોથી રાજમંદિર અતિ દેદીપ્યમાન બન્યું.

આખાય રાજમંદિરમાં લગ્ન સમારંભની તડામાર તૈયારી હતી. નગરજનો પણ કુમારીના લગ્નસમારંભના લ્હાવા માટે આનંદભર બન્યા હતા. લગ્નમહોત્સવ મંડાયા. યાચકોને છૂટે હાથે દાન દેવા માંડયું. સર્વ સ્થાને આનંદ અને હર્ષના ધ્વનિ ગર્જી રહ્યા.

આનંદ સભર જીવન સમર્પણની પવિત્ર અને ઉચ્ચ મંગલમયી ઘટિકા આવી પહોંચી લગ્ન સમારંભમાં સર્વ મંત્રી, સામંતો, યોદ્ધાઓ નગરજનો, સેવકો વગેરે પરિજનવર્ગ ભેગાં મળ્યાં. અને શુભલગ્ને કનકવતીએ લગ્નવેદિકા પર રૂપસેનકુમારને સ્નેહદાન સાથે પોતાનું સર્વસ્વ સોંપ્યું.

કનકભ્રમ રાજા અને રાણી કનકમાલાએ રૂપસેનકુમારને કન્યાદાન કરી અતૃપ્ત આનંદ અનુભવ્યો.

રૂપસેનકુમારે પોતાના પરિશ્રમના પ્રતિદાનમાં અનુપમ કન્યાને મેળવી સંતોષ અનુભવ્યો. કુમારી કનકવતી પોતાની તર્કટ બુદ્ધિના પ્રવાહથી વિટંબણો પામતાં અંતે એજ અનુપમ અને આરાધિત સ્વામીને પામી પોતાના જીવનને ધન્ય માનવા લાગી.

આવી રીતે સર્વે આનંદના પ્રવાહમાં સ્નાન કરતાં દિવસો નિર્ગમન કરે છે.

સંધ્યા અને ઉષાની અત્યંત રંગભરી ઝબકના અવનવા ભાસમાં આજે કાંઈક ગંભીરતા વર્તી રહી હતી. રૂપસેનકુમારની માનસિક દ્રષ્ટિ પર ભૂતપૂર્વના અનુભવેલ ચિત્રપટો ખડા થઇ ગયાં. અંતે સ્મૃતિસેજ પર માતા અને પિતાની આકૃતિ કોતરાઈ ગઇ નવજીવનની સૌરભ ઉડી ગઇ અને તેને સ્થાને ભક્તિભાવયુક્ત વિરહવ્યથા જલી રહી. અંતર માતા અને પિતાનાં મિલન માટે તડપતું ઝંખતું બની ગયું.

જીવનસંચારના માર્ગમાં ગમગીનતા વ્યાપી ગઈ રૂપસેનકુમારના દેહ પર એની છાયા અવતરી આ જોઈ કનકવતીએ પૂછયું; 'નાથ! આ શું? પરમ પુલકિત અપૂર્વ રસાસ્વાદમય એકાંતિક સુખમાં આ કયા પ્રકારની સ્ખલના? શરીર સ્વાસ્થ્ય તો સુખાકારી છે ને?

'દેવી! તમારાં સાન્નિધ્યમાં ધર્મના પ્રભાવે બધું મંગલમય છે.

'આર્યપુત્ર! તો શું પૂજ્યોની છત્રછાયા અનુતાપ અર્પે છે? વ્યવસ્થિત જીવન યાત્રામાં પ્રતિકૂળતા શી છે? કહો!'

શું બોલ્યા દેવી! સાધન સમૃદ્ધિની વિશાળતા સાથ પૂજ્યોના વાત્સલ્યભાવયુકત અંતરો વિપુલ અને અગાધ છે.'

'તો નાથ! મારો કાંઈ અપરા...ધ...

'તમારા મનના આછા ખ્યાલો દૂર કરી દ્યો. આ તો વ્યતીત કાલની સુમધુરતાએ મને ઘેરી લીધો છે. અતુલ સુખ છાંટણના આંગણમાં તન્મય બન્યા છતાં નયનકુમુદ તો ઉજ્વલ

સ્નેહસ્રવ હૃદાધિષ્ઠિત માતપિતાની સાન્નિધ્યતાને વાંચ્છે છે. માતા અને પિતાના મિલનની આકાંક્ષા સમયને દીર્ઘ બનાવી દે છે. આ કારણે જ મન પ્રવૃત્તિ ઉદ્‌ભ્રાન્ત છે અન્ય કાંઇ કારણ નથી.

આજદિન સુધી વાત્સલ્ય સુધાવર્ષી વડીલોની સંભાળ સુખસંગતમાં વિસ્મૃતિને ઠારે મૂકી હતી તેને હાથ ધરી જીવનયાત્રાને સફલ કરવા માંગુ છું.

'ઓ....હો...તેમાં આટલી બધી દિલવિડંબણા! આપ તેમ વાંચ્છતા હો તો કોઈ પ્રતિકૂળતા નથી. તમારા ગતિશીલ વિચારો શ્રેષ્ઠ કર્તવ્યમત્તાધારી છે. હું પણ શ્વસુરસાસુ વડીલોની સેવા માટે તત્પર છું આપ પ્રયાણ માટે નિર્ણિત કરો.'

રૂપસેનકુમારે વિષાદને એક કોણે મૂકી પ્રસન્નવદને વિનયાવનત મસ્તકે, કનકભ્રમ રાજા પાસે પોતાની જન્મભૂમિ રાજગૃહી નગરી પ્રતિ પ્રયાણ માટે પ્રાર્થના કરી.

કનકભ્રમ રાજા રૂપસેનકુમારની વિનંતિ સાંભળતા જ વિષાદમય બન્યા પરંતુ વિચાર્યું કે 'પારકી થાપણ કયાં સુધી-કન્યાધન તો શ્વસુર-ગૃહની શોભા ગણાય.'

'યથાવસ્થિત રચના જ શોભામાં અભિવૃદ્ધિ કરે છે. લોકવ્યવહારના ઉપેક્ષક કલંકિત બને છે જ્યારે એની પ્રવૃત્તિ પગલીએ વિહરનાર વ્યકિત કલુષિતતા પામી શકતો નથી. વ્યવહાર ભૂમિકાનું બંધારણ કે મર્યાદા શ્રેયસ્કરી છે. જીવનમાં સંયોગ-વિયોગ તો સાહજિક છે.

એ પ્રમાણે વિચારી કનકભ્રમ રાજાએ ખેદને નિવારી રૂપસેનકુમારને ગમન માટે સંમતિ આપી. કનકવતીના શ્વસુરગમનનો દિવસ આવી પહોંચ્યો. રૂપસેનકુમારને અને કનકવતીને વિદાયમાં અનેકવિધ ઉત્તમ આભરણ, વસ્ત્રો, રત્નો, સોનૈયા, હાથી, અશ્વો વગેરે જીવનવ્યવહારની જરૂરીઆતો પૂરા પાડતા અનેકશા સાધનો આપ્યાં અને દંપતિનું શ્રેય વાંચ્છતા હૈયાના નિર્મળભાવોથી તેને સીંચ્યા.

ઉભય દંપતિએ તે ભાવોને દ્રવતા દિલે ઝીલ્યા.

બે ઘડી સર્વના હૃદયો સ્નેહવિયોગના અંધકારે શૂન્ય બની ગયા અને નયન આંખલીએ ઝળકતા બિન્દુ ઝળહળી ઉઠયાં. આવા ગમગીન સમયે રૂપસેનકુમાર તથા કુમારીએ ભારે પગલે વિદાય લીધી.

ઋદ્ધિ સમૃદ્ધિ અને પરિવાર સહિત કેટલેક દિવસે રૂપસેનકુમારે રાજગૃહીની ભૂમિકાએ પગ દીધો. અને એનું હૈયું ઉત્સુક બન્યું.

પાયદળ, અશ્વદળ અને સેનાઓના પગલાઓથી રાજગૃહી નગરીની ગગનભૂમિ ધૂલિકાના ગોટેગોટાથી આચ્છાદિત બની ગઈ. સર્વના હર્ષધ્વનિના પડઘાથી વાતાવરણ ગાજતું બન્યું.

રાજગૃહી નિવાસી લોકપતિ રાજા મન્મથરાય આ અણચિંતવ્યા શત્રુનું આક્રમણ જાણી વિમાસણ અનુભવવા લાગ્યા, અને મંત્રી સુબુદ્ધિને બોલાવી આક્રમણની વાત જણાવી. સુસજ્જીત સૈન્યને આદેશ આપી, રૂપરાજકુમારની અગ્રેસરી નીચે આફતને દૂર કરવા મોકલ્યું. બીજે દરવાજે સુબુદ્ધિ ધન મંત્રીને મોકલ્યા એવી રીતે ચારે બાજુ રાજગૃહીની રાજ્યધૂરાની રક્ષા માટે સૈન્યદળને વ્યવસ્થિત મૂકયું. ત્યારે તેના સ્મરણભંડારમાં રૂપકુમારની યાદ ઝબુકવા લાગી કે આજે રૂપસેનકુમાર હોત તો!!! મારી ચિંતાનો અવકાશ જ ન રહેત. એની બુદ્ધિગતિ, બાહુવીર્યતા, કળાકૌશલ્યતા સમક્ષ શત્રુસમૂહ અંજાઈ જાત. અવસરોચિત કર્તવ્ય જાણી હૃદયવિદારણ સ્મૃતિને દૂર કરી મન્મથરાય કર્તવ્ય નિષ્પન્ન થયા.

રાજાને કયાં ખબર હતી કે આજ સ્મૃતિ નજીકમાં મિલન કરાવી સુમધુરતા રેલાવનારી

હતી! રાજકર્તવ્યપરાયણ રાજા મન્મથરાય પ્રજાના હિત જળવાઇ રહે એવા આયાસમાં રોકાયા.

રૂપરાજકુમારના અધ્યક્ષપણા હેઠળ ગમન કરતી સેનાએ શત્રુના આક્રમણ સન્મુખ પ્રયાણ કર્યું. જ્યારે મંત્રી વગેરે નગરીની રક્ષા માટે રોકાયા.

રૂપરાજકુમારનું સૈન્યદળ સુસજ્જ રીતે સામા આવતા સૈનિકદળ તરફ ધસે છે જ્યારે સ્નેહીજનોના મિલન માટે ઉત્સુકચિત્તવાળા રૂપસેનકુમારનું સૈનિકદળ ભૂમિનું નિદર્શન કરતાં હર્ષાવેગથી ગતિમાં ત્વરિતતા અને જોમ વધારી દે છે.

આ રીતે એકદમ ધસી આવતાં છતાં સેનાનીઓને વિગ્રહ તૈયારી માટે શસ્ત્રરહિતપણે જોઈ રૂપરાજકુમારે પણ પોતાના સૈનિકોના શસ્ત્રો મૂકાવી દીધા અને આગેકદમ ભર્યા. બંને દળો સામસામા થયાં. સૌની મોખરે ચાલતાં હસ્તિ પર દિપ્ત કાંતિવાન્, ઓજસી, પરાક્રમી વ્યક્તિને જોતાં જ રૂપરાજકુમારની બુદ્ધિમત્તા અને કર્તવ્યમત્તા ભૂલાઈ ગઇ.

બસ એની દૃષ્ટિએ દિવ્યમૂર્તિના અવલોકનમાં જ ગુંથાઈ ગઇ અને હિમ્મત હારી ગઈ. સૈન્યદળ રૂપરાજકુમારની આવા પ્રકારની પ્રવૃત્તિથી અજાયબ પામ્યું. સર્વેએ પોતપોતાના માનસમાં બુદ્ધિ કલ્પનાના ગોળા ગબડાવ્યા. પરંતુ તેની ચેષ્ટાનું સમાધાન કે કારણ ન કળી શકયા. યુદ્ધ માટે તડપનાર બળવાન યોદ્ધા સ્વામિના આદેશની જ રાહ જોવા લાગ્યા.

ત્યાં....તો...હસ્તિ આરુઢ વ્યકિત અને રૂપરાજકુમારની ચાર અક્ષિકાનું મિલન થયું અને પ્રત્યેક અંગમાં રણરણાટ વ્યાપી રહ્યો. વર્ષોના વિયોગપડળના ઓછાડ તૂટી ગયા અને સંયોગના સુરમ્ય સ્વરોએ આલાપ આરંભ્યો...દિવ્ય સ્નેહ પ્રકાશ પ્રજ્વલી ઉઠયો. હૃદય હૃદયથી જ્ઞાત થયા. રંચ સહિત બંને સેનાપતિ વાહનથી નીચે ઉતરી ભેટી પડયા આંતર વિગ્રહના સમરાંગણમાં અંતર મિલનની છાયા ઢળી પડી. રકતાશ્રુવંતી સરિતાને સ્થાને હર્ષાવેગના અને સંયોગના નીર ઝરતી અશ્રુની હેલી મચી રહી. રૂપરાજકુમાર રૂપસેનકુમાર ઉભય ભ્રાતાએ એક–બીજાને પરસ્પર ઓળખી લીધા અને દૃષ્ટિના પડકારમાં જ વિરહાગ્નિની જ્યોતશિખાની ઝાંખી કરાવી દીધી સર્વ સૈન્યદળે પણ વિનીતભાવે રૂપસેનકુમારને સત્કાર્યો.

બંને ભાઇઓ રથમાં આરૂઢ થઈ હર્ષ વ્યકત કરી આનંદને લૂંટતા પોતાના વિતકોની આપ લે સાથ વાર્તાવિનોદ કરતાં રાજગૃહીના મુખ્યદ્વાર આગળ આવી પહોંચ્યા.

પ્રથમ માતપિતાને જાણ કરવા બે દૂતો આગળ મોકલ્યા.

રૂપસેનકુમાર પરિવાર સહિત રાજભવન આવે છે એ સાંભળતાં જ મહારાજા મન્મથરાય મદનાવળી રાણી હર્ષપ્રફુલ્લ થયા. પુત્રના આવાગમનને સત્કારવા તેઓ ઉત્કંઠિત થયા. દૂતોને પારિતોષિક આપી ખુશી કર્યા.

મંત્રી વગેરે પણ રૂપસેનકુમારને લેવા માટે સૈન્યદળ સાથ સન્મુખ થયા. સર્વે સાથ નજરને મિલાવી રૂપસેનકુમાર આનંદના મહાસાગરમાં હિલોળે ચઢયા.

આ પ્રમાણે હર્ષધ્વનિ સાથ રાજભવન પાસે આવતાં જ રૂપસેનકુમારના નેત્રકમલ માતપિતાના દર્શન માટે આતુર બન્યા.

વડીલોના દૂરથી દર્શન થતાંજ રથમાંથી બંને ભ્રાતા વિનયે કરી ઉતરી દોડતાં દોડતાં જઈ તેમના ચરણદ્વયમાં ઝૂકી પડયા.

કનકવતીએ વડીલોના ચરણમાં મસ્તક નમાવ્યું. વડીલોએ આશીર્વાદ વરસાવી. વિરહવ્ય-

થાને શબ્દના અવશેષમાં રચી એકબીજાની કથનીએ આનંદ મચાવ્યો.

રાજગૃહીનગરીમાં રૂપસેનકુમારના મિલન આનંદમાં ઉત્સવ ઉજવાયો. યાચકોને દાન દેઇ તૃપ્ત કર્યા. બંદીવાનોને મુક્ત કર્યા. કર્મચારીઓને બક્ષીસો વડે ખુશ કર્યા. સર્વત્ર આનંદના અર્ણવો ઉભરાઇ રહ્યા.

સર્વના ઉત્સુક હૈયા, મિલનકાલથી ભર્યાભર્યા બની રહ્યા.

ધર્માચાર્યના કથનાનુસાર રૂપસેનકુમાર સમૃદ્ધિ અને પત્ની સહ બારબાર વર્ષના વિષમ વ્હાણુલા બાદ ઉજ્વળ યશોગાથા સાથ નિર્મળ દેહે રાજગૃહી આવ્યો ખરો. માતપિતાની પૂર્વે કરતાં ધર્મની શ્રદ્ધા અટલ બની.

આત્મવિકાસના પંથે પરમ પ્રવૃત્ત બનવા બને કુમાર પ્રત્યે માત–પિતાએ ઇચ્છા વ્યકત કરી. બંને કુમારોએ માતપિતાને કહ્યું; 'પૂજ્યશ્રી આપની ઇચ્છા અમૃતતુલ્ય છે. વ્યવહાર અને કર્તવ્યને વિષે અમે પ્રવૃત્ત થઈ આપને જરૂર હળવા કરીશું. પરંતુ પિતાશ્રી અમારાથી રાજ્યધૂરાનો ભાર શી રીતે સહેવાય? હજુ તો અમે અનુભવોથી ઘડાયા નથી. ફુલની માળા પાષાણના ભારને કેમ ધારે? અમો તો આપની ચરણસેવાને માટે જ સુયોગ્ય અને સજાગ જ છીએ.

મન્મથ રાજાએ કહ્યું; 'કુમારો! પગલે પગલે જ પંથ કપાય હવે તો અમારી અવસ્થા કહેવાય. કયારે ક ભાર ઉપાડવો તો પડશે જ ને?'

(ક્રમશઃ)


જૈન સમાજનું અગ્રગણ્ય માસિક


કલ્યાણ

આજેજ ગ્રાહક બનો અને બનાવો

વાર્ષિક લવાજમ રૂ. ૫–૫૦








૧ દરેકને પોસાય તેવી ઇન્દુ સ્ટાયલો પેન
૨ કાયમ ચકચકીત રહેતી કલીપ
૩ ગેરંટીડ લીક પ્રૂફ
૪ દેખાવમાં સુંદર, ટકાઉ અને મજબુત
૫ દરેક ઠેકાણે મળે છે.

★

તમો તમારા વેપારી પાસે આ પેન ખરીદવાનો આગ્રહ રાખો.

મેન્યુઃ–

ધી નેશનલ પેન વર્કસ
મુંબઇ–૪.

# આરોગ્ય અને ઉપચાર

## લેખાંક : ૭ મો :

## શ્રવણેંદ્રિય—કાન અને તેના રોગોનો ઉપાય

**વૈદ્યરાજ શ્રી કાંતિલાલ દેવચંદ શાહ**
**ઝીંઝુવાડા**

'કલ્યાણ' માટે લખાતી આ લેખમાળાએ કલ્યાણના હજારો વાચકોના દિલમાં આકર્ષણ જન્માવેલ છે, શરીરના એકેએક અંગની આરોગ્યશાસ્ત્રની દૃષ્ટિયે વિશદ વિચારણા કરવા પૂર્વક શાસ્ત્રીયદૃષ્ટિને પણ નજર સમક્ષ રાખીને લેખક આ લેખમાળા આલેખે છે. 'કલ્યાણ' પ્રત્યેની આત્મીયતાથી ખેંચાઈને લેખક તરફથી લખાતી લેખમાળા દર અંકે બની શકે તે રીતે નિયમિત પ્રસિદ્ધ કરવા અમે શક્ય અવશ્ય કરીશું! વાચકોને આ લેખમાળા અવશ્ય રસપ્રદ બનશે!

બહારથી બેડોળ બતાતો, ખાડા ખૈયાથી અનિયમિત આકારનો કાન એ દુનિયા ઉપર રહેતાં અનેકાનેક પ્રાણીઓમાં જેને ઘણું પુણ્ય એકઠું થયું છે તેવા પંચેન્દ્રિય પ્રાણીઓનેજ હોય છે. ચઉરિન્દ્રિય સુધીના પ્રાણીઓને કાનની શ્રવણ ઇન્દ્રિય મળતી જ નથી. કાનની ઇન્દ્રિય (શ્રવણેન્દ્રિય)નું મુખ્ય કામ સાંભળવાનું છે.

શ્રાવકની વ્યાખ્યા—શ્રી જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલા ધર્મને સાંભળે તે શ્રાવક. વર્તમાનમાં વિદ્યમાન પરોપકારી ધર્માચાર્યો ઉપકારી ઉપાધ્યાયજીઓ કૃપાળુ પંન્યાસ પ્રવરો અને નિર્વિકારી સાધુ સંતો પાસેથી શ્રદ્ધાપૂર્વક ધર્મ સાંભળી મનન કરી હૈયામાં બેસાડી, જે જે અશુભ કાર્યવાહિ થઇ હોય તે દૂર કરી શુભ કાર્યવાહિમાં ઉત્તમ મનુષ્ય જીવનને જોડવું આ કાર્ય કેવળ કાનની ઇન્દ્રિયદ્વારા જ થઇ શકે છે. માટે નીરોગી કર્ણેન્દ્રિય એ મનુષ્યના શરીરમાં ઘણું અગત્યનું અંગ છે.

હવે આપણે કાનની કુદરતી રચના તરફ વળીએ (૧) બહારનો કાન, (૨) મધ્ય કાન (૩) અને અંદરનો કાન. ત્રણ પ્રકારમાં બહારનો કાન નજરે જોઇ શકાય છે તે ઉંચી નીચી સપાટીવાળો છે. મધ્યનો અને અંદરનો કાન લમણાની પોલાણમાં આવેલો છે. બહારનો કાન નાના સ્નાયુઓ, ચામડી, ને કુર્ચા (રબર જેવા પદાર્થને કુર્ચા કહેવામાં આવે છે)નો બનેલો છે. શરીરમાં કાનની બુટ્ટીની રચના એવી થએલી છે કે જે સદાકાળ શીતળ રહે છે. વાળતા વળે એવા તંતુવાળા અને તંતુવગરના બે પ્રકારના કુર્ચા મજબુત અને સ્થિતિસ્થાપક હોવાથી અનેક કાર્યવાહિ કરે છે. કાન અને નાકનો બહારનો ભાગ સાંધાઓની વચ્ચે, શ્વાસનળી અને અન્નનળી જેવી નળીઓ કુર્ચાની બનેલી હોવાથી અકકડ અને ખુલી રહે છે જેથી સાંધા ઘસાતા નથી. ધક્કા ઝીલી શકે છે અને અવાજને કાનમાં પહોંચાડે છે અર્થાત્ બાહ્ય કાનની રચના એવી બનાવેલી છે કે અવાજના મોજા (લહેરો) એકઠાં કરી કર્ણનળી દ્વારા અવાજને અંદર દાખલ કરે છે.

કર્ણનળી પણ કુર્ચાની બનેલી સવા ઈંચ આશરે લાંબી હોય છે. તે વચ્ચેના માપ કરતાં બન્ને છેડે વધારે પહોળી હોય છે, તેના આગલા ભાગમાં ઝીણા રૂંવાટા હોય છે જે ધૂળ તથા સૂક્ષ્મ જીવજંતુને અંદર જતાં રોકે છે વળી અંદરના ભાગમાં ઘણી ગ્રંથીઓ છે જેમાંથી ચીકણો પીળો પદાર્થ ઝરી કાનના અવયવોને ભીના રાખે છે. અને આ ભીનાસ પણ જંતુઓથી રક્ષણ આપે છે. આ નળીના અંદરના છેડે પાતળી ચામડીનો પડદો આવેલો છે તેને કર્ણપટલ કહેવાય છે સાવ સાદી બોલીમાં કાનનો ઢોલ કહેવાય છે. આ ઢોલની ગુંથણી એવી છે કે, ઉપરનો છેડો ઢીલો છે. બાજુઓ ખેંચાએલી છે અને ત્રાંસો ગોઠ-

વાએલો છે. આથી કર્ણનળી દ્વારા તણાય પણ છે અને ઢીલો પણ થાય છે.

**મધ્યકાન** યા વચલો કાન, હથોડી, એરણ અને પેગડુ આકારના હાડકાની સાંકળથી રક્ષાએલો છે આખા શરીરમાં સૌથી નાના આ હાડકા છે, કાનના ઢોલથી વચલો કાન જુદો પડે છે અને તેમાં ચામડીનું આવરણ છે. હથોડી આકારના હાડકાનો હાથો ઢોલ સાથે જોડાએલો છે અને બીજો છેડો એરણ આકારના હાડકા ઉપર પડે છે. એરણ પેગડા આકારના હાડકા સાથે જોડાએલી છે અને પેગડાનો બીજો છેડો અંદરના કાન સાથે લંબગોળ બારીના બારીક પડદા સાથે જોડાએલો છે. આ વચલા કાનમાં હવા ભરેલી રહે છે. અને તેના નીચેના ભાગમાંથી આશરે સવા ઈંચ જેટલી લંબાઈની નળી ગળાના ભાગમાં જાય છે. આ નળી વાટે ગળામાંથી હવા મધ્ય કાનમાં આવે છે અને બન્ને બાજુ એ હવાનું સરખું દબાણ રાખે છે. આવી તેવા પ્રકારના નામકર્મની રચના ન હોત તો બહારના મોટા અવાજથી ઉત્પન્ન થતા હવાના જોરદાર ધક્કાથી પડદો ચિરાઈ જવાનો ભય રહે. નાક અને મુખ હાથથી બંધ કરી જો થુંક ગળવામાં આવે તો કાનમાં અવાજ થઈ ધાક પડે. કારણ કે આમ કરવાથી મધ્ય કાનમાં રહેલી હવા ઉપર આકર્ષણ થઈ કાનની હવા પણ ગળી જવાય છે જેથી ધાક પડી જાય છે તેમજ વળી નાક અને મુખ બંધ કરી ફુંકવાનો પ્રયત્ન કરીએ તો કાનમાં પાછો તેવો જ અવાજ થઈ ધાક ઉઘડી જાય છે કારણ હવા પાછી નળી દ્વારા મધ્ય કાનમાં જાય છે.

**અંદરનો કાનઃ** આંતર કર્ણની રચના વાંકી ચુંકી ગુંચવણ ભરેલી ખુબીદાર છે. તેના ત્રણ ભાગ છે આગળનો ભાગ નીસરણી આકારનો ત્રણ નળીઓનો છે અને છેવટનો ભાગ શંખાકૃતિ આકારનો છે જેને કર્ણશંખ કહેવાય તે (૧) અંદરના કાનની વચ્ચે કોથળી છે તેમાં પ્રવાહી રસ હોય છે અને ચુનાને મળતો ક્ષાર છે. મધ્ય કર્ણનું પેગડાના આકારનું હાડકું આ કોથળીની લંબગોળ બારીના પડદા ઉપર બંધ બેસતું આવેલું છે (૨) ત્રણ અર્ધગોળાકાર નળીયો કોથળીની ઉપરની બાજુએ કાટખુણે જોડાએલી છે તે પણ પ્રવાહી રસથી ભરેલી છે નાના મગજમાંથી જ્ઞાન તંતુઓ આ નળીઓથી જોડાએલા છે, તેથી તેના છેડા ફુલેલા રહે છે. આ નળીઓ સમતુલા જાળવવામાં મદદગાર થાય છે અને મગજને ભાન કરાવે છે (૩) શંખાકૃતિ આકારનું હાડકું મધ્ય કોથળીના નીચેના ભાગે જોડાએલું છે. ગોળ ગુંચળું વળેલું આ હાડકું છે, તે પણ ત્રણ નળીઓથી પ્રવાહી રસથી ભરેલું છે. તેમાં સાંભળવા માટેનું શ્રવણયંત્ર આવેલું છે. તેમાં રહેલા વાળ જેવા કોષો અવાજની લહેરોને ઝીલી જ્ઞાદીદીપક પ્રવાહમાં ફેરવી ત્યાં જોડાએલા મગજના જ્ઞાનતંતુઓ દ્વારા મગજના શ્રુતિકેન્દ્રમાં અવાજનું જ્ઞાન કરાવે છે.

હવામાં અહર્નિશ જુદા જુદા અવાજના ઝડપી અને ધીમા મોજાઓની પરંપરા ચાલતી જ હોય છે અને તે ચારેકોર ફેલાયેલા છે. આ લહેરો બાહ્ય-કાનને અવાજના ચલનને ત્રણ પ્રકારે ઉપયોગી બને છે. અવાજની લહેરો જે હવામાંથી આવે છે તેને અંદરની હવા મારફત કર્ણ પડદા તરફ વાળે છે, કાન ઉપર જે લહેરો અથડાય છે તે સીધી કર્ણનળી મારફત કર્ણપડદાને પહોંચાડે છે. કર્ણનળીની અંદર જે હવા છે તેમાં પ્રતિધ્વનિ થઈ ઉપયોગી થઈ પડે છે. જે લહેરો કાનમાં પેસે છે તેના લીધે જોરદાર અવાજ સંભળાય છે, બહારના કાન ઉપર પડીને પણ કેટલીક લહેરો પરાવર્તન થઈને અંદર જાય છે, તેથી જે બાજુથી અવાજ આવતો હોય તે તરફ કાનને ફેરવીએ છીએ. બહારના કાયમ ઠંડા રહેતા કુર્ચા ઉપર જે લહેરો પડે છે તેમાંની કેટલીક પર-ભારી કાનની ભીંત મારફત અંદર પહોંચે છે સીધી લીંટીમાં આવતી લહેરોની વધારે અસર થાય છે. બહારના કાને ઝીલેલા લહેરો કર્ણનળી દ્વારા અંદર જાય છે. ઢોલ પર અથડાય છે જેથી પડદો ધ્રુજે છે ઢોલને અડેલી હથોડી-એરણ અને પેગડા રૂપી ત્રણ હાડકાની સાંકળદ્વારા મધ્ય કાનમાંથી અંદરના કાનમાં જાય છે ત્યાં કોથળીની લંબગોળ બારી પરના પડદાને ધ્રુજાવે છે. આથી તે કોથળીમાં રહેલા પ્રવાહિ

પદાર્થમાં મોજા ઉત્પન્ન થાય છે આ અવાજના મોજા શંખાકૃતિ આકારનું શ્રવણ યંત્ર ઝીલે છે અને ત્યાં જોડાએલા જ્ઞાનતંતુઓથી મગજને અવાજનું જ્ઞાન થાય છે.

આવી રહસ્યમય રચનાવાળી કાનની ઇન્દ્રિયને બહારનું અને અંદરનું કુદરતે મજબુત રક્ષણ કરેલું છે.

યુરોપ દેશમાં લડાએલા છેલ્લા ભયંકર, હિંસક મોંઘવારીદાતા, સંસ્કૃતિછેદક યુદ્ધોએ ઘોંઘાટ, જ્ઞાનતંતુથી સહન ન થાય તેવા મોટા અવાજો ફેલાવતા યંત્રો તરફ માનવીને ખેંચી લીધો છે. અને આનું દુઃખદ પરિણામ એ આવ્યું છે કે ધંધાદારી બહેરાશ વધી રહી છે.

મોટર, ખટારા, ટેન્ક, એરોપ્લેન ચલાવનારા, મીલોમાં કામ કરનારા, હલન–ચલનનું નિયમન કરનારા ધ્વનિવર્ધક ભુંગળાઓમાંથી જોરદાર અવાજ સાંભળનારાના જ્ઞાનતંતુઓ કાયમ ઉશ્કેરાએલા રહે છે જેથી માનસિક શાંતિ પણ માણી શકતા નથી. સામાન્ય અવાજ કાનના અવયવો સારી રીતે ઝીલી શકે પણ અહર્નિશ ચાલુ રહેતા મોટા અવાજ કાન જીરવી શકે નહિં. છેલ્લી લડાઇમાં કેવળ મોટા અવાજોના આઘાતથી ઘણાના મૃત્યુ થયા છે અને આથીજ અવાજ વગરના યંત્રો, વાહનો હથિયારો, શોધવાની યોજનાના મંડાણ થઇ રહ્યા છે. નિશાળો, દવાખાનાઓ, ધાર્મિક સ્થળો, અને એકાગ્ર ચિત્તે કાર્ય કરવાના સ્થળોએ અવાજબંધી અમલમાં આવી છે.

કાનના સ્નાયુઓ, પ્રવાહીરસો, ચર્મ પટલો અને શ્રવણતંતુઓ ઉપર અતિ દબાણ થવાથી કાનના વિવિધ રોગો જન્મે છે. અને ધીમે ધીમે સાંભળવાના તંતુઓ નબળા થઇ બહેરાશ થાય છે આટલું જ નહિં પણ શરીરમાં ઉશ્કેરાટ રહેવાથી સ્વભાવ ઉશ્કેરાએલો રહેવાથી ચીડીયાપણું અને ગાંડપણ પણ થઇ આવે છે.

સાદાઇ, સદાચાર અને સદ્‌ગુણના સંસ્કારોથી ઓતપ્રોત જીવન જીવતા ભારતભૂમિમાં માનવો દિવસે શ્રમ કરી રાત્રે વહેલા સૂતા પહેલા યોગ્ય ધાર્મિક ક્રિયા કરતાં. ધર્મની કથા, પ્રભુ પ્રાર્થના, ઇષ્ટ દેવોનું સ્મરણ કરી શરીરના દિવસે લાગેલા ઉશ્કેરાટને શાંત કરી નિરાંતે ઘસઘસાટ મીઠી નિંદર લેતા. પ્રભાતે ઉઠતા પ્રફુલ્લિત મગજ, તેજસ્વી આંખો, થનગનતા જ્ઞાનતંતુઓ, ઓજસ, ઉત્સાહ, બળ, અને ધૈર્ય લઇને ઉઠતા અને પોતાની નવી કાર્યવાહિ શરુ કરતાં, પણ જ્યારથી કામોત્તેજક. મર્યાદાભંજક વિકારોત્પાદક સર્વ વ્રતોમાં શીરોમણિ બ્રહ્મચર્ય (શીલધર્મ) પ્રત્યેનું બહુમાન ઓછું કરનાર ફિલ્મો–સીનેમાઓ જોવાનો જોરદાર ધસારો વધી રહ્યો છે, કચકડાની કામણગારી સૃષ્ટિની લીલાઓ અને ઘૃણાસ્પદ જીવન ચર્યાઓ, કામલોલુપતાભરી લાલસાઓ, સૌંદર્ય અને શીલના ભોગે અર્થપ્રાપ્તિ માટેની દોડો, વિપરીત વેષભૂષાઓ, બેહુંદા રંગોઢંગો, બોલવું બજાવવું અને ગાવું આવી ભ્રમોત્પાદક ક્રિયાઓ તરફ બાળકો ને બાલિકાઓ, યુવક અને યુવતીઓ, પ્રૌઢો અને વૃદ્ધોનો અસ્ખલિત પ્રવાહ વહી રહ્યો છે. નિશાળોમાં ભણતાં બાળકો પણ પાઠ્ય પુસ્તકમાં આવતી કવિતાઓ, પ્રાર્થનાઓ પ્રત્યે દુર્લક્ષ્ય સેવી ફીલ્મી ગીતો સાંભળવામાં રચ્યા પચ્યા રહેવા લાગ્યા છે, રાત્રી સમયે જ્યારે શ્રવણેન્દ્રિય આરામ માંગે છે ત્યારે વર્તમાન કાર્યવાહિ જ્ઞાનતંતુઓને વધારે ને વધારે શ્રમ આપ્યા કરે છે.

ઉપરાંત શરદીથી ઠંડી હવા કે ઠંડો પવન લાગવાથી, ઠંડુ પાણી કાનમાં જવાથી, શીલી ઓળી ઉપદંશ આદિ ચેપી રોગોથી મેલ ભરાવાથી મગજના અને ગળાના દરદોથી, સખત તાવથી અતિઉષ્ણ દવાઓથી, દારૂના સેવનથી, કાનના અવયવોની નબળાઇથી, જોરશોરથી ભાષણો કરવાથી. અતિ ઉશ્કેરાટથી, અતિ મોટા અવાજોથી, વિરૂદ્ધ ખાનપાનથી કાનના રોગો થઇ આવે છે.

## ઉપચાર

(૧) વર્તમાન કાળમાં ધાવણા બાળકોને કાનમાંથી રસી વહેવાનો રોગ વ્યાપક બની રહ્યો છે. ધાવણા બાળકની માતાએ રાત્રે સૂતા સૂતા બાળકને ધવરાવવુ નહિં પણ બેઠા થઇ બાળકને ખોળામાં લઇ મસ્તક

ટટાર રાખી ધવરાવવું જેથી કાનનાં નાજુક અવયવો બરાબર વિકાશ પામી શકે, અને રસી બંધ કરવા માટે ગંધકના યોગવાળી દવા. મહાગંધક=ગંધક રસાયણુ કે કેવળ શુદ્ધ ગંધક ધાવણુ સાથે સવાર–સાંજ પરિમિત માત્રામાં આપવાથી રસી બંધ થાય છે.

(૨) આંબો, જાંબુ, મહુવડો અને વડ એ ચારે ઝાડનાં પત્રો લાવી વાટી ચટણી કરવી. ચાર ગણું તલનું તેલ નાંખવું. અને તેલથી ચારગણું પાણી નાંખવું. પછી ધીમા તાપે ઉકાળવું પાણી બળી જતાં તેલ બાકી રહે ઉતારી લઈ ગાળી શીશીમાં ભરી લેવું સવાર–સાંજ આ તેલના ટીપા કાનમાં નાંખવાથી રસી બંધ થાય છે અને કાનના ઘણા રોગોને મટાડે છે.

(૩) બહેરાશ માટે બીલીના ગર્ભને ગૌમુત્રમાં વાટી તેમાં થોડું પાણી અને થોડુ દૂધ નાંખી ધીમાં તાપે પકાવવું આ તેલના ટીંપા ધીરજથી બેચાર મહિના નાંખવાથી ઘણો ફાયદો થાય છે.

(૪) ઉંટના મુત્રના ટીંપા પણ બહેરાશ મટાડવામાં સારો ફાયદો આપે છે.

(૫) અતિ શ્રમથી શ્રમિત થએલા કાનના જ્ઞાન તંતુઓને શ્રમ રહિત કરી સતેજ કરવા માટે, પારદ, રસસિંદુર, અભ્રક, લોહ, શિલાજીત, ગુગળ, સુવર્ણ, તામ્ર, ઉપલસરી, રાસ્ના, ચણોઠીના મૂળ, તજ, તમાલ એલચી, સુંઠ, તીખા, ટંકણખાર, સિંધાલુણ, ભાંગરો આસોંધરો, કેળનો કંદ આદિ ઔષધોની મિલાવટ વાળી 'કર્ણ રોગહરીગુટી' સવાર સાંજ ૩થી૬ ગોળી ગોળી દૂધના અનુપાન સાથે લેવી આ ગોળી કર્ણ રોગને હટાવવામાં ઉત્તમ છે.

(૬) અઠવાડીયામાં બે વખત રાત્રે સૂતી વખતે ચોકખા તલના તેલના ટીંપા અન્ને કાનમાં પાંચપાંચ નાંખવાની ટેવ પાડી દેવી. કાનને નિરોગી રાખવા આ પ્રયોગ અદ્ભૂત કહી શકાય તેવો છે.

(૭) કર્ણરોગીએ રાત્રીના સમયે કાનને સંપૂર્ણ આરામ આપવો.

(૮) શાસ્ત્રમાં પણ ઉલ્લેખ છે કે—

ત્રિવિધ આશાતના જે કરે રે,<br>
ભણતાં કરે અંતરાય;<br>
અંધા બહેરાં બોબડા રે, મૂંગા પાંગુલા થાય રે–<br>
ભવિયણ ચિત્ત ધરો.

જ્ઞાનતંતુ સાથે સંબંધ ધરાવતા દરદો અંધાપણું બહેરાપણું, મુંગાપણું અને પાંગળાપણું. આ બધા દરદો શ્રુતજ્ઞાનની આશાતના કરનારને ઉદયમાં આવી ભોગવવા પડે છે. માટે જ્ઞાનતંતુના દરદીઓએ અતિ ભાવપૂર્વક શ્રુતજ્ઞાનની આરાધના ત્રિવિધે ત્રિવિધે કરવી, કરાવવી અને અનુમોદવી. જેથી જ્ઞાનની આરાધનાના ફળરૂપે જ્ઞાનતંતુઓના દરદોથી મુકત મનુષ્ય જીવન પામી ઉત્તમ ફળ મેળવી શકાય.

## મરતાં મરતાં ચેક આવ્યો

એક અમેરિકન અને બીજો અંગ્રેજ એમ વીમાના બે એજન્ટો પોતાની પૈસા ચુકવવાની રીત વિષે બડાઇ હાંકતા હતા.

અંગ્રેજ:–"અમારે ત્યાં વીમો ઊતરાવનાર કોઇ મધરાતે મરી જાય તો તેની પત્નીને બીજે દિવસે પહેલી ટપાલમાં પૈસા મળી જાય છે."

અમેરિકનઃ–અરે ! એ તો કાંઇ જ નથી. અમારી ઓફિસ સીત્તેર માળના એક મકાનને છઠે માળે છે. અમારો એક "પોલીસી હોલ્ડર" ઓગણપચાસમે માળે રહેતો હતો, ત્યાંથી તે પડી ગયો. અને તેને અમારી ઓફિસની બારીએથી ચેક આપ્યો અને પછી તે મરી ગયો.

# વિનાશનાં તાંડવ: [ માનસિક હિંસાના દારુણ વિપાકને દર્શાવતી ચાલુ કથા ]

પૂ. મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ

**પૂર્વ પ્રકરણનો સાર :** રાજપુરનગરમાં મારિદત્તરાજા જે સાતે વ્યસનમાં ચકચૂર છે, તેને પોતાની કુલદેવી ચંડમારિ આગળ આહુતિ આપવા માટે બત્રીસલક્ષણા મનુષ્ય યુગલને શોધવા સેવકોને આદેશ કર્યો છે. રાજાના સેવકો તે વેળા અઠ્ઠમના પારણે ગોચરી માટે નીકળેલા અભયરુચિ સાધુ અને અભયમતિ સાધ્વીજીને પકડીને રાજા પાસે લાવે છે. તે બન્ને મહાત્માઓને યજ્ઞની વેદિકા પાસે જ્યાં લાવવામાં આવે છે, ત્યાં જ અચાનક પૃથ્વીકંપ થાય છે. મકાનો ધડાધડ ઉડવા માંડે છે. વિજળીના કડાકા બોલવા લાગે છે, આ અદ્ભુત ચમત્કાર જોઇ રાજા મારિદત્ત દોડીને તે બન્ને પુણ્યવાન સાધુ–સાધ્વીના ચરણકમલનું શરણું સ્વીકારે છે. તે વેળા મહાત્માશ્રી અભયરુચિ મુનિવર તે રાજાને જીવહિંસાના પાપથી પાછો વાળવા પોતાની પૂર્વભવોની કથા કહે છે; તેઓ કહે છે કે આજથી નવમા ભવ–પહેલા વિશાલાનગરીમાં હુ સુરેંદ્રદત્ત નામનો રાજા હતો. મારી માતા યશોધરા હતી. નયનાવલી મારી પટ્ટરાણી હતી. એક વખત મારા માથા ઉપર ધોળો વાળ આવેલો જાણી હું દીક્ષા લેવા સજ્જ બનું છું, નયનાવલી કહે છે કે, 'ગુણધર કુમાર નામના આપણા પુત્રને રાજ્ય સોંપી આપણે સાથે દીક્ષા લઇએ.' હું દીક્ષાના મનોરથો કરતો શય્યામાં પડયો પડયો જાણું છું, ત્યાં રાણી મને ઉંઘતો જાણી શયનભવનમાંથી બહાર નીકલી. હું તેની પાછળ ગયો. તો રાણી કુબડા દ્વારપાલ પાસે તેની શય્યામાં સૂતી હતી. મને ગુસ્સો આવ્યો છતાં સંસારમાં વિષયોની પરવશતા અને કર્મની વિચિત્રતાનો વિચાર કરતાં મેં મારા આત્માને શાંત કર્યો. અભયરુચિ મુનિવર મારિદત્તરાજાને પોતાની પૂર્વ-ભવોની કથામાં નવમાભવની કથા કહી રહ્યા છે : **હવે આગળ વાંચો :**

❀

## પ્રકરણ ૨ જુ

## નયનાવળીએ ગળું દબાવી દીધું

### (૧)

મંત્રીઓ આવ્યાં એટલે મેં કહ્યું; 'જુઓ હવે મારા માથામાં ધોળા વાળ આવવાની શરૂઆત થઇ છે, એટલે પૂર્વ પુરુષોએ આદરેલો સંયમમાર્ગ ગ્રહણ કરવાની હું ઈચ્છા રાખું છું.'

'રાજન્! ગુણધર કુમાર હજુ નાનાં છે, તેમને શિરે આ ભાર કેમ મૂકાય! માટે કુમાર મોટા થાય ત્યાં સુધી રાજ્યનું પાલન કરવું એ આપનો ધર્મ છે.'

મેં કહ્યું; 'શું આપણી કુલસ્થિતિ તમે ભૂલી ગયા ? 'ધર્મદૂત આવે એટલે ઘરમાં ન રહેવું.' મંત્રીઓ વગેરેને મેં ખૂબ સમજાવ્યા.

રાત્રી પડતાં હું મારા શયનગૃહમાં ગયો. નયનાવલીને મેં કોઈ જાતનો વિકાર દર્શાવ્યો નહિ. અર્થાત્ કાંઈ બન્યું નથી તે રીતે તેની સાથે મેં વર્તાવ રાખ્યો. બહુ રાત્રી થતાં હું ઉંઘી ગયો. પાછલી રાત્રીએ મેં એક સ્વપ્નું જોયું. એક મોટા મહેલના સાતમે માળે સુંદર સિંહાસન ઉપર હું બેઠો છું, ત્યાં મારી માતા યશોધરા જેમતેમ બોલતી આવી અને મને ધક્કો મારી સિંહાસન ઉપરથી ગબડાવી દીધો, ગબડતો ગબડતો સાતમા માળેથી છેક નીચે હું આવ્યો,

પાછળ જોયું તો મારી માતા પણ પાછળ ગબડતી નીચે આવી. હું જેમતેમ કરી ઉભો થયો અને જાણે મેરૂપર્વત ઉપર ચડી ગયો. હું જાગ્યો મેં વિચાર્યું કે આ સ્વપ્ન શરૂઆતમાં ખરાબ છે પણ પાછળ સારૂં છે, તો શું થશે! તેની મને ખબર પડી નહિ. જે થવાનું હોય તે થાય ધર્મનું સ્મરણ કરતાં રાત્રી પુરી કરી. સવારે પ્રાભાતિક કાર્ય પતાવી હું સભા મંડપમાં ગયો ત્યાં મારી માતા આવી, મેં ઉભા થઇ મારી માતાનું સન્માન કર્યું. તેણે મારી શરીરની કુશળતા પૂછી પછી મેં માતાને સુંદર સિંહાસન ઉપર બેસાડયા. અને રાત્રે આવેલા સ્વપ્નની તથા મારી દીક્ષા લેવાની ભાવના જણાવી. મારો અભિપ્રાય જણાવ્યો.

આ સાંભળી, મારી માતા આંખમાં શ્રાવણ ભાદરવો વરસાવતા બોલ્યાં; 'પુત્ર! બીજી બધી વાત પછી, પ્રથમ આ દુઃસ્વપ્નનું નિવારણ કરવા માટે જલચર સ્થલચર જીવો કુલદેવતાને અર્પણ કર. તેથી આ ખરાબ સ્વપ્ન કાંઇ ફળ ન આપે.'

હિંસાનું નામ સાંભળતા મેં મારા બંને કાનમાં આંગળી ખોસી દીધી અને કહ્યું કે- 'માતા! વધ કરવાથી કેવું શાંતિ કર્મ? ધર્મ તો 'અહિંસા લક્ષણ' કોઇ જીવનો ઘાત ન કરવો તેવો છે. જે આત્મા બીજાને દુઃખ આપે છે તેથી પોતાને જ અધિક દુઃખ ભોગવવું પડે છે. ભૂલથી કરેલું પાપકર્મ નિષ્ફળ જતું નથી. તેનું ફળ અવશ્ય પ્રાણીને ભોગવવું પડે છે. જો શાંતિ-કર્મનું તમે કહેતા હો તો, જે મનુષ્યને સર્વાર્થ સાધનમાં-ઇચ્છિત સઘળી વસ્તુને પૂર્ણ કરવામાં સમર્થ હોય તે જ શાંતિકર્મ કહેવાય છે. પોતાને દુઃખ ન થાય, પીડા ન થાય તેની કાળજી રાખે તેમ બીજા કોઇને દુઃખ ન થાય તેમ વર્તે, જેવો પોતાનો આત્મા છે, દુઃખ નથી ગમતું તેવો જ બીજાનો આત્મા છે તેને દુઃખ નથી ગમતું.'

મારી માતાએ કહ્યું 'જેવા પરિણામ હોય તે પ્રમાણે પાપ-પુણ્ય થાય છે પુણ્યબુદ્ધિથી કરેલું પાપ દુઃખ નથી આપતું પણ સુખ આપે છે.' ધર્મશ્રુતિ કહે છે કે, 'જગતને હણીને પણ જેની બુદ્ધિ નિર્લેપ રહે છે તેને પાપ લાગતું નથી. જેમ કમળને પાણી લાગતું નથી તેમ.'

મેં કહ્યું; 'માતા! આ તમે શું બોલો છો? પુણ્યબુદ્ધિથી પાપકર્મ કરવાથી કંઇ પુણ્ય ફળ મળતું નથી, અમૃતબુદ્ધિથી ખાધેલું ઝેર એ અમૃત બનતું નથી, પણ ખાનાર મરણ જ પામે છે. જીવહિંસા કરતાં બીજું કોઇ પાપ મોટું નથી. સર્વ જીવો સુખની ઈચ્છાવાળા છે. આ પ્રમાણે છે, તો ધર્મશ્રુતિ હિંસાવાળી કેવી રીતે હોઈ શકે? અભયદાન આપવાથી જીવને દીર્ઘ આયુષ્ય, સુંદર રૂપ, નિરોગી શરીર વગેરે સઘળી સંપત્તિ પ્રાપ્ત થાય છે. માટે હે માતા હું હિંસા તો કરીશ જ નહિ.'

આવા પ્રકારનો મારો મક્કમ નિર્ધાર સાંભળી, રાજન્! મારી માતા મારા પગમાં પડી. હું વિચારમાં પડી ગયો. એક બાજુ વડીલની આજ્ઞાનો તિરસ્કાર થાય છે બીજી બાજુ વ્રતનો ભંગ ભયંકર ફળ આપે છે. દુર્ગતિમાં લઈ જાય છે. આથી મેં મારી માતાને કહ્યું; 'માતા! જો હું તમને વહાલો હોઉ તો આ હિંસા કરવાની વાત મૂકી દો, અથવા તો મારો જ વધ કરી મારા રૂધિર અને માંસથી કુલદેવતાને પૂજો. આમ કહી હું તલવાર કાઢી મારૂં મસ્તક ઉડાવા જાઉ છું ત્યાં હાં હાં કરતા બધા મને વળગી પડયાં અને મારા હાથમાંથી તલવાર લઇ લીધી. મારી માતાએ કહ્યું; 'પુત્ર! તું મરી જાય તો હું શા માટે જીવું? આથી તને માતૃહત્યા લાગશે. ભલે તું સાક્ષાત્ જીવોની હત્યા ન કરીશ. પણ એક લોટનો કૂકડો બનાવરાવી તેની હત્યા કર, જેથી આ દુઃસ્વપ્નનું નિવારણ થાય. આટલું મારું વચન તું માન્ય રાખ. આમ કહી મારી માતા પાછી મારા પગમાં પડી રોવા લાગી.

સ્નેહથી મોહિત થઇ દાક્ષિણ્યતાથી મેં મારી માતાનું વચન માન્ય રાખ્યું. લોટનો કૂકડો બનાવવામાં આવ્યો તેના ઉપર રંગ વગેરે લગાવી જાણે સાચો કૂકડો જ ન હોય તેવો બનાવ્યો. જોનારને પહેલી નજરે તો તે સાચો જીવતો જ કૂકડો લાગે ત્યાર બાદ મને સ્નાન કરાવ્યું. કૂકડાને આગળ કરી વાજતે ગાજતે દેવીના મંદિરે અમે બધા ગયાં. મેં દેવીને નમસ્કાર કર્યાં અને આગળ કૂકડાને મૂકયો. મારી માતા કુલદેવતા આગળ બોલી; 'હે કુલદેવી ! મારા પુત્રે જે અશુભ સ્વપ્ન જોયેલું છે તેના નિવારણ માટે આ કૂકડો લાવવામાં આવ્યો છે. માટે મારા પુત્રનું કુશળ કરજે.' આમ કહી મારી માતાએ મને કહ્યું; 'પુત્ર ! તલવાર કાઢ અને આ કૂકડાનો વધ કર.' મેં લોટના કુકડાનો ત્યાં વધ કર્યો. દેવીનું પૂજન કર્યું. પછી મારી માતાએ રસોઇયાને કહ્યું કે, જલ્દી માંસને પકાવો, જેથી બધા દેવતાની શેષ લઇએ. રસોઈઆએ લોટના કુકડાને પકવ્યો અને તેની શેષ બધાને વહેંચવામાં આવી મને પણ મારી માતાએ આગ્રહ કરી તે શેષ મારા મોંમાં મૂકી સાચા માંસની શેષ ખવડાવ્યાનો આનંદ પામી. શેષ મારા મોંમાં જતા મારી માતા આનંદ પામી પણ મને તે વખતે સાનુબંધ અશુભકર્મ બંધાયું તે કોણ જાણતું હતું ?

(૨)

બીજા દિવસે સવારે ગુણધરકુમારને રાજ્ય ગાદી ઉપર બેસાડીને, રાજ્યાભિષેક કર્યો. નયનાવલીએ બધા કાર્યમાં સાથ આપ્યો. પણ મનમાં તેને થયું કે રાજા કાલે દીક્ષા લેશે. અને જો હું દીક્ષા નહિ લઉં તો લોકો મારી નિંદા કરશે માટે મારી નિંદા થાય નહિ અને કુબડાની સાથે ઇચ્છિત સુખ ભોગવી શકું માટે રાજાને કોઈ ઉપાય કરી મારી નાખું. કેવી ભયંકર મનોકામના!

હું જમવા બેઠો હતો ત્યાં નયનાવલી આવી અને મારી સાથે એક થાલમાં ભોજન કરતાં તેણે ઝેરમિશ્રિત તૈયાર કરેલું એક વડું મારા થાળમાં મૂકી દીધું. મેં સરળભાવથી તે વડું ખાધું. જમ્યાબાદ હું વાસભવનમાં ગયો, ત્યાં મારા શરીરની નસો ખેંચાવા લાગી, શરીરમાં બળતરા થવા લાગી, જીભ ખેંચાવા લાગી, થોડી વારમાં તો હું સિંહાસન ઉપરથી ગબડી પડયો સેવકો એકદમ દોડી આવ્યા. 'અરે ! મહારાજાને કંઈ થઈ ગયું જલ્દી ઉપાય કરો' સેવકો મને પૂછવા લાગ્યા; શું થયું ? પણ મારી જીભ ખેંચાઈ ગયેલી હોવાથી બોલવા પ્રયત્ન કર્યો છતાં બોલી શકાયું નહિ. પરિવારે બરાબર મારું શરીર તપાસતાં ઝેરનો વિકાર થયો છે એમ લાગ્યું એટલે બૂમાબૂમ કરી મૂકી; 'જલ્દી ઝેરને ઉતારનાર વૈદ્યને બોલાવી લાવો, મહારાજને કોઈએ ઝેર ખવડાવ્યું લાગે છે.'

નયનાવલીએ આ સાંભળ્યું તેને લાગ્યું કે, વૈદ્યો આવી ઝેર ઉતારી નાંખશે. જો ઝેર ઉતરી જશે તો જરૂર રાજા મને મારી નાંખશે.' આથી નયનાવલી કૃત્રિમ શોક કરતી આવી ને 'હે નાથ હે નાથ !' કરતી મને બાઝી પડી અને મારા ગળા ઉપર આંગળા દબાવ્યા. ઝેરની વેદનાથી હું બળી રહ્યો હતો તેમાં ગળું દબાવાથી વેદનામાં વધારો થયો. રાડો પાડતો ક્રોધથી ધમધમતો, જીવવા માટે વલખા મારતો વૈરમાં રાચતો તરફડીયા ખાતો તે વેળા હું મરણ પામ્યો.

ભોળા લોકો સમજ્યા કે, 'નયનાવલીનો રાજા ઉપર કેટલો પ્રેમ છે. કોઇ ન સમજ્યું કે, 'મારો જીવ લેનાર નયનાવલી છે.' હું આ બધું સમજતો પણ કહી ન શકયો.

રાજન્ ! રાજ્યપાટ છોડી સંયમ લેવાની ભાવના, સૌ ઉપર સમભાવ રાખી ગુરુ સાથે પાદવિહાર કરી ઘરેઘરની અંતપ્રાંત ભિક્ષા લાવી જીવનનિર્વાહ કરવાની ભાવના, એક દિવસના આંતરામાં નાશ પામી ગઈ. એથી ઉલટી દિશામાં ક્રોધ, મોહ અને દ્વેષમાં સળગતો હું માનવભવ ગુમાવી બેઠો.

મારી માતાએ દુઃસ્વપ્ન દૂર કરવા કૂકડાની હિંસા કરાવી, પણ ખરી રીતે તો સંયમભાવ–માંથી સાતમા ગુણસ્થાનકે ચઢેલા એવા મને નીચે પટકયો. દુઃસ્વપ્નને તત્કાળ ફળવાળું બનાવ્યું. ને હું આ રીતે વિનાશના વમળમાં ફસાયો.

મારી માતાને ખબર પડતા દોડતી દોડતી આવી, પણ મારી પાસે આવે તે પહેલાં તે મારૂં પ્રાણ પંખેરૂં ઉડી ગયું હતું. મારૂં મુડદું જોતા મારી માતાને ખૂબ આઘાત લાગ્યો અને ત્યાં ને ત્યાં મરણ પામી.

## પ્રકરણ ૩ જું

## દુઃખની પરંપરા :

બીજા ભવમાં હું હિમાલય પર્વતની દક્ષિણ દિશામાં પુલિંદગિરિ પર્વતના એક વનમાં મયૂરીની કુક્ષીમાં ઉત્પન્ન થયો. કાલક્રમે મારો જન્મ થયો. હું નાનો હતો ત્યારે કોઈ શિકારીએ મારી માતાને મારી નાખી મને પકડયો અને નંદા–વાટક પાડામાં રહેતા કોટવાલને આપ્યો. ત્યાં હું ગરમી, ઠંડી, ભૂખ, તૃષા આદિની ખૂબ વેદના ભોગવવા લાગ્યો. ખૂબ ભૂખના લીધે હું કીડા ખાવા લાગ્યો, તે પાપકર્મથી મારૂં શરીર હું પોષવા લાગ્યો. યુવાનવયમાં આવતા તો હું ખૂબ દેખાવડો થયો સુંદર મનોહર પીંછાથી ઘણો રમણીય લાગતો હતો.

મંજુલ સ્વર અને મનેહર રૂપવાલો મને જોઈ કોટવાલે વિચાર કર્યો; 'આવો સુંદર મોર રાજાને ભેટ ધર્યો હોય તો મારી પ્રતિષ્ઠા વધે.' આથી કોટવાલે મને ઉજ્જેની નગરીમાં લઈ જઈ પૂર્વભવના મારા પુત્ર રાજા ગુણધરને ભેટ ધર્યો.

આ બાજુ પૂર્વભવની મારી માતા યશોધરા મારા મરણના શોકના આઘાતથી મરણ પામી ધાન્યપુર નગરમાં એક કુતરીના પેટમાં કુતરા તરીકે ઉત્પન્ન થયો. કૂતરો મોટો થતાં દોડવામાં પવનથી પણ અધિક વેગવાળો થયો અને દેખાવડો પણ સુંદર હતો. એક દિવસે ધાન્યપુરના સ્વામીએ તે કૂતરાને જોયો અને તેને લઈને ગુણધર–રાજાની સભામાં આવી રાજાને ભેટ ધર્યો. અમે બંને એક જ ટાઇમે રાજાની સભામાં આવ્યાં રાજાએ અમારા બન્નેની ખૂબ પ્રશંસા કરી અને હું નીલકંઠ નામના પક્ષિપાલકને સોંપાયો અને કૂતરો અકાંડમૃત્યુ નામના શ્વાનપાલકને સોંપાયો અને તે બન્નેને રાજાએ કહ્યું કે, 'આમની ખૂબ સંભાળપૂર્વક બરદાસ કરજો. બન્ને મને ખૂબ પ્રિય છે' અમને બન્નેને રાજા ખૂબ લાલન–પાલન કરવા લાગ્યો અમે સુખપૂર્વક કાલ નિર્ગમન કરવા લાગ્યા.

એકવાર હું મહેલમાં પક્ષીને બેસવા માટે રત્નથી જડેલી જગ્યાએ બેઠો હતો ત્યાં મહેલમાં સુંદર પ્રકારના મૃદંગ વગેરે વાજીંત્રનો સ્વર સાંભળતા હું નૃત્ય કરવા લાગ્યો. પછી આમ–તેમ ફરતાં મહેલના એક ઓરડામાં મેં પ્રવેશ કર્યો, તો ત્યાં એક શય્યામાં કુબડાની સાથે ભોગ ભોગવતી નયનાવલી જોવામાં આવી, તેને જોતાં હું વિચારમાં પડયો કે 'આ બન્નેને મેં કયાંય જોયા છે. ઉંડો વિચાર કરતાં મને જાતિસ્મરણ જ્ઞાન થયું. અને બન્નેને ઓળખ્યાં મારા અંગમાં ક્રોધ વ્યાપી ગયો. તેથી હું એકદમ તેની પાસે જઈ ચાંચ અને નખ મારવા લાગ્યો. એટલે નયનાવલીએ કુબડાની લોઢાની સોટી હાથમાં લઇ મને પ્રહાર કર્યો. પ્રહારની વેદનાથી હું વિહ્વલ તરફડતો દાદરમાં પટકાયો અને ગબડતો ગબડતો નીચે આવ્યો સામે રાજા ગુણધર જુગાર ખેલી રહ્યા હતા. ત્યાં દાસીઓ બુમો પાડતી આવી 'મોરને બચાવો મોરને બચાવો' રાજાએ પણ કહ્યું કે 'મોરને ઝાલી લો મોરને ઝાલી લો' તે આ બધામાંથી મને કોઇ પકડે તે પહેલાં તો કુતરાએ મને ગળામાં પકડયો અને દોડવા લાગ્યો રાજાએ મૂકી દે મૂકી દે કહેવા છતાં કૂતરાએ મને છોડયો નહિ, એટલે જુગાર રમવાની પાટી

છુટી મારી, કૂતરાને પાટી વાગતાં તરફડતો પટકાઇ પડયો અને તેના મોંમાથી હું છુટો પડી ગયો. અમારી બન્નેની મરણતોલ હાલત જોઈ રાજાને ખૂબ શોક થયો. પુરોહિત પ્રમુખ માણસોને કહેવા લાગ્યો કે, જેવી રીતે મારા પિતા ને દાદીનો કૃષ્ણાગરૂ, ચંદન વગેરેથી અગ્નિદાહ દીધો હતો તથા સદ્દગતિકારક ઘણું દાન આપ્યું હતું તેવી રીતે આ બન્નેને અગ્નિદાહ વગેરે કરજો.

રાજન્! આ સાંભળી મને થયું કે પુત્રે અમારા સંસ્કાર કર્યા. સદ્દગતિ માટે દાન આપ્યા પણ હું તો તિર્યંચ ગતિમાં કીડા વગેરે ખાતો આ સ્થિતિમાં રહેલો છું. કર્મનું પ્રાબલ્ય કેવું છે. થોડીવારમાં હું મરણ પામ્યો.

(૨)

મોરના ભવમાંથી મરણ પામી સુવેલ પર્વતની પશ્ચિમ દિશામાં દુ:પ્રવેશ નામના વનમાં એક નોળીયણના પેટમાં ગર્ભપણે હું ઉત્પન્ન થયો, ગર્ભમાં કુંભીપાક કરતાં તીવ્ર વેદના સહન કરતો પુરો કાળ થયા પહેલાં હું જન્મ્યો. મારી માતાના સ્તનમાં દૂધ સૂકાઈ ગયું તેથી સ્તનપાન વિના ભૂખેથી પીડાતા વનમાં અનેક જીવોને મારીને ખાવા લાગ્યો ક્રમે કરી મોટો થયો.

મારી માતાનો જીવ કૂતરો પણ આર્તધ્યાનમાં મરણ પામી આજ વનમાં સર્પ રૂપે થયો તે તળાવ પાસે દેડકાઓને ખાતો મોટો થયો.

ભવિતવ્યતાના યોગે એકવાર દેડકાને ખાતો તે સર્પ મારા જોવામાં આવ્યો મને ભૂખ ઘણી લાગેલી હતી તેથી પરિણામનો ખ્યાલ રહ્યો નહિ તેથી મેં તેને પૂંછડાથી પકડયો. સર્પે મને જોયો અને વાંકા વળીને મારા મોં ઉપર દંશ દીધો, પછી તો અમે ક્રોધમાં આવી ગયા અને લડવા લાગ્યા પરસ્પર એકબીજાને મારવાનો લાગ જોવા લાગ્યા ત્યાં તરક્ષ નામનું એક ભયંકર પ્રાણી આવ્યું તેણે મને પકડી લાકડાની બે ફાડની જેમ મને જીવતો ચીરી નાંખ્યો અને મારૂં રૂધિર માંસ વગેરે ખાવા લાગ્યું તીવ્ર વેદના અનુભવતો હું મરણ પામ્યો. સર્પ પણ મારા પ્રહારની વેદનાથી દુ:ખી થતો મરણ પામ્યો.

(૩)

રાજન્ ! નોળીયાના ભવમાંથી મરણ પામી વિશાલા નગરીના એક મોટા દ્રહમાં હું રોહિત મત્સ્ય થયો કાલક્રમે હું વૃદ્ધિ પામ્યો.

મારી માતાનો જીવ સર્પના ભવમાંથી મરણ પામી એજ દ્રહમાં શિશુમાર (પાડાના આકારનો મત્સ્ય) તરીકે ઉત્પન્ન થયો અને તે પણ મોટો થયો.

એકવાર શિશુમારે મને જોયો અને પુંછડાથી મને પકડયો તે વખતે અંત:પુરની દાસીઓ સ્નાન કરવા માટે ત્યાં આવેલી તેમાં ચિલાતી નામની દાસીએ દ્રહમાં કુદકો માર્યો તેથી શિશુમારે મને મૂકી દીધો અને દાસીને પકડી. હો હો થતાં માણસો ત્યાં દોડી આવ્યા, શિશુમારને પકડી દાસીને મૂકાવી અને શિશુમારને એક ઝાડ સાથે બાંધી ખુબ માર માર્યો તે પછી લાકડાને જેમ કાપે તેમ તેના શરીરના ટુકડે ટુકડા કરી તેનો જીવ લીધો તેના માંસની બધાએ ઉજાણી કરી.

કેટલોક ટાઇમ પસાર થઇ ગયો એકવાર હું માછીમારની જાળમાં સપડાયે, માછીમારોએ મને બહાર કાઢયો, મને જોઈ તેમને વિચાર આવ્યો કે આ ઘણો મોટો મત્સ્ય છે માટે રાજાને આપીએ તો આપણને સારો શિરપાવ મળશે. આથી તેઓએ લઈ જઇ મારા જ પુત્ર ગુણધર રાજા પાસે લાવ્યા. રાજાએ તેમને સારી રકમ આપી ખુશ કર્યા તે દિવસ શ્રાધ્ધનો દિવસ હતો.

પછી રાજાએ મને નયનાવલી પાસે લઈ જઇ નયનાવલીને કહ્યું કે, હે માતા આનો પુંછડાનો ભાગ પિતા અને દાદીના શ્રાધ્ધ માટે પકાવરાવો

# મનન માધુરી

શ્રી વિમર્શ

## ધર્મ મહાસત્તા

ધર્મની સાચી ઓળખાણ કરવાનો ઉપાય કેવળ ભણવું, એ નથી; એ માટે ભણવાની સાથે ભક્તિ અને ઉપાસનાની અનિવાર્ય આવશ્યકતા છે. કેવલ તર્કથી ધર્મનું સાચું જ્ઞાન કોઇને મળ્યું નથી. એ માટે મોહને ટાળવો જોઇએ. અને મોહને જીતવા માટે તીર્થંકર દેવોનો, પંચ પરમેષ્ઠિ ભગવંતોનો અનુગ્રહ પ્રાપ્ત કરવો જોઇએ તે અનુગ્રહ સત્ય ભક્તિવડે પ્રાપ્ત થાય છે. ધર્મ મહાસત્તાને કેવળ તર્કથી સમજવા પ્રયત્ન કરનાર માટે નીચેનું વાક્ય ચરિતાર્થ થાય. જેમ કે 'રોમ'ને શોધવા માટે તત્ત્વવેત્તા અરબસ્તાનના જંગલોમાં ભટકે છે. [A philosopher is roaming for Rome, in the deserts of Arabia] કારણકે વિશ્વ એટલું વિરાટ છે કે કેવલ પોતાની બુદ્ધિથી એના નિયમોનો પાર ન પામી શકાય. એને માટે ધર્મ મહાસત્તાને શરણે જવું જોઈએ.

શ્રી તીર્થંકર દેવ એ ધર્મ-મહાસત્તા સાથે એકાકાર બની ગયા છે. ધર્મ મહાસત્તાનું જે લક્ષ્ય છે, એ જ તીર્થંકર દેવનું ધ્યેય છે. એ રીતે ધર્મ મહાસત્તા સાથે તીર્થંકર દેવો એકાકાર બની ગયા છે. હમણાં પ્રધાનોની પગાર ઘટાડવાની એક દરખાસ્ત કેન્દ્ર સત્તામાં આવી હતી. પં. જવાહરલાલને પૂછવામાં આવ્યું કે, 'મુખ્ય પ્રધાનનો પગાર કેટલો ઘટાડવો ?' એમણે કહ્યું: 'મને શું પગાર મળે છે એ હું જાણતો નથી.' એટલા બધા એ સરકારની સાથે તદાકાર થઈ ગયા છે.

શ્રી જિનેશ્વર દેવ ધર્મ મહાસત્તા સાથે તન્મય થયા છે. ધર્મ મહાસત્તાએ પોતાના નિયમો, કાયદાઓ જાહેર કરવા જોઈએ પણ તે કોના દ્વારા કરે ? સત્તા તો મૂંગી છે, માટે તીર્થંકરદેવોને પોતાના પ્રતિનિધિ પદે મૂકીને એમના દ્વારા પોતાના નિયમો અને પોતાનું શાસન જગતના જીવોની જાણ માટે જાહેર કરે

---

અને ઉપરનો ભાગ આપણા માટે ઘીમાં પકાવીને તૈયાર કરાવો.

આ વચન સાંભળી મને જાતિસ્મરણ જ્ઞાન તે વેળા ઉત્પન્ન થયું.

નયનાવલીએ મારૂં પુછડું કાપી રસોડામાં મોકલાવ્યું અને બાકીના મારા શરીર ઉપર ચામડી ઉતારી પછી હિંગ, શુંઠ, મીઠું, મરી મસાલા ભભરાવી ઉકળતા માખણના કઢાયામાં નાંખ્યું. ઉંચું નીચું કરી મારા શરીરને પકાવા લાગ્યા. મને ખુબ વેદના થવા લાગી. રસોઈઓ શેકાયેલા ભાગનું માંસ કાપી કાપીને રાજા વગેરેને પીરસવા લાગ્યો. મારો જ પુત્ર મારા માંસને સ્વાદથી આનંદપૂર્વક ખાતો હતો, આ બધું હું જોતો હતો. શરીરના ટુકડે ટુકડે થવા છતાં તીવ્ર વેદના ભોગવવા છતાં મને તે વેળા ધર્મ ધ્યાનનો વિચાર આવતો ન હતો. કર્મરૂપી બેડીથી બંધાયલો મારો જીવ શરીર મૂકતો ન હતો અત્યંત વેદનામાં રીબાતો રીબાતો હું ત્યાર બાદ મરણ પામ્યો. [ અપૂર્ણ ]

છે. જેમ ધર્મ–મહાસત્તા જીવની ઉત્ક્રાંતિ માટે મથી રહી છે, તેમ શ્રી તીર્થંકરદેવોની કરુણા ભાવના પણ જગતના સમસ્ત જીવો સુધી વિસ્તરે છે. 'સવી જીવ કરૂં શાસનરસી.'

સર્વ જીવો સુખી થાઓ એટલું જ નહિ પણ સુખના સાધન પામો. સુખના ઉપાય મેળવો. આગળ વધીને બધા જીવોને શાશ્વત સુખનાં સાધનો હું મેળવી આપું. બધાને ધર્મ–મહા–સત્તાના શાસનથી પરિચિત કરૂં, એ શાસન પ્રત્યે રાગવાળા બનાવું, વિશ્વના સનાતન શાસનના આરાધક બનાવીને સુખી કરૂં. કેવલ સુખ કે સુખના સાધન જ નહિ પણ પરમસુખનાં સાધનના રસિક બનાવું. તેમાં રસ લેતા થાય એવી યોજના કરૂં. નિગોદના જીવો સુધી એમની ભાવના પહોંચે છે. એમનાં જન્મ સમયે નરકના જીવોને ક્ષણભર શાતા મળે છે. એમનો જન્મ થતાં જ આખા વિશ્વમાં એક હીલચાલ શરૂ થઈ જાય છે. એ હીલચાલ અને કંપનોની અસર નરક અને નિગોદ સુધી પહોંચી જાય છે. નારકી અને સ્થાવરના જીવોને પણ શાતા ઉપજે છે. નરકમાં અજવાળા થાય છે. કારણ કે તીર્થંકર નામકર્મ નિકાચતી વખતે સમસ્ત જીવોના કલ્યાણની એમની તીવ્ર ભાવના હોય છે. માટે એમનું આધિપત્ય અને અસર પણ ત્રણે જગતમાં પથરાઈ જાય છે.

પ્રશ્નઃ—નિગોદ પર્યન્ત તીર્થંકરદેવની અસર પહોંચે છે, એ શી રીતે માનવું?

સમાધાનઃ—નિશ્ચયનયથી નિગોદનો જીવ પણ એક અપેક્ષાએ આંશિક જૈન, જિનેશ્વર દેવનો અનુયાયી છે. આઠ રૂચક પ્રદેશને એ આવરવા દેતો નથી એ એનું જૈનત્વ છે. એ બીલ્કુલ જડ નથી બની જતો એટલો પુરુષાર્થ એનો ચાલુ જ હોય છે. પોતાનું જીવત્વ ટકાવી રાખવા માટે એ સતત પ્રયત્નશીલ છે, માટે આંશિક જૈન છે.

જેમ નિગોદનો જીવ એ અપેક્ષાએ આંશિક જૈન છે, તેમ દરેક જૈન એ અપેક્ષાએ આંશિક તીર્થંકર છે. પ્રવચન પુરુષ એ ક્ષાયોપશમિક ભાવ છે, એમ શાસ્ત્રકારો ફરમાવે છે. સમ્યગ્દૃષ્ટિ જીવ માત્રનો ક્ષયોપશમ ભાવ એ જ ભાવથી શ્રી જિન પ્રવચન છે. પ્રવચન એટલે મોક્ષનો માર્ગ. જિનેશ્વરદેવ માર્ગસ્વરૂપ પણ છે. એ અપેક્ષાએ પ્રત્યેક જૈન એ આંશિક જિનેશ્વરરૂપ છે. એક અંશમાં તીર્થંકર સમાન છે, માટે જ જૈન થનારની જવાબદારી ઘણી વધારે છે જો એ જવાબદારી વહન ન કરી તો ધર્મ મહાસત્તા તેને એ સ્થાનથી ઉતારી મૂકે છે. કર્મ સત્તા–દ્વારા નરક, નિગોદ કે તિર્યંચમાં ધકેલી દે છે. જેમ સોની સોનાને શુદ્ધ કરવા માટે તાપમાં મૂકે છે, તેમ ધર્મ–મહાસત્તા જીવને એના શુદ્ધીકરણ માટે કર્મદ્વારા નરક-નિગોદના તાપ આપે છે. એ તાપથી એનામાં શુદ્ધિ આવે છે. એ શુદ્ધિ ફરી એને ઉંચે લઇ જાય છે.

તીર્થંકરદેવ ધર્મ મહાસત્તામય હોવાથી એમને અનુકુળ વર્તનારના અને એમની ઉપા–સના કરનારના પડખે આખી ધર્મ મહાસત્તાનું પીઠબળ એને મળે છે.

પ્રશ્નઃ—તો શું ચોરી કરવા જનાર ચોર પણ એમની ઉપાસના અને એમનું નામસ્મરણ કરે, તો એના કાર્યમાં સહાય આપે?

સમાધાન—ના, ચોરને ચોરી કરવામાં સહાય ન મળે, એમની પાસેથી સારા કામમાં જ મદદ મળે. અહીં પણ શું જોવાય છે? સરકાર ચોરની સામે રક્ષણમાં મદદ આપે છે. ચોરી કરનારને સરકાર પાસેથી મદદ નહિ મળે. તેમ ધર્મ–મહાસત્તા શુદ્ધીકરણનો, જીવને ઉત્ક્રાંતિ તરફ લઇ જવાનો જ પ્રયાસ કરે છે. તેથી તેના પ્રતિનિધિ તીર્થંકરદેવો પણ શુદ્ધીકરણમાં સહાય કરે. એ મોહની સામે રક્ષણ આપનારા છે, મોહની વૃદ્ધિમાં નહિ જ. ધર્મ–મહાસત્તા અને શ્રી તીર્થંકરદેવ એટલા બધા એકાકાર થઈ ગએલા છે કે એમને કયાંય જુદા ન પાડી શકાય. માટે જ શુદ્ધીકરણનું

કાર્ય કરી રહેલ ધર્મ-મહાસત્તાના પ્રતિનિધિ શ્રી તીર્થંકરદેવ પાસેથી અશુદ્ધીકરણના કાર્યમાં સહાય ન મળે.

અન્ય દર્શનકારો આજ વાતને બીજી રીતે કહે છે. [God always does good] 'ઈશ્વર હંમેશા ભલું જ કરે છે.' કોઇ ખુદા તો કોઈ ઈશ્વર કહે છે. પણ તે ભલું જ કરે, ભૂંડુ ન જ કરે એવો તેમને નિશ્ચય છે. એ અંશમાં ધર્મ મહાસત્તાને તે લોકો પણ સમજ્યા ગણાય. ગીતાનો અનાસક્તિ યોગ એટલે પૂર્ણ સમર્પણ ભાવ. ધર્મસત્તાને બીનશરતી શરણાગતિ જીવને ઉત્ક્રાંતિ તરફ લઈ જાય છે. ધર્મ-મહાસત્તાનું ધ્યેય શુદ્ધીકરણનું છે. માટે જે કાંઈ થયું છે, થાય છે અને થશે, તે સારા માટે જ છે. જે કાંઇ થશે તે સારી ક્રિયા હશે તો જ થશે. એમ અનાસક્તપણે માનવું એ ધર્મ-મહાસત્તાની, ઇશ્વરની કે ખુદાની બીનશરતી શરણાગતિ છે. ઇશ્વરેચ્છા કહીને હિંસા ન કરી શકાય કારણ કે તે રાગ-દ્વેષ વિના થતી નથી, આપણે ત્યાં પણ અનાસકિત યોગ કહ્યો છે.

'वारिज्जइ जइवि नियाणबंधणं वीयराय ! तुह समए' હે વીતરાગ ! તારા સિદ્ધાંતમાં નિયાણાનું બંધન નિષેધ કરાએલું છે. એ રીતે પુણ્યના ફળની આકાંક્ષાનો નિષેધ કર્યો છે. શુભ કાર્ય પણ અનાસક્તપણે કરવાનું કહ્યું છે. ધર્મ-મહાસત્તાની અને ઈશ્વરની ઇચ્છા એ જ આપણી ઇચ્છા. આ રીતે બધાં દર્શનો જીવની કક્ષા અનુસાર, યોગ્યતા મુજબ ધર્મ-મહાસત્તાના નિયમોનું જીવની પાસે પાલન કરાવી એની ઉત્ક્રાંતિમાં ધર્મ-મહાસત્તાની ઈચ્છાનુસાર સહાય કરી રહ્યા છે. બધા દર્શનોનો સત્ય અંશ મળીને જૈનદર્શન બની જાય છે. તેથી એ અંશ જિનમત માન્ય થયો. અન્ય મતમાંથી એકાંત અંશ કાઢીને એની ઉપાસના કરવામાં આવે તો એ ઉપાસના એ જિનમતની જ ઉપાસના થઈ અને તે પણ ઉત્ક્રાંતિ તરફ લઇ જાય છે. સ્યાદ્વાદ દૃષ્ટિ આવી એટલે બધા નયો મળીને જિનમત બની જાય છે. એકેક નય ઉપર રચાએલ જુદાં જુદાં દર્શનોમાં સત્યનાં અંશો રહેલાં છે, પણ તે એકાંત દૃષ્ટિને કારણે દૂષિત બની જાય છે. એકાંત દૃષ્ટિ ગઈ અને સ્યાદ્વાદ શૈલી આવી, એટલે બધું ઉપયોગી થઈ જાય છે.

ધર્મ એ ક્રિયા નથી પણ અક્રિયતા છે. સંગ્રહ કરવાની ક્રિયા છોડવી એનું નામ અપરિગ્રહ વ્રત. અબ્રહ્મની ક્રિયા છોડવી એનું નામ શીલવ્રત. ખાવાની ક્રિયા છોડવી એનું નામ તપ. 'ધર્મક્રિયાથી કર્મબંધ થાય છે માટે ધર્મક્રિયા પણ છોડવી જોઇએ,' એમ કહેનાર ધર્મક્રિયાનું સાચું સ્વરૂપ જાણતો નથી. ધર્મ કૃત્ય એ ક્રિયારૂપ ભાસે છે, પણ સ્વયં ક્રિયારૂપ નથી. અધર્મની ક્રિયાથી છૂટવા માટે થતી ક્રિયાને ક્રિયા નહિ પણ અક્રિયા કહેવી જ યોગ્ય છે કેમકે એનું અંતિમ 'અક્રિય' પદનો પ્રાપ્તિમાં આવે છે. અક્રિય પદની પ્રાપ્તિ કરાવે તે ક્રિયા પણ તત્ત્વથી અક્રિયા છે.

## શરીર અને મન

બહારનું ઉત્થાન કે પતન એ આંતર ઉત્થાન કે પતનનું પ્રતિબિંબ Reaction પ્રતિક્રિયા છે. આંતરિક વૃત્તિઓ બગડે છે, ત્યારે શરીર પણ બગડે છે. તીર્થંકર પરમાત્માની માનસિક લેશ્યા અતિ શુધ્ધ છે તેથી એમનું શરીર પણ નિર્મળ પુદ્ગલોનું બને છે. લોહી અને માંસ પણ શ્વેત પુદ્ગલોથી બને છે. વિશ્વની દરેક વસ્તુ બીજી વસ્તુ સાથે સંકળાયેલી છે. એ રીતે જોતાં હઠયોગની પ્રક્રિયાઓ પણ આત્માના શુદ્ધિકરણમાં અમુક રીતે સહાયક છે. શરીરની અમુક નાડી દબાવતાં માણસ ખડખડાટ હસી પડે છે, અમુક નાડી દબાવતાં તે રડી પડે છે શરીરને અને લાગણીઓને સંબંધ છે, એ આથી સ્પષ્ટ થાય છે. પીંડ અને બ્રહ્માંડ Microcosom અને Macrocosom આ રીતે સંકળાયેલાં છે. એકમાં બીજાનું પ્રતિબિંબ છે.

# સંસાર ચાલ્યો જાય છે!

'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા

વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

**વહી ગયેલી વાર્તા ;** નિર્દોષ ઋષિદત્તાને ઘનઘોર અટવીમાં મારાઓ લઇ જાય છે, પણ તે મહાસતીના નિર્મલ શીલનો પ્રભાવ તથા શ્રી નવકારમંત્રનું સ્મરણ કેવું અદ્‌ભુત ચમત્કાર સરજી જાય છે? ને ધ્યાનસ્થ મહાસતીને તે મારાઓ મૃત માનીને ઘનઘોર અટવીમાં એકાકી મૂકીને ચાલ્યા જાય છે. ઋષિદત્તાએ અટ્ઠમનો તપ ને નવકારમંત્રનું ધ્યાન ત્રણ દિવસ સતત ચાલુ રાખ્યું છે. તેમાં એકાગ્ર એવા તે દુનિયામાત્રને ભૂલીને અટવીમાં બે રાત્રીઓ વ્યતીત કરે છે. ત્રીજા દિવસના મધ્યાહ્‌ને કોઈ શિકારી પોતાના પરિવાર સાથે તે અટવીમાં શિકારની શોધે નીકળેલ આવી પહોંચે છે, ધ્યાનસ્થ યોગિની જેવા તેજસ્વી એકાગ્રચિત્તવાળા તપસ્વી ઋષિદત્તાને તેનો પરિવાર રૂપની લાલસાથી ઘેરાયેલો ઉપાડીને લઇ જાય છે, પણ ઋષિદત્તાના હૃદયમાં તો મંત્રાધિરાજ શ્રી નવકારમંત્રનું ધ્યાન અખંડપણે ચાલુ છે. **હવે વાંચો આગળ :**

⊙

## પ્રકરણ ૨૨ મું

## ખતરનાક વિપત્તિ

પારધિરાજ અને તેના માણસો ઋષિદત્તાને ઝોળીમાં નાંખીને અટવિનો વિકટ માર્ગ કાપવા માંડચા. ઋષિદત્તાએ જરાયે વિચલિત બન્યા વગર નવકાર-મંત્રનું સ્મરણ ચાલુ જ રાખ્યું.

કોઇપણ મંત્રનું આરાધન અવશ્ય એનો પ્રભાવ પાડચા વગર રહેતું જ નથી. જો એ આરાધન પાછળ સકામ ભાવ ન હોય તો.

ઋષિદત્તા અનાસક્ત ભાવે જ મંત્રારાધન કરી રહી હતી. કેવળ દુષ્કર્મના ઉદય કાળે ચિત્ત નબળું ન બને કે ચલિત ન બને એ દૃષ્ટિએ જ નવકારનું સ્મરણ કરી રહી હતી.

અને આ રીતે નવકારના આરાધનમાં જ અટ્ઠમનું તપ પુરૂં કરવાની તેની ટેક પણ હતી.

પારધિરાજ ઘણો જ ખુશ હતો આવી સુંદર નવયૌવના નારી તેણે જીવનમાં પહેલીવાર જોઇ હતી. આવું રૂપ, આવું ગૌરવ અને આવી કોમળ કાયા તેણે કદી સ્વપ્નમાં પણ કલ્પી નહોતી. આજ એકાએક આવો લાભ મળવાથી તે મસ્ત બનીને ચાલ્યો જતો હતો. અને ચાલતાં ચાલતાં કોઇ ગીત પણ ગણગણતો હતો.

એનો રાગ સારો નહોતો, ગાવાનો કદી મહાવરો નહોતો, પણ આજ રૂપનો રંગ લાગી ગયો હતો. માનવી અતિ પ્રસન્ન હોય ત્યારે ગીતના ગેંહકારમાં ડૂબી જતો હોય છે અથવા નિરાશાના અંધકારમાં ખૂંચી ગયો હોય ત્યારે ગણગણતો હોય છે; ન સમજાય એવું આશ્વાસન મેળવવા ખાતર.

પારધિરાજ વારંવાર ધ્યાનમગ્ન બનેલી ઋષિદત્તા સામે જોયા કરતો હતો. એના મનમાં એક આશા નાચતી હતી કે આ સુંદરી આંખો ખોલે તો એની સાથે કંઇક મીઠી વાત કરાય.

પણ આ તો આંખ ખોલતી જ નહોતી. જરાયે ચંચળ બનતી નહોતી. જરાય વ્યગ્ર જણાતી નહોતી. પારધિરાજને આથી વધારે આશ્ચર્ય થતું હતું. કારણ કે તેણે આ પ્રકારની ધ્યાનમસ્ત નારી કદી જોઇ નહોતી.

પંથ લાંબો કાપવાનો હતો અને ભયંકર રાત્રિ શરૂ થાય તે પહેલાં પોતાના પલ્લિગ્રામમાં પહોંચી જવાનું હતું. આથી ઝોળી ઉપાડીને ચાલતા પારધિઓ ઝડપભેર ચાલતા હતા.

સૂર્યનારાયણ અસ્તાચલના વિરાટ પટ પાછળ છૂપાઇ જાય તે પહેલાં જ આ મંડળી એક નાની સરિતાના કાંઠે વિસામો લેવા બેઠી.

પારધિઓ ઉતાવળો પ્રવાસ કરીને ખરેખર થાકી ગયા હતા. પારધિરાજ પણ થાકી ગયો હતો. ઉત્સાહનો પણ એક માનસિક બોજ હોય છે અને ઘણીવાર એ બોજ ઉચકી શકવો કઠણ થઇ પડે છે. નિરાશા પચાવવી જેટલી સહેલી છે તેટલી આશા પચાવવી સહજ નથી.

પારધિઓએ નદી કિનારાના એક વૃક્ષ નીચે સારી જગ્યા જોઇને સંભાળપૂર્વક ઝોળી મૂકી. ઋષિદત્તા એની એ સ્થિતિમાં બેસી રહી હતી. એના નેત્રો બંધ હતા. એના ઓઠ બિડાયેલા હતા. એના કમળવદન પર ધ્યાનમસ્તીનું ગાંભીર્ય છલકી રહ્યું હતું. અઠ્ઠમતપનો આજે અંતિમ દિવસ હોવા છતાં એના વદન પર કોઇ પ્રકારનો વિષાદ જણાતો નહોતો.

પારધિરાજે પોતાના એક સાથીને કહ્યું; 'ભગવાને શું રૂપ ઘડયું છે? અલ્યા, જરા જો તો ખરો. જીવતી છે કે નહિ?'

એક પારધિએ ઋષિદત્તાની છાતી પર હાથ રાખ્યો અને થોડી પળો પછી કહ્યું; 'હા મહારાજ, વનસુંદરી જીવતાં છે.'

'ગજબનું ધ્યાન કહેવાય?' કહી પારધિરાજે નજીક આવી ઋષિદત્તાની છાતી પર હાથ મૂકયો. હૈયાના થડકારાનો તેને પણ અનુભવ થયો. તેણે પોતાના સાથીઓ સામે જોઇને કહ્યું; 'હાલો, આપણે હાથ મોં ધોઇ લઈએ. હજુ છ ગાઉનો પલ્લો પડચો છે અને સુરજદાદા હમણાં જ પેલી મેર પહોંચી જશે.'

બધા પારધિઓ નદી તટે ગયા. હાથ, પગ, મુખ વગેરે ધોઈ સહુએ વહેતા નીરમાં ખોબે ખોબે જળપાન કર્યાં.

ભાતું તો ભેગું હતું નહિ અને જે કંઇ હતું તે મધ્યાન્હ પહેલાં જ એ લોકોએ ખાઇ લીધું હતું. ત્યાર પછી તેઓને ઋષિદત્તા મળી હતી; એટલે ઘડીભર તેઓ આરામ લેવા બેઠા. સૂર્ય અસ્ત થઇ ગયો હતો. પોતાપોતાના માળામાં સલામત રીતે આવી ગયેલાં પંખીઓનો કલરવ પણ ધીમો પડી રહ્યો હતો.

પારધિરાજે કહ્યું; 'દોસ્તો, હવે આપણે ચાલવું જોઇએ.'

'હા મહારાજ..!' કહીને બધા ઉભા થયા.

ઋષિદત્તા તો એની એ સ્થિતિમાં બેઠી હતી. નહિ જળ, નહિ ખોરાક, નહિ વેદના, નહિ દૃષ્ટિ, નહિ ચિંતા. જાણે તે પોતાના હૈયામાં જ પુરાઇ ગઇ હતી.

પારધિઓએ ડોળી જેવી ઝોળી એક લાકડામાં ભરાવીને ઉઠાવી. પારધિરાજે ઋષિદત્તા સામે જોયું.. એના નાકમાં ચળકતી હીરાની સળી શુક્રના તેજસ્વી તારા સમી જણાતી હતી.

અર્ધ કોશ જતાં જતાંમાં તો આ ભયાનક અટવિ અંધકારનો જ એક દુર્ગ બની ગઇ. કોઈપણ અજાણ્યો મુસાફર આ અટવીમાં આવા સમયે આવી ચઢયો હોય તો જરૂર આથડી રવડીને મૃત્યુ જ પામે પણ આ પારધિઓ તો આ માર્ગના ભોમિયા હતા; તેઓ એવી ને એવી ચાલથી આગળ વધી રહ્યા હતા.

રાત્રિનો પ્રથમ પ્રહર પૂરો થાય તે પહેલાં તેઓએ ઘણો પંથ કાપી નાખ્યો હતો. હવે માત્ર બે અઢી કોશ જ જવાનું હતું.

પછી?

પારધિરાજનું હૈયું આ પછીની કલ્પનાથી ગજ ગજ ઉછળી રહ્યું હતું. આ સુંદરનારીને વાજતે–ગાજતે પટરાણી બનાવીશ..અને..

એકાએક તેના સાથીઓ ચમકીને ઉભા રહી ગયા સુખ અને આનંદની કલ્પનામાં વિભોર બનેલો પારધિરાજ બોલી ઉઠયો; 'કેમ?'

'મહારાજ, કંઇક ખડખડાટ થતો જણાય છે.'

'કોઇ જાનવર હશે. ચાલો.'

અને એ લોકો દસેક કદમ ચાલ્યા હશે ત્યાં તેઓના કરતા લગભગ સો જેટલા માણસોએ ધેરો– ઘાલીને કિકિયારી કરવા માંડી.

પારધિરાજનું આશાસ્વપ્ન જાણ્યે એકાએક વેર વિખેર બની ગયું. એના સાથીઓ આભા બની ઉભા રહી ગયા. એકે કહ્યું; મહારાજ, આ તો માણ- સખાઉ વનવાસીઓ લાગે છે..!'

'હા. સુંદરીને નીચે મૂકીને આપણા ધનુષ્ય સંભાળો!' પારધિરાજે આજ્ઞા કરી.

પણ ધનુષ્ય સંભાળવા જેટલો સમય રહ્યો જ નહિં. માણસખાઉ વનવાસીઓએ ચલાવેલા તીર દરેક પારધિના કાળજા વિંધી ગયા હતાં. કરુણ ચિત્કાર સાથે એક પછી એક બધા પારધિઓ ધરતી પર ઢગલો થઈને પડી ગયા.

થોડી જ પળો પહેલાં આશાના ગીત ગણગણતો પારધિરાજ પણ ઢળી પડયો હતો.

અને આટલો ગોકિરો થવા છતાં, આવો એક હત્યાકાંડ રચાઇ ગયો હોવા છતાં દેવી ઋષિદત્તા એવા ને એવા સ્વસ્થ ભાવ સાથે નવકારમંત્રનું આરાધન કરતી બેસી રહી હતી.

થોડીવાર પછી બેચાર મશાલો ઝબકી ઉઠી.

માણસખાઉ વનવાસીઓના એક બુઢ્ઢા સરદારે પારધિઓનાં દેહને ઉઠાવી લેવાની આજ્ઞા કરી અને તેની નજર ઋષિદત્તા તરફ પડતા જ તે હર્ષધ્વનિ કરતો કરતો નાચી ઉઠયો. બોલ્યો;' જખરાજ આપણા પર પ્રસન્ન થઈ ગયા છે. જખરાજને ચઢાં- વવાનો ભોગ મળી ગયો છે. સંભાળપૂર્વક આ બાઇને ઉઠાવી લ્યો..એ જખરાજની ભેટ છે. આવતીકાલે સંધ્યા પછી જખરાજના ચરણમાં એનું મસ્તક વધે- રવામાં આવશે. ભાઈઓ. ચાલો જખરાજનો જય!'

સહુએ જયનાદ બોલાવ્યો.

ધરતી પર ઢળી પડેલા પારધિઓના દેહ હજુ નિશ્ચેત નહોતા બન્યા. તરફડતા હતા. વનવાસીઓએ બધા પારધિઓને બબ્બે માણસોએ ઉઠાવી લીધા.

અને જેમ આ માણસખાઉ રાક્ષસો એકાએક આવ્યા હતા તેમ થોડી જ વારમાં અદ્રશ્ય થઇ ગયા. અટવીની ગાઢ ઝાડી પાછળ સરસરાટ કરતા બધા ચાલ્યા ગયા.

એમની ચાલ પરથી એમજ લાગતું હતું કે હિંસક પ્રાણીઓ કરતાંય આ લોકો આ અટવીના વધારે જાણકાર લાગે છે!

મધરાત થઇ ગઇ.

પણ આ માણસખાઉ વનવાસીઓની ટોળી વિસામો લીધા વગર ચાલે જતી હતી. વનવાસીઓ ન સમજાય એવું કંઇક ગાતા લલકારતા જતા હતા.

વાટમાં આવતાં હિંસક પ્રાણિઓ પણ આ ટોળાને જોઇને જાણ્યે ભટકીને એક તરફ સરકી જતાં હતાં.

વણઝાર આગળ વધી રહી હતી.

લગભગ પાછલી રાત થવા આવી ત્યારે વન– વાસીઓ ખૂબ જ આનંદમાં આવી ગયા. કારણ કે સામેની ગિરિમાળાઓ એ લોકો જોઇ શકતા હતા. એ ગિરિમાળાઓની વચ્ચે જ તેઓનું નિવાસસ્થાન હતું.

પ્રાતઃકાળ થયો.

પારધિઓનાં દેહો હવે સાવ નિશ્ચેત બની ગયા હતા. એમના પ્રાણ ચાલ્યા ગયા હતા.

પંખીઓનું પ્રભાતગાન પ્રકૃતિને મુખરિત કરી રહ્યું હતું. સવારની મધુર, શાંત અને શીતળ હવા મનને અપૂર્વ આહ્લાદ આપી રહી હતી.

ચાર મશાલધારીઓની મશાલોનો પ્રકાશ કંઇક મંદ મંદ જણાઇ રહ્યો હતો.

અને પૂર્વાકાશમાં ઉષાની સુવર્ણરંગી ઓઢણીનો પાલવ પથરાઇ ગયો હતો.

વનવાસીઓની ટોળી એક સાંકડી પગદંડી પર થઇને ગિરિમાળાઓમાં દાખલ થઇ.

ટોળી સાથે રહેલા બે વનવાસીઓએ વિચિત્ર પ્રકારનું શરણાઇ જેવું વાદ્ય વગાડવા માંડયું. એ

વાઘનો ધ્વનિ એટલો તીણો હતો કે દૂરદૂર સુધી પહોંચી શકતો હતો.

થોડે દૂર જતાં એક નાની ટેકરી આવી અને વિચિત્ર વાદ્ય વગાડનારા બંનેએ ટેકરી પર ચઢીને કાન ફાડી નાખે એવા તીણા અવાજવાળું વાદ્ય વગાડવા માંડયા.

અને થોડી જ વારમાં સામેથી એવા જ વાઘનો અવાજ આવી પહોંચ્યો.

પૂર્વાકાશમાં ભગવાન અંશુમાલિએ હસતાં હસતાં વિશ્વ સામે મમતા ભરી નજરે જોવા માંડયું.

ગિરિમાળાઓ વચ્ચે એક સુંદર મેદાન હતું. એ મેદાનમાં સો સવાસો જેટલાં નાના–મોટાં ઝુંપડાઓ શોભી રહ્યા હતાં.

અને એ ઝુંપડાની હારમાળાથી દૂર એક નાની ટેકરી પર કોઇ વિચિત્ર અને ભયંકર જણાતી મૂર્તિ દેખાતી હતી. એ મૂર્તિ આશરે ત્રીસગજ જેટલી ઉંચી હતી. એની બંને આંખો કેરી કરતાં યે મોટી અને લાલ દેખાતી હતી. આંખનો લાલરંગ ચળકી રહ્યો હતો. કારણ કે સૂર્યના કિરણો સીધાં એ મૂર્તિ પર પડતાં હતાં. કોઇ પ્રકારના લાલરંગના મૂલ્યવાન પત્થર-માંથી એ આંખો બનાવી હોય એમ અનુમાન કરી શકાતું હતું.

અને એ મૂર્તિની જીભ લગભગ એક હાથ જેટલી લાંબી બહાર નીકળેલી હતી. મૂર્તિના મસ્તક પર ભેંસનાં સીંગડાના આકારનાં વિશાળ શીંગડાં દેખાતાં હતાં.

મૂર્તિ ભયંકર, અદ્ભુત અને વિચિત્ર લાગતી હતી. એ મૂર્તિ કોઇ યક્ષની હતી. આ વનવાસીઓ તેને જખરાજ કહેતા હતા અને એ જખરાજને જ પોતાના આરાધ્ય દેવ માનતા હતા.

માણસખાઉ વનવાસીઓની પલ્લિમાં સ્ત્રીઓ, બાળકો અને વૃદ્ધોનું એક ટોળું ઢોલ, ત્રાંસા વગેરે વાદ્યો વગાડતું વગાડતું અને નાચતું કુદતું સામે આવી રહ્યું હતું.

વનવાસીઓએ પોતાના પરિવારને જોઇને આનંદ-ધ્વનિ કરવો શરૂ કર્યો અને થોડી જ વારમાં સહુ ભેગા થઇ ગયા.

સરદારે બધાને કહ્યું; 'જખરાજનો ભોગ મળ્યો છે. જખરાજ હવે પ્રસન્ન થશે. આવતી કાલે સંધ્યા વખતે ઉત્સવ ઉજવવાનો છે.'

આ સમાચાર સાંભળીને સ્ત્રીઓ બાળકો વગેરે ઠેકડા મારી મારીને નાચવા લાગ્યા અને ઝોળીમાં બેઠેલી સુંદરી સામે નીરખી નીરખીને જોવા માંડયા.

પારધિઓના નિર્જીવ દેહ ચોકની વચ્ચે આવેલા એક ઓટા પર ગોઠવવામાં આવ્યા અને ઋષિદત્તાને એક કુટિર આગળ લઇ ગયા.

એનું અઠ્ઠમનું તપ પુરૂં થઇ ગયું હતું. મંત્રા-રાધન પણ પુરૂં થઇ ગયું હતું. તેણે આંખો ઉઘાડી. જોયું તો બધું વિચિત્ર લાગતું હતું. પોતે કયાં આવી છે? પોતાને ઉઠાવી જનાર કોણ છે? વગેરે પ્રશ્નો એના મનમાં થવા માંડયા. પોતે એક ભયંકર અટવીમાં આવી હતી અને રાજના મારાઓ ચાલ્યા ગયા હતા અટવીમાં ભયંકર અંધકાર ઘેરાઈ રહ્યો હતો વગેરે તેને યાદ આવ્યું.

પણ પોતે અહીં કેવી રીતે આવી ચડી?

એક ઝુંપડી પાસે વનવાસીઓએ જાળવીને ઝોળી મૂકી. ઋષિદત્તાને થયું પોતે સાવ અકડાઇ ગઇ છે. તે મહા પ્રયત્ને ઝોળીમાંથી ઉભી થઇ અને આસપાસ ઘેરો વળીને ઉભેલી વનવાસીઓની સ્ત્રીઓ સામે જોવા માંડી. સ્ત્રીઓનો વાન શ્યામલ હતો. સ્ત્રીઓના ચહેરા પણ કંઇક બેડોળ હતા. અને પુરુષો? એ પણ કાળા પત્થર જેવા જ લાગતા હતા. ઋષિદત્તાએ એક વૃદ્ધ જણાતી સ્ત્રી સામે જોઇને કહ્યું: 'મા, આ કયું સ્થળ છે?'

પણ કોઈ એની ભાષા સમજતું નહિં તેમ વનવાસીઓની ભાષા ઋષિદત્તા સમજતી નહોતી.

એક સ્ત્રીએ આગળ આવી ઋષિદત્તાને ઝુંપડીમાં જવા માટે ઈશારો કર્યો.

ઋષિદત્તાએ આકાશ સામે નજર કરી....પચ્ચખાણ પાળવાનો સમય થઇ ગયો હતો. તેણે બે હાથનો ખોબો કરી પાણીનું સૂચન કર્યું. તરત એક સ્ત્રી પાણી લાવવા દોડતી રવાના થઇ. ઋષિદત્તા ઝુંપડીમાં દાખલ થઇ.

ઝુંપડી નાની છતાં સ્વચ્છ હતી, એક તરફ ઘાસની એક પથારી પડી હતી...માટીના બેત્રણ પાત્રો પડયાં હતાં. આ સિવાય ઝુંપડીમાં કશું નહોતું.

ઋષિદત્તા ઘાસની પથારી પર બેઠી.

અને થોડી જ વારમાં પાણી ભરેલો માટીનો એક ઘડો તથા એક લોટો લઇને વનવાસિની આવી ગઇ.

ઋષિદત્તાએ પોતાના ઉત્તરીયના છેડા વડે ગાળીને પાણીનો લોટો ભર્યો અને ઉભી થઇને ઝુંપડીના દ્વાર પાસે આવી. ત્યારપછી ત્યાં બેસીને તેણે સૂર્ય સામે નજર કરી મનમાં ત્રણ નવકાર ગણ્યા અને પચ્ચક્ખાણ પાળ્યું. પાંચસાત કોગળા કરીને તેણે મુખશુદ્ધિ કરી....ત્યારપછી મોઢું ધોઇ સૂર્યમાં બિરાજતી શાશ્વત શ્રી જિનપ્રતિમાનો માનસિક ભાવે નમસ્કાર કર્યા.

અને સરદારની આજ્ઞાથી ત્રણ માણસો માટીના પાત્રમાં કંઇક ખાદ્ય સામગ્રી લઇને આવી પહોંચ્યા એક પાત્રમાં કાચા માંસનાં ટૂકડા હતા. એક પાત્રમાં દુધ હતું. એક પાત્રમાં કદી ન જોયેલાં અજાણ્યાં ફળ હતાં.

ઋષિદત્તા આ જોઈને ધ્રુજી ઉઠી. તેણે હાથના ઇશારા વડે કશું નથી જોઇતું એમ જણાવ્યું. પણ પેલા માણસો ત્રણેય પાત્રો ઝુંપડીમાં મૂકીને ચાલ્યા ગયા.

એક સ્ત્રીએ ઋષિદત્તા સામે જોઇને ઇશારા વડે આ દ્રવ્યો ખાવાનું સૂચન કર્યું. પરંતુ જેણે કદી જીવનમાં માંસાહાર કર્યો નથી. તે ઋષિદત્તા આવા અભક્ષ્ય દ્રવ્યના સ્પર્શથી દૂષિત થયેલા દૂધનો સ્વીકાર કરવા પણ તૈયાર ન થઇ. તેને જો આવી ખબર હોત તો તેણે આ વનવાસીઓએ મૂકેલા પાણીનો પણ ઉપયોગ ન કર્યો હોત.

ઋષિદત્તાએ હાથના ઈશારા વડે બધું લઇ જવાનું સૂચવ્યું.

વનવાસિની સ્ત્રીઓએ ખાવા માટે ખૂબ રકઝક કરી પણ ઋષિદત્તા સમ્મત થઇ નહિ. અને તે પુનઃ નવકારમંત્રનું સ્મરણ કરતી કરતી ખંડની શય્યામાં આડે પડખે થઇ. તેનો દેહ એક જ રીતે બેસી રહેવાથી અકડાઈ ગયો હતો. ત્રણ ત્રણ ઉપવાસ થયા હતા. તેને ખોરાકની પણ જરૂર હતી. આરામની પણ જરૂર હતી. પરંતુ આવો અભડેલ ખોરાક લેવા કરતાં ભૂખ્યા રહેવું તેણે વધારે ઉત્તમ માન્યું.

વનવાસિની સ્ત્રીઓ પોતાની ભાષામાં કંઇક વાતો કરીને માટીના ત્રણેય પાત્રો લઈને ઝુંપડી બહાર નીકળી ગઇ.

ચાર વનવાસીઓ હાથમાં ચમકતાં ભાલાં રાખીને ઝુંપડી પાસે ઊભા રહી ગયા હતા. તેઓએ ઝૂંપડીનું દ્વાર અટકાવ્યું.

ઋષિદત્તા નવકારનું સ્મરણ કરતાં કરતાં પોતાના કયા કર્મદોષનો આ પ્રભાવ હશે તે વિચારવા માંડી. આજીવનમાં તો પોતે કોઇ ઘોર દુષ્કર્મ કર્યાં હોય તે યાદ આવતું નહોતું....જરૂર પૂર્વભવનાં જ કોઇ ઘોર દુષ્કર્મનું આ પરિણામ હશે એમ તે માનવા લાગી.

ઋષિદત્તાને પણ ખબર નહોતી કે આવતી કાલે સંધ્યા વખતે યક્ષની ભયંકર મૂર્તિ સમક્ષ તેને ઉભી કરવામાં આવશે અને તેનો શિરચ્છેદ કરીને આ વનવાસીઓ એક પ્રકારનો ઉત્સવ ઉજવશે.

દિવસનો પ્રથમ પ્રહર પૂરો થયો. બીજો પ્રહર પણ પૂરો થવા આવ્યો. વનવાસીઓનો સરદાર બે સાથીઓ સાથે પારધિઓનાં જ માંસનો રાંધેલો આહાર લઈને આવી પહોંચ્યો.

ઝૂંપડીનું દ્વાર ઉઘાડીને જોયું તો ઋષિદત્તા ઘાસની શય્યા પર પડી પડી નવકારમંત્રનું સ્મરણ કરી રહી હતી. તેની આંખો બંધ હતી.

સરદારે પોતાની ભાષામાં કહ્યું; 'દેવી, આ ભોજન જમી લ્યો.'

પણ યુવરાજ્ઞીએ કશો ઉત્તર ન આપ્યો.

સરદારે પોતાના એક સાથીને કહ્યું; અલ્યા આ બાઇ તો કશું ખાતી પીતી નથી. જો આમ કરશે તો આવતી કાલે સાંજ પહેલાં જ મરી જશે. પછી જખરાજને ભોગ કેવી રીતે ચઢાવશું?'

સાથીએ કહ્યું; 'સરદાર, આ બાઇને બેઠી કરીને એના મોઢામાં આ ખોરાક ભરવો જોઇએ. ખાધા વગર કોઇ જીવી શકતું નથી.'

'હા. એમજ કરવું પડશે.' કહી સરદારે રાંધેલા માનવ માંસમાંથી એક કોળીયો હાથમાં લીધો અને તે ઋષિદત્તા પાસે જાય તે પહેલાંજ બહાર ભારે ધુમરાણ મચવા માંડી.

સરદાર એકદમ ચમકયો. એનાં હાથમાંનો કોળીયો નીચે પડી ગયો અને તે તરત બહાર નીકળ્યો. તેના સાથીઓ પણ બહાર નીકળ્યા. અને બહારનું દૃશ્ય જોતાં જ એના હોશકોશ ઉડી ગયા.

લગભગ ત્રીસ હાથીઓનું ટોળું બેફામ બનીને ઘુમી રહ્યું હતું. અને દાળો વાટો કરી રહ્યું હતું. ઘાસની ઝુંપડીઓનો ભુકકો થઇ રહ્યો હતો. વનવાસીઓ ભયથી કંપતા ધ્રુજતા બુમો પાડી રહ્યા હતા.

અને મદોન્મત્ત હાથીઓનું ટોળું જાણે પાગલ બનીને કાળો કેર વરતાવી રહ્યું હતું. કોઇ કોઇ હાથીએ સુંઢમાં વનવાસીઓને ઉછાળી પગતળે છુંદી રહ્યા હતા. કોઇ કોઇ હાથીઓ નાના મોટાં વૃક્ષોને તીણી ગર્જના સાથે સમૂળ ઉખેડી રહ્યા હતા.

સરદાર અને તેના સાથીઓ એકદમ નાઠા... પણ જરા આગળ જતાં જ એક હાથીએ સરદારને સુંઢથી ઉછાળ્યો.

અને કારમી ચિસો સારાયે વાતાવરણને કંપાવી રહી હતી.

વનવાસીઓમાં જે મજબુત હતા તે બાણ વડે ને ભાલાં વડે હાથીઓને તગડવાનો પ્રયત્ન કરતા હતા....પણ એથી હાથીઓ વધારે ઉશ્કેરાતા અને રસ્તામાં જે આવે તેનો ખુરદો કરી નાખતા.

જીવ બચાવવા માટે જેને જેમ ફાવે તેમ નાસવા માંડયા.

નવકારનું સ્મરણ પુરૂં કરીને ઋષિદત્તા આ બધો કોલાહલ સાંભળી ઝુંપડીના દ્વાર પાસે ગઇ.

અને તરત એક હાથીએ તેને સુંઢમાં ઉપાડી.

ઋષિદત્તાએ જોયું 'ઓહ, મૃત્યુ નિશ્ચિત છે... મૃત્યુની પળો ન બગડવી જોઇએ. મન જરાયે ચંચળ ન થવું જોઇએ. તેણે વળતીજ પળે આંખો બંધ કરીને શ્રી જિનેશ્વર ભગવંતની પ્રતિમાનું ધ્યાન શરૂ કર્યું.

હાથી ઋષિદત્તાને સુંઢમાં ઉઠાવીને એક દિશાએ નાસવા માંડયો એની પાછળ બીજા હાથીઓ પાછા પણ ફરવા માંડયા.

આ ખતરનાક વિપત્તિનું પરિણામ કેવું આવશે?

(ક્રમશઃ)


**મોટર ચાલુ છે — યાત્રાર્થે પધારો — મોટર ચાલુ છે**

**શ્રી જીરાવલા પાર્શ્વનાથજી મહાન પ્રાચીન ચમત્કારિક તીર્થની યાત્રા માટે પેઢીની પ્રાઇવેટ બસ આબુરોડ જૈન ધર્મશાળાની પાછળથી દરરોજ બપોરના ૨ા વાગે ઉપડી સાંજના પાંચ વાગે જીરાવલાજી પહોંચાડે છે અને બીજે દિવસે ઉપડી બપોરે ૧ વાગે આબુ રોડ પહોંચાડે છે.**

**સ્વચ્છ હવા, હલકું પાણી, નૂતન ધર્મશાળા સારી એવી ભોજનશાળાની સગવડતા છે માટે દરેક યાત્રાળુ ભાઈ-બ્હેનોને આ પ્રાચીન તીર્થની યાત્રાનો અવશ્ય લાભ લેવા વિનંતિ છે.**

**નિવેદકઃ— મેનેજીંગ ટ્રસ્ટ કમીટી**

**શ્રી જીરાવલા પાર્શ્વનાથજી જૈન પેઢી. પો. રેવદર (આબુરોડ થઈ)**

# શ્રી સમેતશિખર મહાતીર્થની પ્રતિષ્ઠા અંગેનું મુહૂર્ત સર્વોત્તમ છે

પૂ. મુનિરાજશ્રી હંસસાગરજી ગણિવર શિષ્ય પૂ. મુનિરાજશ્રી મુનીંદ્રસાગર મ.
ઢળીયા : ( સૌરાષ્ટ્ર )

આગ્રાથી પ્રસિદ્ધ થતા 'શ્વેતામ્બર જૈન' પત્રના તા. ૧-૧૨-૬૦ના અંકમાં મુખપૃષ્ઠ ઉપરના તથા તા. ૩-૧૨-૬૦ના જૈનપત્રમાં 'સમેતશિખર મહાતીર્થ પ્રતિષ્ઠા મુહૂર્ત શીર્ષકતળે પ્રસિદ્ધ થયેલા લેખમાં ભગવાનદાસ જૈન, 'ગુજરાતી' 'જન્મભૂમિ' આદિ પ્રત્યક્ષ પંચાંગોના આધારે જે સંવત ૨૦૧૭ના માઘ વદિ ૭ બુધવારે તા. ૮-૨-૬૧ના દિવસે સમેતશિખર મહા તીર્થ ઉપર અંજનશલાકા અને પ્રતિષ્ઠાનો સમય પ્રકાશિત થયેલ છે તે બાબત વિદ્વાન જૈનાચાર્યો અને જ્યોતિષીઓ સાથે વિમર્શ કરવાથી જણાયું છે કે તે દિવસ પ્રતિષ્ઠાદિ શુભ કાર્ય માટે ક્યારે પણ શુભ ગણી શકાતો નથી.' એ મુજબ જણાવે છે; પરંતુ તે મુહૂર્ત બાબત અદ્યાપિપર્યન્ત અમોને સમાજના એકપણ જૈનાચાર્ય કે જૈન જૈનેતરમાંના એકપણ જ્યોતિષી પાસેથી રંચમાત્ર પણ વિરોધ જાણવા મળેલ નથી.

અને તેનું કારણ, 'શ્રી સમેતશિખરજી તીર્થની અંજનશલાકા અને પ્રતિષ્ઠાનું તે સંવત ૨૦૧૭ના માઘ વદિ ૭નું મુહૂર્ત કાઢી આપ્યા બાદ શ્રી સમેતશિખર જીર્ણોદ્ધાર કમીટીના સભ્યોને સાથે રાખીને સમર્થ વિદ્વાન જૈનાચાર્ય પાસે તેમજ અનેક ગામોના જ્યોતિષીઓ પાસે અમોએ તે મુહૂર્તમાંના સાધક બાધક તરીકેના ગુણદોષોનો અનેક દિવસો પર્યંત સૂક્ષ્મપણે વિમર્શ કર્યા પછી જ તે મુહુર્ત જાહેર થવા પામેલ છે, એમ સમાજના સેંકડો અગ્રગણ્યો જાણતા હોવાથી મુહુર્તનો તે દિવસ પ્રતિષ્ઠાદિ શુભ કાર્ય માટે અશુભ ગણી શકાય તેમ નથી

આમ છતાં તે મુહુર્તની જાહેરાત પછી પણ બે માસ બાદ લેખકે તે લેખમાં આગળ જતાં 'જો કે તે દિવસે ફકત લગભગ સાડાદસ વાગ્યા સુધી જ દિનશુદ્ધિ રહે છે, પણ સૂર્યોદયથી તેટલા સમયમાં લગ્નશુદ્ધિ કે લગ્નનવમાંશશુદ્ધિ મળતી આવતી નથી. જેથી આ દિવસે કોઈ શુભકાર્ય કરવામાં આવે તો અશુભ ફલદાયક થાય છે' એમ લખાણ કર્યું છે તે ઉપલકદ્રષ્ટિવાળું છે. ઉંડું આલોચન કર્યું હોત તો 'તે દિવસે સાડા દસ વાગ્યા સુધી દિનશુદ્ધિ નથી પરંતુ આખો દિવસ સિદ્ધિયોગ હોવાથી દિનશુદ્ધિ છે તેમજ સૂર્યોદય પછીથી શરૂ થતા પ્રતિષ્ઠાના ટાઇમ સુધીમાં મીનલગ્નમાં 'કન્યાનવમાંશ અને ધનનવમાંશ' એમ બન્ને નવમાંશમાં નવમાંશશુદ્ધિ મળતી આવે છે, અને તેમાં પણ' કન્યાનવમાંશે તો આઠમા અંશે ષડ્વર્ગની-'છએ વર્ગની પણ શુદ્ધિ છે' એમ લેખક પણ જાણી શકયા હોત અને તેથી તેઓ 'તે દિવસે કોઈ શુભકાર્ય કરવામાં આવે તો લાભદાયક જ થાય છે' એમ સાચું લખવામાં ભાગ્યશાળી બનત.

તે લેખમાં-લગ્નમાં ઉચ્ચ થઈને રહેલા મીનરાશિના શુક્રથી આરંભસિદ્ધિ પાંચમા વિમર્શના ૫૪-૫૫ અને ૫૬મા શ્લોકોથી ભદ્રભંજનકારક યોગનો પરિહાર સ્વીકારીને પણ આગળ વધીને લેખકે જે પાઠો રજુ કરીને 'આઠમો ચંદ્ર' અને 'ભદ્રભંજનકારકયોગ' એ બે દોષો જણાવેલ છે. તેમાંના પ્રથમ દોષનું નિવારણ પછી રાખીને આ. સિ. વિ. પાંચમાના 'शनिस्त्रिकोणकेन्द्रस्थ०' એ ૩૨મા શ્લોકથી થતા ભદ્રભંજનદોષ સંબંધમાં ખુલાસો એ છે કે, આ. સિ. વિ. પાંચમાનો

૫૮મો શ્લોક અને તેની ટીકા 'લગ્નથી નિંદ્ય-સ્થાનમાં રહેલા ક્રૂરગ્રહને જો કેન્દ્ર કે ત્રિકોણમાં રહેલાં બુધ-ગુરુ કે શુક્ર, પૂર્ણદૃષ્ટિથી જોતા હોય તો તે ક્રૂરગ્રહ દોષકારક નથી.' એ પ્રમાણે જણાવીને તે ભદ્રભંજનદોષનો સંપૂર્ણ નિષેધ કરે છે, એમ જાણવા છતાં લેખકે અહીં અદોષને દોષ લેખાવેલ છે જે શોચનીય છે.

બાકી રહેતા 'આઠમો ચંદ્રમા' હોવાના દોષ-સંબંધી વાતમાં લેખકે, તે લેખના સાતમા પેરામાં-'વળી ચંદ્રમા આઠમે સ્થાને રહેલો છે તેનો કોઈ રીતે પરિહાર થઈ શકતો નથી.' એમ લખ્યા બાદ દસમા પેરામાં-'ચંદ્રમા આઠમા સ્થાનમાં હોવાથી અધિક અનિષ્ટકારક ગણાય છે એમ જે લખેલ છે તે પણ અનુચિત છે. કારણ કે વિદ્યામાધવીયગ્રંથમાં 'આઠમા ચંદ્રનો દોષ નથી' એમ સ્પષ્ટ જણાવીને તે ઉપર 'यत् गुरुः-जन्मेशमृत्युराशीशा मिथो मित्रे यदा तदा । जन्माष्टमर्क्ष चन्द्रस्थदोषो भंगत्वमाव्रजेत् ॥ तयोरेकाधिपत्येऽपि दोषाभावः' એમ જણાવીને બૃહસ્પતિની સાક્ષી પણ રજુ કરેલ છે. આથી 'આઠમો ચંદ્રમા' હોવાનો દોષ ગણાવેલ છે તે સ્પષ્ટ ભ્રામક ઠરે છે. કુંડલીના તાત્કાલિક મૈત્રી સંબંધ વડે ગુરુ-શુક્ર એ બન્ને મિત્ર છે: એટલે કે, લગ્નેશ ગુરુ અને અષ્ટમેશ શુક્ર એ બંને પરસ્પર મિત્ર છે અને એથી આઠમા સ્થાને રહેલ ચંદ્રના દોષનો સ્પષ્ટતયા પરિહાર થાય જ છે, એટલે તે આઠમો ચંદ્ર. લેખકના કહેવા પ્રમાણે અધિક અનિષ્ટકારક તો નથી જ; પરંતુ અધિક લાભ-પ્રદ છે.

આગળ જતાં લેખકે વેધસંબંધીની 'આ અષ્ટમ સ્થાનમાં રહેલો ચંદ્રમા લગ્નમાં રહેલા શુક્રને વેધે છે જેથી શુક્ર પણ નિર્બળ બની જાય છે' એ વાત એકાંગી લખેલી છે અને 'આઠમા સ્થાને રહેલ ચંદ્રને ૧૧મે સ્થાને રહેલ ગ્રહ, વામવેધથી વેધિત કરીને શુભ બનાવે છે તેથી પણ ચંદ્ર દોષકર્તા નથી' એ વાતને છૂપાવી છે, જે વિદ્વાનને માટે ઉચિત ન ગણાય. લેખકે તે વાત છૂપાવી ન હોત તો તેમણે પણ તે લેખમાં આઠમા સ્થાનમાં ચંદ્રને બળવાન ગણાવ્યો હોત.

ઉચ્ચસ્થાનમાં રહેલો, કેન્દ્રમાં રહેલો અને ગુરુદૃષ્ટ એવા બળવત્તર શુક્રને લેખકે વેધથી હણાયેલ અને ભુવનદીપક ગ્રંથકારના મતે શત્રુ-ગૃહમાં રહેલા હોવાના કારણે નિર્બળ ગણેલ છે, અને સર્વસંમત એવા શત્રુગૃહમાં રહેલો ગુરુની પૂર્ણદૃષ્ટિવાળો અને સાધ્ય દોષવાળા મંગળને બદલે સબળ ગણેલ છે તે આશ્ચર્ય છે.

લેખને અંતે લેખકે-આ. સિ. વિ. ૨ શ્લોક ૩૯ની ટીકાના નામે પાઠ રજુ કરીને જે 'શત્રુ-ગૃહના ઘરમાં જે ગ્રહ ઉંચો હોય તે પ્રભાને આપે પણ અંદરથી સુખદાયક થતો નથી. + + એ વગેરે વાત કરેલ છે, તે વાત આરંભસિદ્ધિ-ગ્રંથકારના મતની નથી, પરંતુ ગ્રહોના 'શત્રુ, મિત્ર અને મધ્યસ્થ' એમ ત્રણ પ્રકાર માનનાર મુહૂર્તમાર્તંડ, મુહૂર્તચિંતામણિ, બૃહજ્જાતક-વિદ્યામાધવીય આદિગ્રંથકારોને જે મત માન્ય નથી એવા (મધ્યસ્થને પણ શત્રુ માનીને ગ્રહોના બેજ પ્રકાર માનનાર) 'ભુવનદીપક' ગ્રંથકારના મતની વાત છે, લેખકે તે વાત જેમ આરંભ-સિદ્ધિના નામે રજુ કરી છે તેમ એ સંબંધમાં મંતવ્ય પણ જો આરંભસિદ્ધિકારનું જ રજુ કર્યું હોત તો પ્રમાણિકપણું લેખાત. જો તેમ કર્યું હોત તો લેખકને પણ 'ભુવન દીપક'ના આધારે શત્રુના ઘરમાં ગણાવેલ શુક્રને મધ્યસ્થના ઘરમાં જણાવીને તે શુક્ર દુઃખદાયક નથી' એમ જણાવવું પડે તેમ છે.

આ સીધી વાતને દૂર રાખવા વડે લેખક કેવલ ભુવન દીપક ગ્રંથનો તે 'अरिगृहाणि' પાઠ પકડીને કુંડલીમાંના ઉચ્ચ સ્થાનને શુક્રને માટે 'અંદરથી સુખદાયક નથી' એમ કહી તો શકાય

છે, પરંતુ તે ગ્રંથની તે વાતમાં પણ તેઓ વ્યાજબી નથી કારણ કે ભુવન દીપકના હિસાબે લગ્નસ્થાનમાં રહેલો શુક્ર શત્રુના ઘરમાં હોવા છતાં પ્રતિષ્ઠાની પ્રસ્તુત કુંડલીમાંનો વર્ગોત્તમી અને સ્વગૃહી થઈને કેન્દ્રમાં રહેલો ગુરુ, 'નારદ-સંહિતા'ના दुस्स्थानस्थग्रहकृताः पापखेटसमुद्भवाः ।

ते दोषा विलयं यान्ति केन्द्रस्थाने बृहस्पतौ ॥१॥

लग्नलग्नांशसंभूतान्, बलवान् केन्द्रगो गुरुः

भस्मीकरोति तान् दोषान् इन्धनानिव पावकः ॥२॥

ઇત્યાદિ વચનોથી તેમણે શુક્રને માટે જણાવેલ દોષ હણાઇને ભસ્મસાત્ થઈ જાય છે. તદુપરાંત કુંડલીમાં ૧૧મા લાભસ્થાનસ્થિત સૂર્ય તો 'વિદ્યામાધવીય' વચન મુજબ કુંડલીમાંના જાણ્યા અજાણ્યા કોઈપણ દોષોને હણવા સમર્થ છે. અને કુંડલીમાં લાભસ્થાને રહેલો શુક્રનો મિત્ર એવો લાભાધિપતિ શનિ પણ તે શુક્રને પૂર્ણદૃષ્ટિ કરીને જોતો હોવાથી લેખકે લેખને અંતે જણાવેલી 'તે દિવસે મીન લગ્ન પણ અશુભ છે' એ વાત પૂર્વાપરના વિચાર વગરની ઠરીને ઉડી જાય છે.

સમાજના સુહૃદયી શાણા સજ્જનોને વિજ્ઞપ્તિ છે કે, 'શ્રી સમેતશિખર મહાતીર્થ પ્રતિષ્ઠા મુહુર્તની કુંડલીમાં પૂર્વોક્ત સર્વદોષોનો અભાવ હોવા ઉપરાંત વિવિધ પ્રકારના અનેક રાજયોગો પણ રહેલા હોઇને આ કુંડલી અનુસારે તે મહાતીર્થ ઉપર ભગવંતોની પ્રતિષ્ઠાનું સં. ૨૦૧૭ના માઘ વદિ ૭ તા. ૮-૨-૬૧ને બુધવારનું આપેલું મુહુર્ત સર્વોત્તમ હોવાથી તે બાબત વિરોધના આ રીતના કોઈપણ પ્રચારથી ભ્રમમાં પડશો નહિ.' વિદ્વાનોને પણ વિજ્ઞપ્તિ છે કે, અમને જણાયેલ આ ભવ્યતમ મુહુર્તમાં પણ આપને કોઈ દોષ જણાય તો તરત અમને જણાવશો. જણાવેલ દોષ, દોષ હશે તો તરત સુધારો કરાવીશું અને દોષ નહિ હોય તો તમને વિગતથી સપ્રમાણ પત્રદ્વારા જણાવશું.

★


## સારાભાઇ નવાબ પ્રકાશિત જૈન સાહિત્યના અમૂલ્ય ગ્રંથો

૧ પૂ. શ્રી હીરકલશ વિરચિત **હીરકલશ જૈન જ્યોતિષ** : મૂલ્ય : **વીશ રૂ.**

૨ અકબર બાદશાહના સમયમાં થયેલ શ્રાવક કવિ નયનસુખ વિરચિત **વૈદ્ય મનોત્સવ** નામનો વૈદક ગ્રંથ તથા શ્રી આનંદ કવિ વિરચિત **કોકસાર** : મૂલ્ય : **પાંચ રૂ.**

૩ જૈનાચાર્ય શ્રી નર્બુદાચાર્ય વિરચિત જાતીય સમસ્યા ઉકેલતો અંતે ત્યાગ તરફ દોરતો મહાન ગ્રંથ મૂલ્ય : **અગીઆર રૂ.**

૪ **જૈન સામુદ્રિકના પાંચ ગ્રંથો** ૧ શ્રી હસ્તસંજીવની, ૨ સામુદ્રિક તિલક, ૩ સામુદ્રિક શાસ્ત્ર, ૪ હસ્તકાંડ અને ૫ અર્હચ્ચુડામણિસાર પાંચે ગ્રંથો એકજ સાથે ચિત્રો તથા ગુજરાતી ભાષાંતર સાથે મૂલ્ય : **સોલ રૂ.**

**ઉપરના દરેક ગ્રંથની થોડી જ નકલો સીલીકમાં છે.**

પ્રાપ્તિસ્થાન : **સારાભાઈ મણિલાલ નવાબ** માંડવીની પોળ, છીપા માવજીની પોળ અ મ દા વા દ.

# સમાચાર સાર

**સાણંદ**-પાઠશાળા માટે અનુભવી, સંસ્કારી તથા ધાર્મિક અભ્યાસ કરાવી શકે તેવા શિક્ષિકા-બેનની જરૂર હોય તેઓએ આ સીરનામું લખવું. શાહ ચંદુલાલ મોહનલાલ- ઠે. નારંગીબેન પોષ્ટ બંગલામાં સાણંદ (અમદાવાદ).

**પુના**-જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠની છ ધાર્મિક પરીક્ષાઓ ૩૦-૩૧ જુલાઇ તથા ૧૩-૧૪ ઓગષ્ટમાં લેવાઇ હતી. ૨૮૦૦ લગભગ પરીક્ષાર્થીઓ બેઠા હતા. કુલ પરિણામ ૭૨ ટકા આવ્યું હતું. પરીક્ષામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થનારનાં શુભનામો આ મુજબ છે. પ્રબોધિની પરીક્ષામાં પ્રથમનંબરે કુ. ચંદ્રિકાબેન પ્રાણલાલ-જામનગર. પ્રાથમિકમાં કુ. ભદ્રાબેન રતિલાલ કુર્લા મુંબઇ. પ્રારંભિકમાં પૂ. સાધ્વી શ્રી આર્યગુણાશ્રીજી હારીજ, શ્રી જ્યોતિબેન ધીરજલાલ નડીઆદ, પ્રવેશમાં પૂ. મુનિરાજ શ્રી જયપ્રભવિજયજી મહારાજ રાજગઢ શ્રી વસંતિકાબેન કપુરચંદ આમોદ. પરિચયમાં પૂ. સાધ્વીશ્રી કનકપ્રભાશ્રીજી મ. તથા શ્રી ભાનુમતિ બેન પ્રાણલાલ મુંબઇ, પ્રદીપમાં શ્રી ધીરજલાલ છગનરાજજી મદ્રાસ

**પેટલાદ**-પૂ. પંન્યાસજી મહારાજશ્રી સુજ્ઞાનવિજયજી ગણિવરની નિશ્રામાં શ્રી શાંતિલાલ તારાચંદ તરફથી તેમના સુપુત્ર શ્રી કનુભાઇના લગ્ન નિમિત્તે શ્રી સિદ્ધચક્ર બૃહદ્ પૂજન મા. વ. ૧૦ ના ધામધૂમથી થયું હતું. સાંજે સંઘજમણ થયું હતું. મા. વ. ૧૧ ના સત્તર ભેદી પૂજા ભણાવાઇ હતી. પૂ. પંન્યાસજી અત્રેથી વિહાર કરી રૈયા પ્રતિષ્ઠા હોવાથી તે બાજુ પધાર્યા છે.

**લીંબડી**- મુનિરાજ શ્રી માનતુંગવિજયજી મહારાજ અત્રેથી વિહાર કરી શીયાણી તીર્થે પધાર્યા હતા. પૂજા, ભાવના પ્રભાવના વગેરે થયું હતું.

**ચાણસ્મા**-માગસર વદિ ૮-૯-૧૦ ત્રણ દિવસ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભ. ના અઠ્ઠમ તપ તથા ત્રણ દિવસના આયંબિલ પૂર્વક સાડાબાર હજાર જાપની આરાધનાનું ભવ્ય અનુષ્ઠાન પૂ. મુનિરાજશ્રી જયવિજયજી મહારાજ આદિની નિશ્રામાં થયું હતું. નાનાં બાલકો અને બાલિકાઓ પણ આરાધનામાં જોડાયાં હતાં. સાકરની પ્રભાવના થઇ હતી.

**કલકત્તા**-૯૬ કેનીંગ સ્ટ્રીટ જૈન પાઠશાળાના શિક્ષક શ્રી કનૈયાલાલ ફકીરચંદની સાથે પાઠશાળાના ૩૦ બાલક બાલિકાઓ જીયાગંજ, અજીમગંજ, કાઠગોલા અને મહિમાપુરની યાત્રા કરવા ગયેલા. દરેક જગ્યાએ સ્નાત્ર મહોત્સવ, ભાવના, પૂજા વગેરેમાં સારો લાભ લીધો હતો.

**તળાજા**-મુનિરાજ શ્રી પદ્મવિજયજી મહારાજની પ્રેરણાથી સ્વ. પૂ. આચાર્યશ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજની સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે શ્રી નવાણું પ્રકારી પૂજા, આંગી, ભાવના વગેરે થયું હતું.

**મુંબઇ**-જૈન ધાર્મિક શિક્ષણ સંઘ દ્વારા પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજશ્રીની નિશ્રામાં ધાર્મિક શિક્ષણ સન્માન સમારંભ યોજવામાં આવેલ. પાઠશાળાઓને દીવાળીની બોણીની રકમ ચેક દ્વારા શ્રી પોપટલાલ પાનાચંદભાઇ કોઠારીના શુભ હસ્તે અર્પણ કરવામાં આવેલ. પૂ. આચાર્યશ્રીએ તથા પૂ. મુનિવર્ય શ્રી યશોવિજયજી મહારાજે 'ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક શિક્ષકો પ્રત્યે આપણી મનોવૃત્તિ કેવી હોવી જોઇએ' એ પર પ્રવચન કર્યું હતું.

**અમદાવાદ**-પૂ. આચાર્યશ્રી વિજયઉમંગસૂરીશ્વરજી મહારાજ તથા પંન્યાસજી શ્રી ઉદયવિજયજી મહારાજ માગસર વદિ ૧૧ ના રોજ શ્રીપાલનગર પધારતાં શ્રી સંઘે સ્વાગત કર્યું હતું તેમજ શ્રી સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી હતી. શ્રી અશોકકુમાર એન્ડ કાં. તરફથી આવેલા મહેમાનોનું સ્વાગત

કરવામાં આવ્યું હતું. આંગી, ભાવના પ્રભાવના વગેરે થયું હતું.

**કુવાલા**–(બનાસકાંઠા) શ્રી સુરેન્દ્રસૂરિજી જૈન પાઠશાળાની બારમાસિક ધાર્મિક પરીક્ષા મહેસાણાના શિક્ષક શ્રી રતિલાલ ચીમનલાલે કા. શુ. ૪ના લીધી હતી. પરિણામ ૯૮ ટકા આવેલ. પ્રગતિ ઠીક થઇ રહેલ છે.

**છોટાઉદેપુર**–શ્રી મહાવીર જૈન યુવક મંડળે મહા વાદ ૦)) ના રોજ અત્રેથી એક માઇલ દૂર માણકા ગામે પૂ. સાધ્વીજી મ. આદિ ઠાણા ૧૫ પધારતાં ત્યાં સામુદાયિક સ્નાત્ર મહોત્સવ ઉજવ્યો હતો.

**બેંગલોર સીટી**–પૂ. આચાર્ય મ. શ્રી યતીન્દ્રસૂરીશ્વરજી મહારાજના સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાના સમાચાર અત્રે મળતાં પોષ શુદિ ૬ ના બજારમાં પાખી પળાઇ હતી અને દેવવંદની ક્રિયા થઈ હતી. અઠ્ઠાઇ મહોત્સવ ઉજવવાનું નક્કી થતાં રોજ આંગી, પૂજા, ભાવના, પ્રભાવના વગેરે રાખવામાં આવેલ. પો. શુ. ૧૫ ના ગરીબોને ભોજન અને ગાયોને ઘાસ નાંખવામાં આવ્યું હતું. શ્રી ભુરમલજી ભજુતમલજી તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું હતું. તા. ૨૫–૧૨–૬૦ ના રોજ શ્રી રીખવચંદજી પ્રાગ્વાટ મદ્રાસવાલાની અધ્યક્ષતામાં એક સભા યોજવામાં આવી હતી અને સ્વ. આચાર્યશ્રીના જીવન પર અનેક વકતાઓએ પ્રવચનો કર્યાં હતાં.

**ખંભાત**–શ્રી વિશા ઓશવાલ જૈન ઉપાશ્રયથી મુનિરાજ શ્રી સુરેન્દ્રસાગરજી મહારાજ આદિનો કા. વ. ૭ ના અમદાવાદ તરફ વિહાર થતાં ઘણાં ભાઇ–બ્હેનો રાળજ સુધી વળાવા આવ્યાં હતાં. ત્યાંથી સાયમા થઇ પાતર પધારેલ ત્યાં ઓશવાલ સંઘ પધારતાં ખંભાત નિવાસી શ્રી શાંતિલાલ જેઠાભાઇએ જમણ આપેલ. ત્યાંથી ખેડા થઇ મહારાજશ્રી મા. વ. ૫ના અમદાવાદ–આંબલીપોળ જૈન ઉપાશ્રયે પધારેલ છે.

**પ્રભાસપાટણ**–પૂ. પંન્યાસજી મહારાજશ્રી મનહરવિજયજી ગણિવરે જુનાગઢ ખાતે એક મહિનાના ઉપવાસ કરેલ તેમાં શરૂઆતના આઠ ઉપવાસ ચૌવિહારા કર્યાં હતા. આસો વદિ ૧૧થી ૯૩મી ઓળી શરૂ કરેલ ત્યાંથી વિહાર કરી અત્રે પધાર્યા હતા. અહીં પોષ શુદિ ૧ના ૯૩મી ઓળીનો ઉપવાસ કરી પો. શુદ ૨ના ૯૪મી ઓળી શરૂ કરેલ. શ્રી સંઘ તરફથી બાર વ્રતની પૂજા ભણાવવામાં આવેલ. અત્રેથી વિહાર કરી ઉના–અજાહરા થઇ સાવરકુંડલા પધારશે.

**કાળધર્મ પામ્યા**–પૂ. પાદ આ. મ. શ્રી વિજય યતીન્દ્રસૂરિજી મહારાજ ૭૮ વર્ષની વયે શ્રી મોહન ખેડા તીર્થ ખાતે પોષ શુદિ ૩ના રોજ સવારે ૪–૧૦ વાગે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા. આ સમાચાર ગામોગામ તાર–ટેલીફોનથી પહોંચી જતાં મોટર સાયકલ રીક્ષાઓ વગેરે સાધનોથી હજારોની સંખ્યામાં જૈન જનતા આવી પહોંચી હતી. આચાર્યશ્રીનો જન્મ ૧૯૪૦ કાર્તિક શુદિ ૨ના રોજ ધવલપુરનગરમાં થયેલ અને સં. ૧૯૫૪માં શ્રીમદ્દ રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે ખાચરોદમાં ભાગવતી દીક્ષા પર્યાયમાં અભિધાન રાજેન્દ્ર કોશ જેવા સેંકડો ગ્રંથોનું સંપાદન કર્યું. તેઓશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે ઘણી જગ્યાએ અઠ્ઠાઈ મહોત્સવ સભાઓ વગરે થઇ હતી.

**પાલીતાણા**–સ્વ. પૂ. આચાર્યશ્રી વિજયભક્તિસૂરીશ્વરજી મહારાજશ્રીની સ્વર્ગારોહણ તિથિ પો. શુ. ૩ના મોતીસુખીયાની ધર્મશાળામાં ઉજવવામાં આવી હતી. તે દિવસે પૂજા–ભાવના–આંગી અને પ્રભાવના વગેરે થયું હતું. મુનિરાજશ્રી પદ્મવિજયજી મહારાજની પ્રેરણાથી સ્વર્ગારોહણ તિથિ સારી રીતે ઉજવવામાં આવી હતી.

**વણી**–પર્યુષણ પર્વની આરાધના માટે શ્રી રીખવચંદભાઇને અમલનેરથી બોલાવવામાં આવેલ. આઠે દિવસ પૌષધ વગેરે સારા પ્રમાણમાં થયું હતું. કેશર અખંડદીપક, પાઠશાળા અને દેવદ્રવ્યમાં સાડાત્રણ

હજારની ઉપજ થઇ હતી. પાઠશાળાને ૪-૫ વર્ષનું દેવું હતું તે ટીપ કરાવી પુરું કર્યું. શ્રી મહેસાણા પાઠશાળા તરફથી ભાઇ અમૃતલાલ આવતાં શ્રીસંઘે રૂા ૧૦૧) પાઠશાળામાં આપ્યાં હતા.

**હોવરા**-(અહમદનગર) અત્રે નવું જિનમંદિર થયું હોવાથી ભગવાનનો પ્રવેશ કા. વ. ૧૧ હોઇ અમલનેરથી શ્રી નેમીચંદ કોઠારી, શ્રી રીખવચંદભાઇ, નગરવાળા શ્રી મોતીલાલભાઇ, સોનઇ જૈન પાઠશાળાનાં બાલક-બાલિકાઓને લઈને ત્યાંના આગેવાનો તથા શિક્ષિકા શ્રી રુક્મિણીબેન વગેરે આવેલ. પૂજા-આંગી-ભાવના, જમણ, વગેરે થયું હતું.

**વાંબોરી**-(અહમદનગર) અત્રે સેંકડો વર્ષનું જુનું પત્થર બંધિ જિનાલય હતું તેના જીર્ણોદ્ધારની જરૂર હતી. શ્રી રીખવચંદભાઇની પ્રેરણાથી આજે જીર્ણોદ્ધારનું કામ ચાલુ છે.

**જરૂર છે**-૨-૩ ધાતુના પ્રતિમાજીની ભાવથી પૂજા કરે અને ગામના ૧૫-૨૦ છોકરાંઓને ધાર્મિક શિક્ષણ આપી શકે તેવા જૈનભાઇની ઇટારસીગામ માટે જરૂર છે. પત્રવ્યવહાર શ્રી રીખવચંદ હાથીચંદ અમલનેર (જી. પૂ. ખાનદેશ) એ સીરનામે કરવો.

**ખંભાત**-શ્રી તપગચ્છ અમર સાંકળીબાઈ જૈન પાઠશાળાની વાર્ષિક પરીક્ષા પૂ. આચાર્ય શ્રી વિજય જમ્બુસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિવરોએ ભાદરવા વદિ ૧૩ના લીધી હતી. તેનો મેળાવડો કાર્તિક શુદિ ૧૩ના રોજ પૂ. આચાર્ય દેવશ્રીની સાનિધ્યમાં કરવામાં આવ્યો હતો. જે વખતે વિદ્યાર્થીઓને લગભગ રૂા ૨૫૦)નાં ઇનામો શેઠશ્રી રમણલાલ દલસુખભાઇ શ્રોફ તરફથી શેઠશ્રી મુળચંદભાઇ ડી. દલાલના હસ્તે વહેંચાયાં હતાં. પૂ. આચાર્યશ્રીએ સમ્યગ્જ્ઞાન ઉપર પ્રવચન આપ્યું હતું.

**સિધ્ધપુર**-અત્રે તા. ૪-૧૨-૬૦ના રોજ શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇના હસ્તે નવા બંધાએલા આલીશાન ઉપાશ્રયનું ઉદ્ઘાટન થયું હતું, અને પૂ. પં. ચરણવિજયજી મહારાજના તથા શેઠ કસ્તુરભાઇ લાલભાઇના તૈલચિત્રનો અનાવરણ વિધિ શેઠશ્રી રમેશભાઇ બકુભાઈએ કરેલ. સંઘના મંત્રી શ્રી સકરાલાલભાઇએ ઉપાશ્રયમાં મળેલી મદદ અને થયેલા ખર્ચની વિગતો રજુ કરી હતી. મદદની હજુ જરૂર છે એમ જણાવતાં શેઠ દોલતરામ વેણીચંદે પ્રથમ બે હજાર આપ્યા હતા તે ઉપરાંત બીજા સાત હજાર એક રૂા. આપવાની જાહેરાત કરી હતી. તે ઉપરાંત બીજી રકમો પણ નોંધાઇ હતી. સમારંભનું કાર્ય પત્યા પછી શેઠ દોલતરામ વેણીચંદ તરફથી શ્રીફળ તથા પેંડાની પ્રભાવના થઇ હતી.

**પ્રતિષ્ઠા મહોત્સવ**-ભીવંડી (જી. થાણા) ખાતે પૂ. આચાર્યશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. પંન્યાસજી શ્રી કીર્તિવિજયજી મહારાજ આદિની નિશ્રામાં માગસર વદિ ૭ શનિવારે અત્રેના જૈન-મંદિરમાં પ્રભુજીને ગાદીનશીન કરવાનો ભવ્ય મહોત્સવ ભારે ધામધૂમથી ઉજવાયો. હાલતી ચાલતી આકર્ષક સાત ભવ્ય રચનાઓ રચવામાં આવી હતી, જેને જોવા માટે હજારો સ્ત્રી-પુરુષો જૈન-જૈનેતરોની ભીડ જામતી હતી, નવે દિવસ રોજ પૂજા-આંગી-ભાવના-પ્રભાવના અને નવકારશીના જમણવાર થયા હતા. પૂજા-ભાવના માટે શ્રી મલાડ પાર્શ્વદીપક મંડળ, ભાંડુપનું સાધના મંડળ, સંગીતકાર દેવેન્દ્ર, સંગીતકાર નટવરલાલ સંગીતકાર શાંતિલાલ શાહ વગેરે ખ્યાતનામ ગવૈયાએ આવવાથી ભારે રંગ જામતો હતો. બે ભવ્ય વરઘોડા કાઢવામાં આવ્યા હતા. લાખ સવા લાખની ઉપજ થઇ હતી. રૂા ૨૨૦૦) પ્રતિષ્ઠા ઉપર થાળી વગાડવાની બોલીના હતા. પ્રતિષ્ઠાના શુભ દિને કતલખાના બંધ રહ્યાં હતાં. સેંકડો ભિક્ષુકોને ભોજન અપાયું હતું. વિધિ માટે છાણીના શ્રી ચીનુભાઇ, શ્રી મોહનભાઇ વગેરે આવ્યા હતા. વદિ ૮ ના શ્રી શાંતિસ્નાત્ર ભણાવાયું હતું અને વદિ ૧૧ ના અષ્ટોત્તરી તેમજ નવકારશી થઇ હતી. મુંબઇના શેઠ કાંતિલાલ મગનલાલ ઝવેરી તરફથી ઘેર-ઘેર મીઠાઇનાં પડિકાં અને શ્રીફળની પ્રભાવના થઇ હતી. મુનિરાજશ્રી વિનયવિજયજી મહારાજે ૬૦ મી ઓળી ઉપર પાંચ ઉપ-

પાસનાં પચ્ચકખાણુ કર્યાં હતાં. એકંદરે પ્રતિષ્ઠા મહોત્સવ ભારે ઉત્સાહના વાતાવરણુ વચ્ચે ઉજવાયો હતો.

**હારીજ**–પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ આદિ અત્રે પધારતાં શ્રી સિદ્ધચક્ર મહાપૂજન અને મૂળનાયક શ્રી ભ. નેમનાથને અઢાર અભિષેક અને શ્રી અરિહંતપદનો એકાવન લાખનો ક્ષીરનાં એકસણાં સાથેનો જાપ, વગેરે ધાર્મિક અનુષ્ઠાનો સારી રીતે થયાં હતાં. નાના-મોટા સહુ કોઇએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

**મુંબઇ**–શ્રી મોહન ખેડા તીર્થ-રાજગઢ ખાતે પૂ. આ. શ્રી વિજયતીન્દ્રસૂરીશ્વરજી મહારાજ તા. ૨૧-૧૨-૬૦ ના રોજ કાળધર્મ પામ્યાના સમાચાર મળતાં જ થરાદ અને મારવાડના મુંબઇમાં વસતા ભાઇઓની એક સભા શેઠ પ્રેમચંદ ગોમાજીની પેઢીમાં થરાદ નિવાસી શ્રી ચંદુલાલ દલસુખભાઇ પરીખના પ્રમુખસ્થાને મળી હતી. પૂ. આચાર્યશ્રીના કાળધર્મ નિમિત્તે શ્રી પાયધુની શ્રી આદીશ્વર જૈન દહેરાસરમાં અઠ્ઠાઇ મહોત્સવ, શાંતિસ્નાત્ર ભારે ધામધૂમથી ઉજવાયેલ છે. મહોત્સવ નિમિત્તે ત્રણુ હજાર રૂ. થયા હતા.

**કાળધર્મ પામ્યા**–પાલીતાણા ખાતે તા. ૨૭-૧૨-૬૦ ના ૧૨-૪૦ વાગે ખરતરગચ્છીય આચાર્ય મ. આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ કંકુબાઇની ધર્મશાળામાં કાળધર્મ પામ્યા હતા. તેમની સ્મશાન યાત્રા તા. ૨૮-૧૨-૬૦ ના નીકળતાં અન્ય ગામોથી પધારેલા ભાઇઓ પણુ જોડાયાં હતા. અગ્નિસંસ્કાર સમયે સારા પ્રમાણુમાં સંખ્યા એકઠી થઇ હતી. ગામોગામ તાર ટેલીફોન, રેડીયો તથા પી. ટી. આઇથી સમાચારો પહોંચાડવામાં આવેલ.

**બોડેલી**–પૂ. આચાર્યશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિવરો, પરમાર ક્ષત્રિયો વસે છે તેવા આજુબાજુના ગામડાઓમાં પધાર્યા હતા અને દરેક જગ્યાએ સારી રીતે સામૈયું થયું હતું. પૂજા, ભાવના આંગી વગેરે ધામધૂમથી થયું હતું. પૂ. આચાર્યદેવે દહેરાસર અને પાઠશાળાઓ વધુ ખૂલે અને સારી રીતે ચાલે તે માટે ઉપદેશ આપ્યો હતો. જૈનો બનાવવાની કાર્યવાહીથી પૂ. મહારાજશ્રીને સંતોષ થયો હતો.

**પાલીતાણા**–પૂ. સ્વ. સાધ્વીજીશ્રી દયાશ્રીજીની પ્રથમ સ્વર્ગારોહણુતિથિ માગશર વદિ ૨ની હતી. તે નિમિતે આરિસાભુવનના જિનાલયમાં પૂ. સાધ્વીજીશ્રી દર્શનશ્રીજીની શુભપ્રેરણાથી અમદાવાદ નિવાસી શા વીરચંદ લખમીચંદ તથા શા ચંદુલાલ ભોગીલાલ તરફથી પૂજા ઠાઠમાઠથી ભણાવાયેલ. પ્રભુજીને લાખેણી આંગી રચાયેલ તેમજ રાતે ભાવના થયેલ.

**સિદ્ધક્ષેત્રની પુણ્ય ભુમિપર**–ભાવનગર ખાતે તાજેતરમાં ભરાયેલ કોંગ્રેસ અધિવેશનને અંગે આવેલા હજારોની સંખ્યામાં જૈન-જૈનેતરભાઇઓ તીર્થાધિરાજશ્રી શત્રુંજય ગિરિરાજની યાત્રાયે આવતા પાલીતાણા શહેરમાં અને ગિરિરાજની યાત્રાયે જવાના રસ્તાપર હજારોની સંખ્યામાં માણસોની ઠઠ જામતી હતી. તલાટીપર જાણે મોટા દિવસોની યાદ તાજી થતી હતી. ગુજરાત-સૌરાષ્ટ્રના હજારો જૈનેતરોએ તીર્થાધિરાજની સ્પર્શના કરી હતી.

**પાવાપુરી**–નૂતન સમોવસરણ મંદિરમાં દેવાધિદેવ શ્રી ચૌમુખ મહાવીરસ્વામીની પ્રતિમાની પ્રાણુ પ્રતિષ્ઠાનું આ ચોથું વર્ષ છે. એની ચોથી વર્ષગાંઠનો શુભદિન પોષ વદિ ૬ને રવિવારનો હોઇ પૂજા-આંગી, ભાવના સ્વામી વાત્સલ્ય થયું હતું.

**વઢવાણુ શહેર**–પ. પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના પટ્ટશિષ્ય વ્યાખ્યાન વાચસ્પતિ પ. પૂ. આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા પ. પૂ. આ. દેવશ્રી મનોહરસૂરીશ્વરજી મહારાજ સાહેબ વગેરે આદી ઠાણા ૩૨ સાથે ખૂબ ધામધૂમપૂર્વક પોષ વદ ૬ના રોજ પધારેલ.

પૂજ્ય રામચંદ્રસૂરીશ્વરજી મ. સાહેબનાં વ્યાખ્યાનોનો શ્રોતાજનોએ ખૂબ જ લાભ બંને વખત લીધો. અહીંથી તેઓશ્રીએ વદ ૧૦ના રોજ લીંબડી જવા વિહાર કરેલ છે. ત્યાંથી ચૂડા થઇને રાણુપુર મહા શુદ ૫ના રોજ પધારશે.